અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ જુલાઈ ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ વદ ૬ | અંક : ૧૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## શુભાંશુ શુક્લા ૧૮ દિવસ બાદ સફળતાપૂર્વક પૃથ્વી પર પાછા ફર્યા

### નાસા અને સ્પેસએક્સના આ સંયુક્ત મિશનમાં ચાર દેશોના અવકાશયાત્રીઓ સામેલ હતા, શુભાંશુ લગભગ ૨૩ કલાકની મુસાફરી પછી પૃથ્વી પર પહોંચ્યા

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૫ ।

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા Axiom-4 મિશન હેઠળ અવકાશમાં ૧૮ દિવસ વિતાવ્યા બાદ ચાર અન્ય અવકાશયાત્રીઓ સાથે પૃથ્વી પર પાછો ફર્યા છે. નાસા અને સ્પેસએક્સના આ સંયુક્ત મિશનમાં ચાર દેશોના અવકાશયાત્રીઓ સામેલ હતા. શુભાંશુ લગભગ ૨૩ કલાકની મુસાફરી પછી આજે પૃથ્વી પર પહોંચ્યા છે. ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા પોતાનું મિશન પૂર્ણ કર્યા બાદ આજે ચાર અવકાશયાત્રીઓ સાથે પૃથ્વી પર પાછા ફર્યા છે. શુભાંશુએ આ મિશન દરમિયાન લગભગ ૧૮ દિવસ અવકાશમાં વિતાવ્યા છે. આ સમય દરમિયાન તેમણે ઘણા પ્રયોગો પણ કર્યા છે. લગભગ ૨૩ કલાકની મુસાફરી બાદ, તેમનું ડ્રેગન અવકાશયાન કેલિફોર્નિયાના કિનારે સ્પ્લેશડાઉન થયું છે.શુભાંશુ શુક્લા તેમના ચાર અવકાશયાત્રીઓ સાથે ૨૫ જૂને ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી ફાલ્કન ૯ રોકેટ પર ISS માટે રવાના થયા હતા. પૃથ્વી પરથી ૨૮ કલાકની મુસાફરી પછી તેઓ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પહોંચ્યા. તેમણે અહીં ૧૮ દિવસ વિતાવ્યા.આ નાસા અને સ્પેસએક્સની સંયુક્ત મિશન છે.



આ અવકાશ મિશનમાં ૪ દેશોના ૪ અવકાશયાત્રીઓ શામેલ છે. આ દેશો ભારત, અમેરિકા, પોલેન્ડ, હંગેરી છે જેમના અવકાશયાત્રીઓ મિશનમાં સામેલ છે.શુભાંશુ શુક્લા સાથે ચારેય અવકાશયાત્રીઓ ૧૪ જુલાઈના રોજ સાંજે ૪:૪૫ વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકથી પૃથ્વી માટે રવાના થયા હતા. આ બધા અવકાશયાત્રીઓ ૧૫ જુલાઈના રોજ પૃથ્વી પર પહોંચ્યા હતા. આજે, એટલે કે ૧૫ જુલાઈના રોજ, બપોરે ૩ વાગ્યે કેલિફોર્નિયાના દરિયાકાંઠે સ્પ્લેશડાઉન થયું હતું. આ પછી, બધા અવકાશયાત્રીઓને સમુદ્રમાંથી બહાર કાઢવામાં આવશે.આ મિશનને સફળ બનાવવા માટે ૬૦ થી વધુ વૈજ્ઞાનિક અભ્યાસ અને ૨૦ થી વધુ આઉટરીચ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. શુભાંશુનું આ મિશન ખૂબ જ ખાસ છે કારણ કે તે ૧૯૮૪ પછી અવકાશમાં જનાર ભારતના બીજા અવકાશયાત્રી છે. ૪૧ વર્ષ પહેલાં, રાકેશ શર્માએ ૧૯૮૪ માં સોવિયેત યુનિયનના અવકાશયાનથી અવકાશમાં મુસાફરી કરી હતી. શુભાંશુના આ મિશન પછી, ભારત ભવિષ્યમાં એક વાણિજ્યિક અવકાશ મથક સ્થાપિત કરી શકે છે. આ સાથે, અવકાશમાં નવી તકનીકોનું પરીક્ષણ અને વિકાસ પણ કરી શકાય છે. આ મિશન ૨૦૨૭ માં માનવ અવકાશયાન લોન્ચ કરવામાં મદદ કરશે. શુભાંશુ ભારતીય વાયુસેનામાં સ્ક્વોડ્રન કમાન્ડર છે. તેમને ૨૦૦૦ કલાકથી વધુ ઉડાનનો અનુભવ છે. શુભાંશુએ તેમની અવકાશ યાત્રા દરમિયાન ૬૦ થી વધુ પ્રયોગોમાં ભાગ લીધો છે, જેમાં ભારતના ૭ પ્રયોગોનો સમાવેશ થાય છે. શુભાંશુએ અવકાશમાં મેથી અને મગના બીજ ઉગાડ્યા છે. તાજેતરમાં, તેમની તસવીરો પણ જાહેર કરવામાં આવી હતી. એક્સિઓમ-૪ મિશનના ડ્રેગન અવકાશયાનને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પરથી સફળતા પૂર્વક અનડોક કર્યા પછી, ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાના માતા-પિતાએ સોમવારે કહ્યું કે તેઓ તેના સલામત ઉતરાણ માટે પ્રાર્થના કરશે. તેમના પિતાએ કહ્યું, “અમને ખૂબ આનંદ છે કે અનડોકિંગ સુરક્ષિત રીતે થયું. અમને આશા છે કે આજે ઉતરાણ પણ સરળ રહેશે.

### ન્યૂઝ બ્રિફ

#### યુલિયા સ્વિરિડેક્રો યુક્રેનના નવા વડાપ્રધાન બન્યા



। (એજન્સી) યુક્રેન,તા.૧૫ ।

રશિયા સાથેના યુદ્ધ વચ્ચે યુક્રેનમાં મોટો ઉલટફેર થયો. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ યુદ્ધના ઘર્ષણની સ્થિતિ વચ્ચે મહત્વનો નિર્ણય લીધો. ઝેલેન્સકીએ દેશના નવા વડા પ્રધાન તરીકે યુલિયા સ્વિરિડેક્રોની નિમણૂક કરી. અગાઉ યુલિયા સ્વિરિડેક્રો ડેપ્યુટી સીએમ હતા અને એક અર્થશાસ્ત્રી પણ છે. તેમની સફળ કામગીરીને લઈને ઝેલેન્સકીએ યુલિયાને દેશની કમાન સોંપવાનો નિર્ણય કર્યો. યુક્રેન અને રશિયા વચ્ચેનું યુદ્ધ અત્યારે વધુ ભયંકર બન્યું છે. રશિયા દ્વારા સતત ડ્રોન હુમલાના કારણે અત્યારે યુક્રેન બેકફૂટ પર છે. ત્યારે અમેરિકાનું સમર્થન મેળવવા યુક્રેન દ્વારા પ્રયાસ થઈ રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ સહયોગ આપવાની વાત કરે છે પરંતુ વાસ્તવિક રીતે કોઈ નક્કર કામ થતું નથી. આવી સ્થિતિમાં યુક્રેનમાં સત્તામાં મોટો ઉલટફેર અનેક બાબતો સૂચવે છે. ઝેલેન્સકી દ્વારા યુલિયા સ્વિરીડેક્રોને યુક્રેનના રાષ્ટ્રપતિ બનાવી ડોનાલ્ડ ટ્રમ્પને સાધવાના પ્રયાસ કરવામાં આવ્યા હોવાનું રાજનીતિક વિશ્લેષકોનું અનુમાન છે.

#### ઉત્તરાખંડમાં ભયાનક અકસ્માત, મુસાફરો ભરેલી જીપ ખીણમાં ખાબકી

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૧૫ ।

ઉત્તરાખંડમાં આજે ભયાનક દુર્ઘટના બની છે. અહીં પિથોરાગઢ જિલ્લાના મુવાની વિસ્તારમાં મુસાફરો ભરેલી એક જીવ ખીણમાં ખાબકી છે, જેમાં આઠ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. જ્યારે ત્રણ લોકો ગંભીર ઈજાગ્રસ્ત થતા તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડાયા છે. ઘટનાની જાણ થતાં પોલીસ સહિતની ટીમો સ્થળ પર પહોંચી ગઈ છે. ગ્રામીણ લોકોની મદદથી રેસ્ક્યૂ ઓપરેશન કરી ખીણમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢવામાં આવ્યા છે. એવું કહેવાય છે કે, ખીણમાં ખાબકેલી જીપ મુવાનીથી બોકટા ગામ તરફ જઈ રહી હતી. આ દરમિયાન જીપના ચાલકે વાહન પર કાબુ ગુમાવતા ખીણમાં ખાબકી છે. હાલ મૃતકોની ઓળખ પ્રક્રિયા ચાલી રહી છે. બીજી તરફ જિલ્લા વહિવટીતંત્રએ ઘટનાની તપાસ કવાના આદેશ આપી દીધા છે.

### ઝેલેન્સ્કીએ રશિયા પર આંતરરાષ્ટ્રીય પ્રતિબંધ મૂકાવાની આશા વ્યક્ત કરી

## રશિયા ૫૦ દિવસમાં યુક્રેન સાથે યુદ્ધ બંધ નહીં કરે તો ટેરિફ ઝીંકાશે: ટ્રમ્પ

### યુક્રેન સાથે મુલાકાતના પગલે ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં ટ્રમ્પ તંત્રની નીતિમાં મોટા ફેરફારના સંકેત પણ મળી રહ્યા છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૫ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેન સાથેના યુદ્ધનો ઉકેલ ન આવે તો રશિયાને ટેરિફ વધારાની સજા કરવાની ચીમકી આપી છે. ટ્રમ્પે નાટોના સેક્રેટરી જનરલ માર્ક રુટ્ટે સાથેની બેઠક દરમિયાન યુક્રેન સાથેનું યુદ્ધ પૂરું કરવા રશિયાને ૫૦ દિવસની મુદત આપી હતી. ટ્રમ્પે જણાવ્યુ હતું કે, ૫૦ દિવસમાં યુદ્ધ બાબતે કોઈ સમાધાન નહીં થાય તો અતિશય ટેરિફ લાગુ કરવામાં આવશે. ટેરિફના દર અંગે ટ્રમ્પ તરફથી કોઈ સ્પષ્ટતા કરાઈ ન હોતી. જો કે ટ્રમ્પે જણાવ્યુ હતું કે, તેઓ ટ્રેડનો ઉપયોગ ઘણી બધી



વસ્તુઓ માટે કરી રહ્યા છે. યુદ્ધમાં સમાધાન માટે આ ખૂબ અસરકારક છે. દરમિયાન રશિયા અને યુક્રેન ખાતેના ટ્રમ્પના વિશેષ દૂતે યુક્રેનના પ્રમુખ વોલોડિમિર ઝેલેન્સ્કી સાથે પાટનગર કિવમાં મુલાકાત કરી હતી. યુએસના ડિફેન્સ સેક્રેટરી હેગસેથ, સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિઓ અને કોંગ્રેસના સભ્યો સાથે મંત્રણાનું પણ રુટ્ટે આયોજન કરી રહ્યા છે. યુક્રેન સાથે મુલાકાતના પગલે ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં ટ્રમ્પ તંત્રની નીતિમાં મોટા ફેરફારના સંકેત પણ મળી રહ્યા છે. અગાઉ ટ્રમ્પ દ્વારા રશિયાના પ્રમુખ પુતિન સાથે ગાઢ મિત્રતાની વાતો કરવામાં આવતી હતી. યુદ્ધમાં સમાધાન માટે યુક્રેનની સરખામણીએ રશિયા વધારે ઉત્સુક હોવાનું પણ ટ્રમ્પ વારંવાર કહી ચૂક્યા છે. ઝેલેન્સ્કીના કારણે યુદ્ધ લંબાઈ રહ્યું હોવાનો આક્ષેપ કરી ટ્રમ્પે ઝેલેન્સ્કીને આપખુદ શાસક ગણાવ્યા હતા. જો કે યુક્રેનના નાગરિક વિસ્તારો પર રશિયા દ્વારા હુમલા શરૂ થતાં ટ્રમ્પનું વલણ બદલાયું છે. એપ્રિલ મહિનામાં ટ્રમ્પે પુતિનને યુદ્ધ રોકવા કહ્યું હતું અને ત્યારબાદ મે મહિનામાં પુતિનને યુદ્ધખોર પાગલ ગણાવ્યા હતા. પુતિનના વર્તન અંગે નિરાશા વ્યક્ત કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે, પુતિન વાતો ખૂબ સારી કરે છે, પરંતુ બોલેલું પાળતા નથી. પુતિન પ્રત્યે વધી રહેલી નારાજગીના પગલે ટ્રમ્પના વિશેષ દૂત નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ કૈથ કેલોગ અને ઝેલેન્સ્કી વચ્ચે મંત્રણા થઈ હતી. આ મંત્રણાને ઝેલેન્સ્કીએ હકારાત્મક ગણાવી હતી અને રશિયા પર આંતરરાષ્ટ્રી પ્રતિબંધો મૂકાવાની આશા વ્યક્ત કરી હતી.

### જમ્મુ કાશ્મીરના ડોડા જિલ્લામાં ગમખ્વાર અકસ્માત થયો

## ડોડામાં યાત્રિકો ભરેલી ટેમ્પો ટ્રાવેલર ખીણમાં ખાબકી, ૫ના મોત થયા

। જમ્મુ કાશ્મીર, તા.૧૫ ।

જમ્મુ કાશ્મીરના ડોડા જિલ્લામાં ગમખ્વાર અકસ્માત થયો હોવાનું સામે આવ્યું છે. મુસાફરો ભરેલી બસ ખીણમાં પડી જતા ૫ લોકોના મોત થયા છે જ્યારે ૧૦થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે. આ દુર્ઘટના ડોડા-બરાથ રોડ પર બની જે બાદ તાત્કાલિક રેસક્યુ ઓપરેશન શરૂ કરાયુ છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા છે. મળતી માહિતી મુજબ મંગળવારે આ અકસ્માત બન્યો. જેમાં ડોડા-બરાથ રોડ પર પોંડા વિસ્તારની આ ઘટના છે. ટેમ્પો ટ્રાવેલર રસ્તા પરથી સરકીને સીધો ખીણમાં ખાબક્યો. આ દરમિયાન તેમાં અનેક મુસાફરો પણ બેઠેલા હતા. ઘટનાને પગલે પોલીસે સ્થાનિકોની મદદથી રેસક્યુની કામગીરી શરૂ કરી છે. જો કે મોતનો આંકડો વધી શકે છે. કારણકે કેટલાક લોકોની સ્થિતિ ગંભીર છે. ઘટના સ્થળ પર રેસ્ક્યુ કામગીરી ચાલી રહી છે.

કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર સિંહે આ અકસ્માત થયો હોવાની પુષ્ટિ કરી છે. તેમણે પોતાના ટ્વિટર હેન્ડલ પર જાણ કરી છે. તેમણે જણાવ્યું કે ડોડા શહેરથી લગભગ ૨૦ થી ૨૫ કિમી દૂર બરાથ ગામ નજીક એક ખાનગી ટેમ્પો માર્ગ અકસ્માતની માહિતી મળતાં જ ડોડા ડીસી હરવિંદર સિંહ સાથે વાત કરી.

### હરિયાણવી ગાયક રાહુલ ફાજિલપુરિયા પર અંધાધૂંધ ગોળીબાર થયો

। ગુરુગ્રામ, તા.૧૫ ।

ગુરુગ્રામમાં, અજાણ્યા બદમાશોએ પ્રખ્યાત બોલિવૂડ અને હરિયાણવી ગાયક રાહુલ ફાજિલપુરિયા પર અંધાધૂંધ ગોળીબાર કર્યો. આ જીવલેણ હુમલામાં રાહુલ ફાજિલપુરિયા બચી ગયો છે. રાહુલ પર આ હુમલો ગુરુગ્રામ નજીક બાદશાહ પુર એસપીઆરમાં થયો હતો. રાહુલ ફાજિલપુરિયા પ્રખ્યાત યુટ્યુબર એલ્વિશ યાદવનો મિત્ર છે અને એલ્વિશ સાથે સાપના ઝેર અને ગોળીબારના કેસમાં તેનું નામ પણ સામે આવ્યું હતું. પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, રાહુલ પોતાના ગામ ફાઝિલપુરિયા નજીકથી પસાર થઈ રહ્યો હતો.

### કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની માગ

## ગોલ્ડન ટેમ્પલને ૨૦ કલાકમાં બીજી વખત બોમ્બથી ઉડાવી દેવાની મળી ધમકી

। (એજન્સી) અમૃતસર, તા.૧૫ ।

શિરોમણી ગુરૂદ્વારા મેનેજમેન્ટ કમિટીને ફરી એક વખત ‘ગોલ્ડન ટેમ્પલ’ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ઈમેઈલ કરીને આ ધમકી આપવામાં આવી છે. છેલ્લા ૨૦ કલાકમાં આ ધમકી બીજી વખત મળી છે. ત્યારબાદ ડોગ સ્કવોર્ડ સહિતની ટીમો દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે રાત્રે પણ ‘ગોલ્ડન ટેમ્પલ’ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.

SGPCએ આ ગંભીર જોખમને જોતા પંજાબના મુખ્યપ્રધાનને પત્ર લખીને તાત્કાલિક તપાસ અને કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.



પોતાના પત્રમાં SGPCએ લખ્યું કે શ્રી અમૃતસર સાહિબની ઈમેઈલ આઈડી પર વધુ એક ઈમેઈલ મળ્યો છે. આ ઈમેઈલમાં કોઈએ સચ્ચખંડ શ્રી હરમંદિર સાહિબમાં RDX રાખવાના ષડયંત્રની જાણકારી આપી છે. SGPCએ પંજાબ સરકાર પાસે આગ્રહ રાખ્યો છે કે તે તાત્કાલિક આ સમગ્ર મામલાની ઉંડાણપૂર્વક તપાસ કરાવે અને ગુરૂદ્વારાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવે.

### માયા નગરી પાણી પાણી

## મુંબઇમાં મેઘો ધોધમાર, અંધેરી સબ વે બંધ, ફ્લાઇટ્સ પ્રભાવિત

### ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં ટ્રાફિક જામ અને અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે રોડ રસ્તા પાણી પાણી થયા છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં મેઘો ધોધમાર વરસી રહ્યો છે. સતત થઈ રહેલા વરસાદને કારણે વેસ્ટર્ન મુંબઈના નીચલા વિસ્તારમાં ભારે પાણી ભરાયા છે. ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં ટ્રાફિક જામ અને અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે. રોડ રસ્તા પાણી પાણી થયા છે. વેસ્ટર્ન મુંબઈના અંધેરી વેસ્ટર્ન વિસ્તારમાં સ્થિતિ વધારે ખરાબ છે.. અંધેરી સબવે,



જે નીચાણવાળા વિસ્તારમાં આવે છે. ત્યાં પાણી પાણી જોવા મળી રહ્યું છે. પ્રશાસન અનુસાર સબવેમાં લગભગ ૪-૫ ફૂટ પાણી ભરાયુ છે પરિણામે વાહનવ્યવહાર સંપૂર્ણ બંધ કરી દેવાયો છે. વાહનચાલકોને વૈકલ્પિર રસ્તેથી અવરજવર કરવી પડેછે. ટ્રાફિકને કંટ્રોલ કરવા માટે ટ્રાફિક પોલીસ પણ તહેનાત કરાયા છે.ભારે વરસાદને કારણે ફ્લાઈટ્સ પણ પ્રભાવિત થઈ છે. ઈન્ડિયોએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને ટ્રાવેલ એડવાઈઝરી બહાર પાડી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ભારે વરસાદને કારણે ફ્લાઈટ શિડ્યૂલ કરવામાં મુશ્કેલીઓ આવી રહી છે. યાત્રિકોને અપીલ કરી છે કે તેઓ ફ્લાઈટની સ્થિતિ એપ પર ચકાસે પછી જ મુસાફરી કરે.

### હિમાચલમાં મોટી દુર્ઘટના

## પેરાગ્લાઈડર ક્રેશ થતાં ગુજરાતના અમદાવાદના પર્યટકનું દર્દનાક મોત થયુ

। હિમાચલ પ્રદેશ,તા.૧૫ ।

હિમાચલ પ્રદેશના લોકપ્રિય પર્યટન સ્થળ ધર્મશાલામાં સોમવારે સાંજે એક દર્દનાક દુર્ઘટના ઘટી હતી. પેરાગ્લાઈડર ક્રેશ થતાં ગુજરાતના અમદાવાદના ૨૫ વર્ષના પર્યટકનું મોત નીપજ્યું હતું. ધર્મશાલાના ઈન્દ્રુનાગ વિસ્તારમાં આ દુર્ઘટના ઘટી હતી. ઘટનાનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે.

કાંગરાના એએસપી હિતેશ લખનપાલે જણાવ્યું હતું કે, આ દુર્ઘટના ટેકઓફ દરમિયાન બની હતી, જ્યારે ગ્લાઈટર હવામાં ઉડી શક્યુ ન હતું. થોડી જ દૂર જતાં તે પર્યટકને લઈને જમીન પર પડ્યું હતું. પર્યટક સતિષ રાજેશભાઈ



અને પાયલટ સુરજ ઘાયલ થયા હતાં. સતિષને માથા, મોઢા અને શરીરના અન્ય ભાગો પર ગંભીર ઈજા થઈ હતી. તેને ધર્મશાલાના ઝોનલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં પ્રાથમિક સારવાર બાદ ટાંડા મેડિકલ કોલેજ રેફર કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનુ મોત નીપજ્યું હતું.

### નિમિષાને યમનના નાગરિક તલાલ અબ્દો મહદીની હત્યાની દોષી ઠેરવવામાં આવી હતી

## કેરળની નર્સ નિમિષા પ્રિયાની મુલતવી રાખવામાં આવી ફાંસી

। (એજન્સી) કેરળ,તા.૧૫ ।

કેરળની નર્સ નિમિષા પ્રિયાની મુલતવી રાખવામાં આવી ફાંસી, યમનથી આવ્યા મોટા સમાચારનિમિષા પ્રિયાને હત્યાના કેસમાં મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે. તે ૨૦૧૭ થી યમનમાં જેલમાં છે. નિમિષાને યમનના નાગરિક તલાલ અબ્દો મહદીની હત્યાની દોષી ઠેરવવામાં આવી હતી. જોકે, હાલ એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ભારતીય નર્સ નિમિષા પ્રિયાની ફાંસીની સજાને લઈને સૂત્રો પાસેથી મોટા સમાચાર



સામે આવી રહ્યા છે. જણાવી દઈએ કે, યમનમાં હાલ તેની ફાંસીની સજા મુલતવી રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, યમનમાં ૧૬ જુલાઈએ તેને ફાંસી આપવાની હતી. નિમિષા પ્રિયાને હત્યાના કેસમાં મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે. તે ૨૦૧૭ થી યમનમાં જેલમાં છે. નિમિષાને યમનના નાગરિક તલાલ અબ્દો મહદીની હત્યા કરવાની દોષી ઠેરવવામાં આવી હતી. તેના પર આરોપ હતો કે, તેણે મહદીને એનેસ્થેસિયાના ઈન્જેક્શન આપ્યા હતા જેથી તેનો પાસપોર્ટ તેની પાસે જમા થઈ શકે, પરંતુ આ ઈન્જેક્શનને કારણે મહદીનું મૃત્યુ થયું હતું. કેરળના પલક્કડની નર્સ નિમિષા છેલ્લા દાયકાથી તેના પતિ અને પુત્રી સાથે યમનમાં કામ કરી રહી હતી.

### મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં લીધા અંતિમ શ્વાસ

## એક્ટર અને પ્રોડ્યુસર ધીરજ કુમારનું ૭૯ વર્ષે નિધન થયુ

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

એક્ટર અને પ્રોડ્યુસર ધીરજ કુમારનું ૭૯ વર્ષની ઉંમરે નિધન થયું છે. મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. છેલ્લા કેટલાય સમયથી તેમને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ રહેતી હતી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી એક મોટી ખબર સામે આવી છે. જાણીતા એક્ટર અને પ્રોડ્યુસર ધીરજ કુમારનું ૭૯ વર્ષે નિધન થયું છે. તેમની તબિયત ઠીક ન હતી જેથી તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે હોસ્પિટલમાં પણ તેમની હાલતમાં કોઈ સુધારો ન આવ્યો. તેમના પરિવારજનોના જણાવ્યા પ્રમાણે તેમને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા. ધીરજ કુમારના નિધનને લઈને હાલ બોલિવૂડને મોટી ખોટ પડી છે. ૭૦ અને ૮૦ના દાયકામાં ધીરજ કુમારે ઘણી ફિલ્મોમાં કામ કર્યું હતું. જોકે છેલ્લા કેટલાક સમયથી તેમની તબિયત ઘણી ખરાબ રહેતી હતી. એવી માહિતી સામે આવી છે કે તેમને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી જેના કારણે તેમને હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા.

### કાંવડિયાઓએ કાનપુર માથે લીધું

## કાંવડ યાત્રા દરમિયાન એક શ્રદ્ધાળુ ઘાયલ થયા બાદ માહોલ તણાવપૂર્ણ બની ગયો

। (એજન્સી) કાનપુર, તા.૧૫ ।

કાનપુરના શિવરાજપુરમાં કાંવડ યાત્રા દરમિયાન એક શ્રદ્ધાળુ ઘાયલ થયા બાદ માહોલ તણાવપૂર્ણ બની ગયો છે. સાથી કાંવડિયાઓએ હોમગાર્ડ્ અને સ્કાઉટને દોષી ઠેરવતા તેમની સાથે મારપીટ કરી. ત્યારબાદ લગભગ ૮૦-૯૦ લોકો ઘટનાસ્થળ પરથી શિવરાજ પુર પોલીસ સ્ટેશન પહોંચી ગયા અને ત્યાં પણ હોબાળો મચાવ્યો. એવો આરોપ છે કે, કાંવડિયાઓ અને ભીડમાં સામેલ અન્ય લોકોએ પોલીસ સ્ટેશનમાં ઘૂસી જઈને ઈન્સ્પેક્ટર અને હોમગાર્ડ્સ સાથે ઝઘડો કર્યો અને ત્યારબાદ તેમની સાથે મારપીટ અને ગેરવર્તન કર્યું. કેટલાક લોકોએ પોલીસ સ્ટેશનની બારીઓ તોડી નાખી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. ફૂટેજના આધારે પોલીસે ૨૦ નામાંકિત અને ૧૨ જેટલા અજાણ્યા લોકો સામે કેસ દાખલ કર્યો છે અને પાંચ આરોપીઓને જેલમાં મોકલી દીધા છે. આ ઘટના સોમવારે સાંજે ખેરેશ્વર ઘાટ પાસે બની હતી. અહીં ખેરેશ્વર મહાદેવના દર્શન માટે હજારો શ્રદ્ધાળુઓ એકઠા થયા હતા. આવી સ્થિતિમાં ભીડને કાબુમાં લેવા માટે પોલીસકર્મીઓ, સ્કાઉટ્સ અને ઘણા સ્વયંસેવકો ઘટનાસ્થળ પર તહેનાત હતા.આ દરમિયાન ગંગા રોડ પર એક ભક્ત લપસીને પડી ગયો. ત્યારબાદ કેટલાક લોકોએ આરોપ લગાવ્યો કે, પોલીસના લાઠીચાર્જને કારણે તે પડી ગયો. તેના પર ગુસ્સે ભરાયેલા ટોળાએ એક સ્કાઉટ અને એક હોમગાર્ડ્ને માર માર્યો. પોલીસ સ્ટેશનમાં પણ હોબાળો ચાલુ રહ્યો.

## નેશનલ લોક અદાલતમાં એક સાથે ૧૧૦૬૮ કેસોમાં સમાધાન થયું

। (એજન્સી) જામનગર, તા.૧૫ ।
જામનગર જિલ્લામાંમાં શનિવારે લોક અદાલત યોજાઈ હતી, અને સમગ્ર જિલ્લાની અદાલતોમાં સમાધાન માટે ૨૧૯૪૦ કેસો મુકવામાં આવ્યા હતા. જેમાં ૧૧૦૬૮ કેસોમાં સમાધાન થયું હતું, અને ફુલ ૧૭ કરોડ ૮૨ લાખનું સેટલમેન્ટ થયું છે. નાલ્સાના એક્શન પ્લાન મુજબ જામનગર જિલ્લામાં શનિવાર તા.૧૨.૭.૨૦૨૫ અને શનિવારના રોજ લોક અદાલત યોજાઈ હતી. જેમાં સમાધાન માટે ફૂલ ૨૧૯૪૦ કેસો મુકવામાં આવ્યા હતા. જેમાં પ્રિ-લીટીગેશનના ૧૬૪૦૦૦, લોક અદાલતના ૧૯૦૬ કેસ જ્યારે સ્પેશિયલ સીટીંગના ૩૬૩૪ નો સમાવેશ થાય છે. જે પૈકી એકીસાથે ૧૧૦૬૮ કેસોમાં સમાધાન થયું હતું. જામનગર જિલ્લાની કુલ તમામ લોક અદાલતોમાં રૂબરૂ કાર્યવાહી કરવામાં આવી હતી.

## ચાઈનીઝ ગેંગ સાથે મળીને લોકો સાથે ઠગાઈ આચરનારા 3 પકડાયા

। (એજન્સી) સુરત, તા.૧૫ ।
સુરતમાં છેતરપિંડી આચરતા લોકોની પોલીસે ઝડપ્યા છે. સુરત રેન્જ IG, સાયબર પોલીસે મોટું નેટવર્ક ઝડપી પાડ્યું છે. ચાઈનીઝ ગેંગ સાથે મળીને છેતરપિંડી કરનારા ત્રણ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા છે. અગાઉ ૫ આરોપીને સાયબર પોલીસે ઝડપી પાડ્યા હતા. ઓનલાઈન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ફેક DLF કંપની બનાવતા હતા અને અલગ અલગ બિલ્ડીંગ પ્રોજેક્ટસની ખરીદી પૂર્ણ કરવાના ટાસ્ક આપતા હતા. અલગ અલગ ટાસ્ક પૂર્ણ કરવા માટે રોજના ૧૫૦૦થી ૩૦૦૦ રૂપિયા કમાવવાની લાલચ લોકોને આપતા હતા. આ આરોપીઓએ લોકોને વિશ્વાસમાં લઈ ૧૪.૮૦ લાખથી વધુની છેતરપિંડી આચરી હતી. આરોપીઓ છેતરપિંડીના રૂપિયા ચાઈનીઝ ગેંગ સાથે મળીને પડાવતા હતા. હાલ સમગ્ર મામલે રેન્જ આઈજી સાયબર ક્રાઈમ પોલીસે બેંક ખાતુ ભાડે આપનાર, બેંક ખાતાની કીટ અને સીમકાર્ડ મેળવી આપનાર એજન્ટની ધરપકડ કરી લીધી છે.

### ઉસ્માનપુરા સ્થિત મારૂતિ નેક્સા શો રૂમની ઘટના

## ૧૮ ગ્રાહકોના કાર બુકિંગના ૯.૬૫ લાખની ઉચાપત કરી કર્મીઓએ નોકરી છોડી દીધી

### ઉસ્માનપુરા ખાતેના વીડિયોકન એરીઝોન બિલ્ડિંગમાં આવેલા મારૂતિ નેક્સાના શો રૂમના ૫ પૂર્વ કર્મીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઇ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।
ઉસ્માનપુરા ખાતેના વીડિયોકન એરીઝોન બિલ્ડિંગમાં આવેલા મારૂતિ નેક્સાના શો રૂમના ૫ પૂર્વ કર્મીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ તમામ પૂર્વ કર્મીઓએ ૧૫ માસ પહેલા ૧૮ ગ્રાહકો પાસેથી કાર બુકિંગના નાણાં મેળવી લઈ કાર વેઈટિંગમાં હોવાનું કહી ડિલિવરી આપી નહોતી. કેટલાક ગ્રાહકોએ સીઈઓ સુધી ફરિયાદ કરતા તપાસ કરવામાં આવી હતી. જેમાં આ તમામ પૂર્વ કર્મીઓએ ગ્રાહકોના નાણાં મેળવીને અન્ય લોકોના ખાતામાં ટ્રાન્સફર કરીને ૯.૬૫ લાખની ઉચાપત કરી હોવાનું જણાયું હતું. આ મામલે વાડજ પોલીસે ગુનો નોંધ્યો છે. ઘાટલોડિયામાં રહેતા તેજસભાઈ પટેલ પોપ્યુલર વિલર્સ પ્રા. લી. નામની મારૂતિ કંપનીના શોરૂમમાં એકાઉન્ટન્ટ છે. તેમની કંપનીની ચાર ડીલરશીપ પૈકીનો એક શોરૂમ ઉસ્માનપુરામાં આવેલો છે. થોડા સમય પહેલા તેજેન્દ્રભાઈ ચૌધરી નામના ગ્રાહકે સીઈઓ મિતેષભાઈ કાનાબારને ફરિયાદ કરી હતી. તેજેન્દ્રભાઈએ બે કાર બુક કરાવી હોવા છતાંય લાંબા સમયથી વેઈટિંગ બતાવ્યુ હોવાની ફરિયાદ કરી હતી. જેથી કંપની દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી હતી. જે તપાસમાં સામે આવ્યુ કે આરોપીઓએ બુકિંગના નાણાં અન્ય લોકોના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. વધુ શંકા જતા ૨૦૨૪ના મે માસથી હાલ સુધીના બુકિંગ ડેટાની તપાસ કરાઈ હતી. જેમાં સામે આવ્યુ કે શો રૂમના મેનેજર, સિનિયર રિલેશનશીપ મેનેજર અને કેશિયરે ભેગા મળીને ૧૮ ગ્રાહકો પાસેથી બુકિંગના નાણાં લઈને અન્ય લોકોના ખાતામાં ટ્રાન્સફર કરીને કંપનીને ચૂનો ચોપડ્યો હતો. જે બાદ મેનેજર, સિનિયર રિલેશનશીપ મેનેજર સહિતના લોકોએ છથી ૧૦ માસ પહેલા નોકરી છોડી દીધી હતી. આ મામલે પોલીસને જાણ કરાતા વાડજ પોલીસે ૯.૬૫ લાખની ઉચાપત આચરનાર મેનેજર હિતેશ પટેલ (રહે. સાંતેજ), કેશિયર સંજય પટેલ (રહે. ન્યૂ રાણીપ), સિનિયર રિલેશનશીપ મેનેજર વિવેક કેલૈયા (રહે. નિકોલ ગામ), રિલેશનશીપ મેનેજર ધ્રુવ કાનાની (રહે. હંસપુરા) અને જૈમિન પંચાલ (રહે. નવા વાડજ) સહિતના લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### શાહઆલમ દરગાહ પરિસરમાં

## બે મહિલાએ દંડાના ૨૪ ફટકા મારી યુવકનું માથું ફોડી નાખ્યું

### આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ઇસનપુર પોલીસે બે મહિલા સહિત 3ની ધરપકડ કરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।
તાજેતરમાં દરગાહ પરિસરમાં બે મહિલા અને એક યુવકે ભેગા થઈને રમકડાં વેચતા ફેરિયા પર ચોરીનો આરોપ લગાવીને લાકડાના દંડાના ૨૪ ફટકા મારીને યુવકનું માથું ફોડી નાખ્યું હતું. લોહીલુહાણ હાલતમાં ઈજાગ્રસ્ત યુવક ફસડાઈ પડ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ઈસનપુર પોલીસે બે મહિલા સહિત ૩ની ધરપકડ કરી છે. વટવા સદભાવનાનગરમાં રહેતા ૪૦ વર્ષીય શહેનશાહ ઉર્ફે મુન્નો અક્તર શેખ શાહઆલમ દરગાહ પરિસરમાં પાથરણાં લગાવીને રમકડા વેચવાનો વેપાર ધંધો કરે છે. તા.૯ જુલાઈએ વરસાદ વધુ હોવાથી યુવક ત્યાં પાથરણાં લગાવીને ધંધો કરતો હતો ત્યાં તપાસ કરવા ગયો હતો કે વરસાદના લીધે તેની જગ્યામાં પાણી ભરાઈ ગયા છે કે નહીં. આ દરમિયાન તેની સામે વેપાર કરતી મહિલા આવી અને યુવક પર આરોપ લગાવ્યો કે તેં મારા દીકરાના રૂપિયા અને મોબાઈલ ચોરી લીધા છે. આમ કહી તે તેની સાથે ઝઘડો કરવા લાગી હતી. યુવકે ઈનકાર કર્યો કે તેણે કોઈનો ફોન કે રૂપિયા ચોર્યા નથી. તેમ છતાં ફીઝાબાનુ અંસારી, તસ્લીમા બાનુ અંસારી અને ઈસ્તીખાન અંસારીએ ત્રણેયે ભેગા મળીને રમકડાં વેચીને ગુજરાન ચલાવતા યુવકને બેરહેમીપૂર્વક લાકડાના દંડાના ઉપરાઉપરી ૨૪ ફટકા મારીને માથું ફોડી નાખ્યું હતું. દરગાહ પરિસરમાં બૂમાબૂમ થતા અન્ય લોકો એકઠા થઈ જતા મામલો થાળે પડાવ્યો હતો. બાદમાં યુવક રિક્ષામાં બેસીને તેની બહેનના ઘરે ગયો અને ત્યાંથી હોસ્પિટલ ગયો હતો. બીજી તરફ ફીઝાબાનુ અંસારી અને તસ્લીમાબાનુ અંસારી બંને મહિલાઓ ભેગા મળીને યુવકને માર મારી રહ્યા હતા તેનો વીડિયો બનાવીને અજાણ્યા શખ્સોએ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. ઈસનપુર પોલીસે ઈજાગ્રસ્ત યુવકની ફરિયાદ નોંધીને બે મહિલા સહિત ૩ની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સાબરકાંઠામાં પશુપાલકોનો સાબર ડેરી પર હલ્લાબોલ

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧૫ ।
સાબરકાંઠામાં એક મોટી ઘટના સામે આવી છે. સાબર ડેરી દ્વારા પશુપાલકોને ભાવ ફેર ઓછો ચૂકવવામાં આવતાં મામલો બગડ્યો હતો અને પશુપાલકો સાબર ડેરી સામે દેખાવો કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન પોલીસની ટુકડી આવી જતાં પોલીસ અને પશુપાલકો વચ્ચે અથડામણ સર્જાઈ હતી.

પશુપાલકો દ્વારા પોલીસ ઉપર પથ્થરમારાની ઘટના પણ બની હતી. પશુપાલકો બેકાબુ થતાં પોલીસ દ્વારા લાઠીચાર્જ કરી દેવામાં આવ્યો હતો. આ ઘટના સમયે સાબર ડેરીના ગેટને પણ નુકસાન પહોંચાડાયું હતું. પોલીસ દ્વારા ૨૦થી વધુ ટીયરગેસનો મારો ચલાવાયો હતો. માહિતી અનુસાર સાબર ડેરી ખાતે પશુપાલકો ભાવ ફેર ઓછો ચૂકવાયાનો વિરોધ કરવા એકઠા થયા હતા. આ દરમિયાન પશુપાલકોને તેમની માગણીઓ રજૂ કરવા માટે ડેરીના કમ્પાઉન્ડમાં જતા અટકાવાયા હતા. જેના પગલે પોલીસ અને પશુપાલકો વચ્ચે માથાકૂટ વધી ગઈ હતી. પશુપાલકોની એવી ફરિયાદ હતી કે અમને ગયા વર્ષ કરતાં પણ ઓછા પૈસા ચૂકવાયા છે. પશુપાલકોની સાથે ખેડૂતો પણ આ દેખાવોમાં જોડાયા હતા. ત્યારે ડીવાએસપી, ૪ પીઆઈ અને ૮ પીએસઆઈ સહિત કુલ ૮૦ જેટલા પોલીસકર્મીઓનો કાફલો સ્થિતિને સંભાળવા ત્યાં આવી પહોંચ્યો હતો.

## આજવામાં ૨૪ કલાકમાં બે ઇંચ વરસાદ પડતા સપાટી વધીને ૨૧૧.૨૬ ફૂટ થઈ

। (એજન્સી) વડોદરા, તા.૧૫ ।
વડોદરા શહેરના દક્ષિણ અને પૂર્વ વિભાગને પીવાનું પાણી પૂરું પાડતા ઐતિહાસિક આજવા સરોવરમાં છેલ્લા ૨૪ કલાકમાં આશરે બે ઈંચ વરસાદ પડતા સરોવરની સપાટીમાં આશરે અડધો ફૂટનો ઝડપથી વધારો થઈ જતા બપોરે સપાટી ૨૧૧.૨૬ ફૂટ પહોંચી ગઈ હતી. હાલ આજવા સરોવરમાંથી પંપીંગ કરીને વિશ્વામિત્રીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. આ પંપીંગ સિસ્ટમ હજી તાજેતરમાં જ ચાલુ કરી છે. હાલ છ પંપ ચાલુ છે જેના દ્વારા ૨૪ કલાકમાં આઠ દોરા પાણી નીચે ઉતરે છે.

### ખનીજ ચોરીને અટકાવવા માટે તંત્ર કોઈ કાર્યવાહી કરતું નથી

## ભારે વાહનોની અવરજવરને કારણે રસ્તાઓ અતિશય બિસ્માર

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૫ ।
જૂનાગઢ જિલ્લામાં ભૂમાફિયાઓને કારણે ગામડાઓના રસ્તા અતિશય બિસ્માર બનતા સાતલપુર ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યોએ સામૂહિક રાજીનામું આપવા જિલ્લા પંચાયત પહોંચ્યા હતા અને જિલ્લા પંચાયત પ્રમુખના આશ્વાસન બાદ રાજીનામું આપવાનું ટાળ્યું હતું. જુનાગઢ જિલ્લામાં બેફામ બનેલા ભુમાફિયાઓને કારણે હવે લોકોનું હલનચલન પણ મુશ્કેલ બની ગયું છે, બેફામ થતી ખનીજ ચોરીને અટકાવવા માટે તંત્ર કોઈ કાર્યવાહી કરતું નથી જેથી લોકોમાં રોષ તો છે જ પરંતુ મોટા ભારેખમ વાહનો રસ્તા ઉપરથી પસાર થતાં ગામડાના રસ્તાઓ તૂટી ગયા છે અને અતિશય બિસ્માર હાલતમાં છે. જ્યાંથી લોકોને ચાલવું પણ મુશ્કેલ બન્યું છે. વંથલી તાલુકાના સાંતલપુર ગ્રામ પંચાયત દ્વારા અવારનવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો ન હતો, જેથી આજે સાંતલપુર ગ્રામ પંચાયતના સરપંચ અને તમામ સભ્યો દ્વારા સામુહિક રાજીનામુ આપવા જિલ્લા પંચાયત પહોંચ્યા હતા અને જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશ ઠુમરને મળ્યા હતા.રાજીનામું આપવા આવેલા સાંતલપુર ગ્રામ પંચાયતના સભ્યો અને સરપંચ દ્વારા રોષ પૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી, ત્યારે જિલ્લા પંચાયતના પ્રમુખ દ્વારા રાજીનામું ના આપવાનું જણાવ્યું હતું અને આગામી સમયમાં ખુદ તેઓ મુખ્યમંત્રી સુધી તેમની રજૂઆત પહોંચાડશે.

## જામનગરમાં ઉબડ-ખાબડ રસ્તાના કારણે માતા-પુત્ર ખુલ્લી ગટરમાં પટકાયા

। (એજન્સી) જામનગર, તા.૧૫ ।
જામનગરમાં કાલાવડ નાકા બહાર મહાપ્રભુજીની બેઠક વિસ્તારમાં રહેતા ૩૯ વર્ષીય રેશ્માબેન સંજયભાઈ આજે સવારે એક્ટિવા પર પોતાના પુત્રને સ્કૂલે મૂકવા જઈ રહ્યા હતાં. ત્યારે ઉબડખાબડ વાળા રસ્તા પર રેશ્માબેને બેલેન્સ ગુમાવતાં પુત્ર સાથે ખાડામાં પડ્યા હતાં. જો કે, સદનસીબે માતા અને પુત્ર બંને સહીસલામત હતાં.એક્ટિવા પર રેશ્માબેન પોતાના પુત્ર સાથે જઈ રહ્યા હતાં. તે દરમિયાન કાચો અને ઉબડખાબડ વાળા રસ્તા પર અચાનક બેલેન્સ ગુમાવ્યું હતું. જેથી માતા અને પુત્ર આ રસ્તા પર ભૂર્ગભ ગટર માટે બનાવવામાં આવેલી કુંડીમાં પડ્યા હતાં. પુત્રને કોઈ ઈજા થઈ ન હતી. પરંતુ માતા ઘાયલ થઈ હતી. ત્યાંથી પસાર થનારા અન્ય વ્યક્તિનું આ અકસ્માત પર ધ્યાન જતાં તુરત જ ૧૦૮ બોલાવી હતી.આશરે ૧૫ ફૂટ ઊંડા ગટરના ખાડામાંથી સ્થાનિકો તેમજ ૧૦૮ની ટુકડીએ મહિલા અને બાળકને સહી સલામત રીતે બહાર કાઢી લીધા હતા. બાળકને કોઈ ઈજા થઈ ન હતી, અને તેનો બચાવ થયો હતો. જયારે માતા રેશ્માબેન ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલ તેમની સ્થિતિ સુધારા પર છે. આ અકસ્માતની જાણ થતાં સીટી એ. ડિવિઝનનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો.

### રસ્તાઓમાં પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી

## રાજ્યમાં કુલ ૪૭ ટકા પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।
ચોમાસાની ઋતુમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓ અને પુલ ક્ષતિગ્રસ્ત બન્યા છે. આ રસ્તા અને પુલનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યભરમાં યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે.રાજ્યમાં કુલ ૪૭ ટકા પેચવર્કની કામગીરી એટલે કે, કુલ ૧૪૦૧ કિ.મી. લંબાઈના મેજર અને માઈનોર રસ્તાઓમાં પેચવર્કની કામગીરી પૂર્ણ કરાઈ છે.આ ઉપરાંત રસ્તાઓમાં પડેલા માઈનર પોટહોલ્સ-ખાડા પૂરવાની ૬૩ ટકાથી વધુ કામગીરી પૂર્ણ કરાઈ છે.એટલે કે, કુલ ૯૦૯૨ પોટહોલ્સ પુરવામાં આવ્યા છે. ગુજરાતમાં રાજ્ય, પંચાયત, રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને પાટનગર યોજનાના મળીને કુલ ૧.૧૯ લાખ કિ.મી.થી વધુ લંબાઈ ધરાવતા રસ્તાઓ આવેલા છે. આ રસ્તાઓ પૈકી ભારે વરસાદના પગલે ક્ષતિગ્રસ્ત રસ્તાઓ પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા મેજર અને માઈનોર પેચવર્ક કરવાપાત્ર ૨૯૮૫ કિ.મી. રસ્તાઓમાંથી કુલ ૧૪૦૧ કિ.મી. રસ્તાઓમાં પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.અત્યાર સુધીમાં ક્ષતિગ્રસ્ત રસ્તાઓ પર કુલ ૧૪૩૩૯ જેટલા માઈનોર પોટહોલ્સ-ખાડા પૈકી ૯૦૯૨ એટલે કે ૬૩ ટકાથી વધુ પોટહોલ્સ ભરવાની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી છે.જેમાં કોંક્રીટથી ભરેલા પોટહોલ્સ ૨૮૭, પેવર બ્લોકથી ભરેલા પોટહોલ્સ ૧૩૮, મેટલથી ભરેલા પોટહોલ્સ ૫૭૩૫ અને ડામરથી ભરેલા ૨૯૩૨ પોટહોલ્સનો સમાવેશ થાય છે. અમદાવાદ ઝોનમાં ક્ષતિગ્રસ્ત કુલ ૩૨૩.૧૯ કિ.મી.ના રસ્તાઓમાંથી ૧૫૯.૭૪ કિ.મી.ના રસ્તામાં પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમજ ૧૭૧૪પોટહોલ્સ ભરવામાં આવ્યાં છે. ગાંધીનગર ઝોનમાં ક્ષતિગ્રસ્ત કુલ ૧૭૬.૦૭ કિ.મી.ના રસ્તાઓમાંથી ૧૨૨.૮ કિ.મી.ના રસ્તામાં પેચવર્કની કામગીરી તેમજ ૧૧૮૮ પોટહોલ્સની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. રાજકોટ-૧ ઝોનમાં ક્ષતિગ્રસ્ત કુલ ૩૬૬.૩ કિ.મી.ના રસ્તાઓમાંથી ૧૦૬ કિ.મી.ના રસ્તામાં પેચવર્કની તેમજ ૮૪૫ પોટહોલ્સની કામગીરી પૂર્ણ કરાઈ છે.રાજકોટ- ૨ ઝોનમાં ક્ષતિગ્રસ્ત કુલ ૯૦૭.૬ કિ.મી.ના રસ્તાઓમાંથી ૨૩૫.૦૭ કિ.મી.ના રસ્તામાં પેચવર્કની તેમજ ૭૬૭ જેટલા પોટહોલ્સ ભરવાની કામગીરી પૂર્ણ કરાઈ છે. આ ઉપરાંત વડોદરા ઝોનમાં ક્ષતિગ્રસ્ત કુલ ૫૩૪.૮ કિ.મી.ના રસ્તાઓમાંથી ૩૭૮ કિ.મી.ના રસ્તામાં પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમજ ૨૧૬૮ પોટહોલ્સ ભરવામાં આવ્યાં છે.

# સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગના ડોક્ટરો દ્વારા સાડા ત્રણ વર્ષના બાળક ઉપર અત્યંત જટીલ એવી ગેસ્ટ્રિક પુલઅપ સર્જરી સફળતાપૂર્વક કરાઈ

### ફૂડ પાઇપની ઇસોફેજીયલ એટ્રીસિયા નામની જન્મજાત ખામીથી પીડાતા ૩.૫ વર્ષના બાળકને સિવિલના ડોક્ટરોએ દુર્લભ સર્જરીથી આપી નવી જિંદગી




। અમદાવાદ ।
સિવિલ હોસ્પિટલ અમદાવાદના ડૉક્ટરોની નિષ્ઠા અને નિપૂણતાનો વધુ એક કિસ્સો જોવા મળ્યો છે. એક દુર્લભ ખામીને કારણે જન્મથી જ નળી દ્વારા ખોરાક લઈ જીવતા શ્લોક નામના બાળકે સાડા ત્રણ વર્ષ પછી જિંદગીમાં પહેલીવાર મોંઢાથી ખાઈને ભોજનનો આનંદ માણ્યો છે.

સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગના ડૉક્ટરોએ સાડા ત્રણ વર્ષના બાળક ઉપર અત્યંત જટીલ એવી ગેસ્ટ્રિક પુલઅપ સર્જરી સફળતાપૂર્વક પાર પાડીને બાળકને નવી જિંદગી આપી છે.

આ ખામી અને સર્જરી વિશે વિગતો આપતા સિવિલ સુપ્રીટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યુ હતું કે અમદાવાદના રહેવાસી અને વ્યવસાયે ઈલેક્ટ્રિશિયન એવા સુનિલ ચૌધરી અને નિમિષાબહેનના પુત્ર શ્લોકને જન્મ સમયે ટાઈપ એ ઈસોફેજીયલ એટ્રેસિયા નામની ખામી હોવાનું નિદાન થયું હતું. ટાઈપ છ ઈસોફેજિયલ એટ્રેસિયામાં ખોરાકની નળી (ઈસોફેગસ) બે ભાગોમાં હોય છે અને તેની વચ્ચે ખાલી જગ્યા (ગેપ) હોય છે. આને કારણે ખોરાક પેટમાં પહોંચતો નથી અને બાળકને વધારે લાળ, ઊલટી, શ્વાસ લેવામાં તકલીફ, અને ખોરાક ગળી ન શકવાની સમસ્યા થાય છે. ઈસોફેજીયલ એટ્રીસિયા એ ૪૦૦૦ બાળકોમાંથી એકમાં જોવા મળતી દુર્લભ જન્મજાત ખામી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

આવી ખામીના કિસ્સામાં જન્મસમયે ઈસોફેગોસ્ટોમી અને ગેસ્ટ્રોસ્ટોમી સર્જરી કરી ખોરાકની નળીનો ઉપરનો ભાગ ગળામાં સ્ટોમા તરીકે બહાર લાવવામાં આવે છે, જેથી લાળને બીજા રસ્તે વાળી શકાય અને તે શ્વાસ નળીમાં જાય નહીં. પેટમાં સીધો ખોરાક પહોંચે તે માટે ફીડિંગ ગેસ્ટ્રોસ્ટોમી બનાવી આપવામાં આવે છે.

આવાં બાળકોનું વજન લગભગ ૭-૧૦ કિગ્રા થઈ જાય અને તેઓ પોતે બેસી શકે એવી સ્થિતિમાં હોય ત્યારે આખરી ગેસ્ટ્રિક પુલ-અપ ઓપરેશન કરવામાં આવે છે. ગેસ્ટ્રિક પુલ-અપ એટલે એક પ્રકારનું જટીલ ઓપરેશન, જેમાં ડૉક્ટરો જઠરને ઉપર ખસેડીને છાતીમાં લાવે છે, જેથી ખોરાકની નળીના તૂટેલા ભાગની જગ્યાએ તેનો ઉપયોગ કરી શકાય.

આ જટીલ ઓપરેશન કરતા પહેલા અમુક તૈયારીઓ કરવામાં આવે છે:

**બાળકને પોષણની તૈયારી**

- ગેસ્ટ્રોસ્ટોમીથી નિયમિત ખોરાક આપવાથી બાળકનું વજન વધે છે અને વૃદ્ધિ સારી થાય છે.
- પોષણમાં કોઈ કમી રહેતી નથી, એ સુનિશ્ચિત કરવું.
- ડૉક્ટરોનું ટીમવર્ક અને સતત નિરીક્ષણ
- પીડિયાટ્રિક સર્જન, બેભાન કરનાર ડોક્ટર, ડાયેટિશિયન અને આઈસીયુની ટીમ દ્વારા તમામ પાસાંઓનું સતત મોનિટરિંગ કરવામાં આવે છે
- માતા-પિતાને ઓપરેશન વિશે, પછીની સારવાર અને શક્ય મુશ્કેલીઓ વિશે સમજાવવામાં આવે છે

આ ઓપરેશનના કારણે બાળક સહેલાઈથી ખાઈ-પી શકે છે અને તંદુરસ્ત બની શકે છે. જન્મ સમયે તાત્કાલિક ધોરણે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ઉપર મુજબની ઈસોફેગોસ્ટોમી અને ગેસ્ટ્રોસ્ટોમીનું ઓપરેશન શ્લોક ઉપર કરવામાં આવ્યું હતું.

જન્મથી ૩.૫ વર્ષ સુધી શ્લોક ખાવા માટે આ ગેસ્ટ્રોસ્ટોમી ટ્યૂબ (નળી) ઉપર આધારિત હતો.

૩.૫ વર્ષ સુધી ગેસ્ટ્રોસ્ટોમી ટ્યૂબ દ્વારા સીધો જ પેટમાં ખોરાક અપાતો હોવાથી આગળની ગેસ્ટ્રિક પુલ અપ સર્જરી માટે જરૂરી વજન વધતું ન હોવાથી શ્લોકની સર્જરી કરવામાં થોડું મોડું થયું હતું.

શ્લોકના ચિંતિત માતા-પિતા અગાઉ ઘણી ખાનગી હોસ્પિટલોમાં ગયાં હતાં અને આ સર્જરી માટે તેમને આશરે ૮-૧૦ લાખ રૂપિયાનો ખર્ચો જણાવવામાં આવ્યો હતો, પરંતુ આટલો મોટો ખર્ચો તેમને પરવડે તેમ ન હોવાથી સિવિલ હોસ્પિટલ અમદાવાદ આવ્યા હતા.

આખરે તારીખ ૨૯મી મે, ૨૦૨૫ના રોજ ડૉ. રાકેશ જોષી પ્રોફેસર પીડિયાટ્રિક સર્જરી વિભાગ તથા પ્રો. ડૉ. જયશ્રી રામજી અને તેમની ટીમ તથા એનેસ્થેસિયા વિભાગના પ્રોફેસર ડૉ. નિલેશ સોલંકી દ્વારા ૩.૫ વર્ષના શ્લોકની સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ગેસ્ટ્રિક પુલ અપ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી. ગેસ્ટ્રિક પુલ અપ સર્જરીમાં હોજરીને ખેંચી તેમાંથી અન્નનળી બનાવવામાં આવે છે, જેથી બાળક મોઢેથી ખોરાક લઈ શકે છે.

ડૉ. જોષીએ જણાવ્યું હતું કે આવી જટીલ સર્જરીમાં સારામાં સારી હોસ્પિટલમાં પણ સામાન્ય રીતે બચવાનો કે જીવિત રહેવાનો દર ૪૦થી ૫૦ ટકા જેટલો જ હોય છે. શ્લોક પર સફળતાપૂર્વક સર્જરી થઈ એ સિવિલ હોસ્પિટલ અમદાવાદની સિદ્ધિ ગણાવી શકાય, એવું તેમણે ઉમેર્યું હતું.

વહેલા નિદાન અને વિશેષ સંભાળની સાથે આ કેસ નાનાં બાળકોને આવી જીવનરક્ષક સારવાર પૂરી પાડવામાં સિવિલ હોસ્પિટલ અમદાવાદની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ચરિતાર્થ કરે છે, તેમ ડૉ. જોષીએ જણાવ્યું હતું. સર્જરી બાદ પોસ્ટઓપરેટિવ પીરિયડ દરમિયાન બાળકે કોઈ પણ તકલીફ વગર જીવનમાં પહેલીવાર મોંઢા દ્વારા ખાવાનું શરૂ કર્યું હતું. શ્લોકને આઈસ્ક્રીમ ખૂબ ભાવે છે. એણે સાડા ત્રણ વર્ષ પછી આઈસક્રીમની મજા માણી!

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### પંચાયત સીરિઝના જાણીતા એક્ટરને આવ્યો હાર્ટ એટેક

। (એજન્સી) મુંબઇ, તા.૧૫ ।

પંચાયત' અને 'ભૂતની' જેવી લોકપ્રિય ફિલ્મ- વેબ સીરિઝમાં કામ કરી ચૂકેલા એક્ટર આસિફ ખાનને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. એક્ટરને ૨ દિવસ પહેલા હાર્ટ એટેકનો હુમલો આવ્યો હતો. આ દુખદ સમાચાર આવતાં તેમના ચાહકો અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચિંતા વ્યાપી ગઈ હતી. અચાનક આ ઘટના બનતાં તેમને તાત્કાલિક મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. માહિતી પ્રમાણે આજે તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી શકે છે. ૩૪ વર્ષીય આસિફ ખાનને બે દિવસ પહેલા હાર્ટ એટેક આવ્યો હતો, પરંતુ રાહતના સમાચાર એ હતા કે, તેમની હાલત સ્થિર હતી અને તબિયત સુધારા પર હતી. તેમજ જ્યાં સુધી આસિફ બરોબર ઠીક ન થઈ જાય ત્યાં સુધી તેમને ડોક્ટરની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. રાહતના સમાચાર એ છે કે, તેઓ હવે તંદુરસ્ત છે. જેમ જેમ એક્ટરની તબિયતમાં સુધારો થતો ગયો, તેમણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ભાવનાત્મક મેસેજ શેર કર્યો. તેમણે લખ્યું કે, છેલ્લા ૩૬ કલાકથી આ બધું જોયા પછી એ અહેસાસ થયો. જીવન ખૂબ ટૂંકું છે, એક પણ દિવસને હળવાશથી ન લો. એક ક્ષણમાં બધું બદલાઈ શકે છે.

### તમિલનાડુના વિદ્યાર્થીઓ હવે વર્ગમાં 'U' આકારમાં એટલે કે તમિલમાં આકારમાં બેસશે

। (એજન્સી) તમિલનાડુ, તા.૧૫ ।

તમિલનાડુની બધી સરકારી શાળાઓમાં પરંપરાગત બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી, વિદ્યાર્થીઓ બધા વર્ગોમાં એક બીજાની પાછળ એમ એક લાઈનમાં બેસતા હતા, પરંતુ હવે બેઠક વ્યવસ્થા બદલાઈ ગઈ છે. તમિલનાડુના વિદ્યાર્થીઓ હવે વર્ગમાં 'U' આકારમાં એટલે કે તમિલમાં આકારમાં બેસશે.

તમિલનાડુ સરકાર દ્વારા આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓ દરેક પ્રવૃત્તિમાં ભાગ લે, દરેક વિદ્યાર્થીને આગળની હરોળનો અનુભવ આપવાનો છે. હાલ આ વ્યવસ્થા પાયલટ ધોરણે લાગુ કરવામાં આવશે અને તેની સફળતાના આધારે તેનો વિસ્તાર કરવામાં આવશે. દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વર્ગના કદ પર આધારિત રહેશે. તમિલનાડુ સરકાર તરફથી એક પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, 'દરેક અવાજ સંભળાવવો અને દેખાવો જોઈએ. શિક્ષણ એ વાતચીત બનવું જોઈએ, વ્યાખ્યાન નહીં.'

'વર્ગના બધા વિદ્યાર્થીઓ 'U' આકારમાં બેસશે. કોઈ પણ વિદ્યાર્થી એકબીજાની આગળ કે પાછળ બેસશે નહીં. તમે તેને અર્ધવર્તુળ તરીકે સમજી શકો છો. આ ગોઠવણીમાં, ડેસ્ક અને ખુરશીઓ એવી રીતે મૂકવામાં આવે છે કે તે મોટા U જેવા દેખાય. આથી શિક્ષક Uના ખુલ્લા ભાગમાં ઊભા રહીને બધા વિદ્યાર્થીઓને જોઈ શકે છે અને વિદ્યાર્થીઓ પણ એકબીજાના ચહેરા જોઈ શકે છે. આ શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સંપર્ક અને વાતચીતને સરળ બનાવે છે.

તમિલનાડુ શાળા શિક્ષણ વિભાગ માને છે કે ક્લાસમાં યોગ્ય બેઠક વ્યવસ્થા અભ્યાસ સુધારવા, વિદ્યાર્થીઓ વચ્ચે વાતચીત વધારવા અને તેમને આરામદાયક અનુભવ કરાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તાજેતરમાં જાહેર કરાયેલા આ આદેશમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે પરંપરાગત વર્ગખંડોમાં પાછળના બેન્ચ પર બેઠેલા વિદ્યાર્થીઓને ઘણીવાર શિક્ષક સાથે સીધો સંપર્ક કરવામાં મુશ્કેલી પડતી હતી. પરંતુ હવે આ નવી વ્યવસ્થાના કારણે છેલ્લી બેન્ચ જ દૂર કરી દેવામાં આવી છે. જેથી દરેક વિદ્યાર્થી પ્રથમ હરોળમાં જ બેસે.

કેરળની રામવિલાસોમ વોકેશનલ હાયર સેકન્ડરી સ્કૂલમાં બાળકોની બેઠક વ્યવસ્થા 'U' આકારમાં ગોઠવવામાં આવી છે. આનાથી શિક્ષકો દરેક બાળક પર સમાન નજર રાખી શકે છે અને 'બેકબેન્ચર'નો કોન્સેપ્ટ પણ દૂર થઈ ગયો છે. આ નવી વ્યવસ્થામાં દરેક બાળકને આગળની સીટ પર બેસવાનો મોકો મળે છે.

કેરળની આ શાળાને આ વિચાર ૨૦૨૪ની મલયાલમ ફિલ્મ 'સ્થાનાર્થી શ્રીકુટ્ટનમાં દર્શાવવામાં આવેલા ક્લાસરૂમમાંથી મળ્યો છે. આ ફિલ્મમાં એક બેકબેન્ચરની વાર્તા છે, જે શાળાની ચૂંટણી દરમિયાન 'U' આકારની બેઠક વ્યવસ્થાનું સૂચન કરે છે.

#### પાર્ટીના ધારાસભ્ય-મંત્રીઓને શિંદેની ચેતવણી । જાહેર જીવનમાં શિસ્તનું પાલન કરો અને અમને કાર્યવાહી કરવા માટે મજબૂર ન કરો

# મંત્રી શિરસાટ, ધારાસભ્ય ગાયકવાડના કાંડ બાદ શિંદે આક્રમક થયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

શિવસેનાના મંત્રી સંજય શિરસાટ અને ધારાસભ્ય સંજય ગાડકવાડની કરતૂત બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. બંને નેતાના કાંડ બાદ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે એ પાર્ટીના ધારાસભ્યો અને મંત્રીઓને કડક શબ્દોમાં કહ્યું છે કે, 'જાહેર જીવનમાં શિસ્તનું પાલન કરો અને અમને કાર્યવાહી કરવા માટે મજબૂર ન કરો.' એકનાથ શિંદેએ પાર્ટીની બેઠકમાં ધારાસભ્યો અને મંત્રીઓને ચેતવણી આપવાની સાથે કહ્યું કે, 'જાહેર જીવનમાં શિસ્ત ખૂબ જરૂરી છે અને આપણે શિસ્તતા જાળવવાની છે. હું આપ તમામ લોકો પાસે શિસ્ત અને જવાબદારીની અપેક્ષા રાખું છું. તમે બહારના કોઈપણ પ્રભાવ કે પછી શક્તિના દબાણમાં આવીને નિર્ણય ન લો. પ્રજાના વિરોધના



કારણે કેટલાક મંત્રીઓએ પદ છોડવું પડ્યું છે. મને મારા જ પરિવારના સભ્યો વિરુદ્ધ કાર્યવાહી કરવી પસંદ નથી, જોકે મને એવું લાગી રહ્યું છે કે, મને કાર્યવાહી કરવા માટે મજબૂર ન કરો. તમે નક્કામા મુદ્દાઓ પર પોતાની ઉર્જા બરબાદ ન કરો. તમે ઓછું બોલો અને વધુ કામ કરો. હું બોસની જેમ વ્યવહાર કરતો નથી, ગુસ્સે પણ થતો નથી. હું એક કાર્યકર્તા તરીકે કામ કરું છું અને આશા રાખું છું કે, તમે પણ એક કાર્યકર્તાની જેમ વ્યવહાર કરો.' વાસ્તવમાં આયકર વિભાગે ૨૦૧૯-૨૦૨૪ વચ્ચે વધેલી સંપત્તિ મામલે તાજેતરમાં જ શિવસેનાના મંત્રી સંજય શિરસાટ ને નોટિસ ફટકારી હતી. તેના થોડા દિવસ બાદ અન્ય એક ઘટનામાં શિરસાટનો નોટોથી ભરેલી બેગ અને સિગારેટના કશ સાથેનો વીડિયો વાયરલ થયો છે, જેના કારણે મહારાષ્ટ્રની દેવેન્દ્ર ફડણવીસ સરકાર બેકફૂટ પર ધકેલાઈ ગઈ હતી. આ દરમિયાન વિપક્ષો શિરસાટ પર આક્રમક બની ગયા હતા. વાયરલ થયેલા વીડિયોમાં શિરસાટ શોર્ટ્સ અને ગંજી પહેરેલી સ્થિતિમાં બેડ પર બેઠા જોવા મળી રહ્યા હતા. તેઓ સિગારેટને કશ લેતા અને ફોન પર કોઈની સાથે વાત કરતા નજર આવી રહ્યા હતા.

### મુંબઈ ધારાસભ્ય છાત્રાલયની કેન્ટીનનું લાઇસન્સ હવે રદ કરવામાં આવ્યું

**શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે સંજય શિરસાટનો વીડિયો શેર કર્યો હતો. તેમણે લખ્યું કે, 'મને દેવેન્દ્ર ફડણવીસ પર દયા આવી રહી છે. છેવટે તેમણે કેટલીક જોવું પડશે કે, તેમની ઈજ્જત વારંવાર કલંકિત થઈ રહી છે. મજબૂરીનું બીજુ નામઃ ફડણવીસ...' રાઉતે વીડિયો શેર કર્યા બાદ શિરસાટે કહ્યું કે, 'હું પ્રવાસ કરી પરત આવી રહ્યો હતો અને કપડાં બદલ્યા બાદ મારા બેડરૂમમાં બેઠો હતો. મારો શ્વાસ પણ મારી સાથે હતો. એવું લાગે છે કે, તે સમયે કોઈએ મારો વીડિયો રેકોર્ડ કર્યો છે. શિરસાટે આઈટી નોટિસ અંગે પણ જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે, 'કેટલાક લોકોને મારાથી વાંધો છે, પરંતુ તેમને જવાબ મળી જશે. સિસ્ટમ પોતાનું કામ કરી રહ્યું છે અને મને તેનાથી કોઈ સમસ્યા નથી. હું કોઈપણ દબાણમાં નથી. આવકવેરા વિભાગની તપાસ ચાલુ છે. હું કોઈ પણ તપાસનો સામનો કરવા માટે તૈયાર છું.' ૮ જુલાઈના રોજ મહારાષ્ટ્રમાં શાસક ગઠબંધનના ધારાસભ્ય સંજય ગાયકવાડે વાસી ખોરાક પીરસવા બદલ કેન્ટીન મેનેજરને ઢોર માર માર્યો હતો. તેઓ દાળની નબળી ગુણવત્તાને લઈને ગુસ્સે ભરાયા અને કેન્ટીન મેનેજરને માર માર્યો હતો. ધારાસભ્યનો કેન્ટીન મેનેજરને માર મારવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.**

#### એક અઠવાડિયામાં જ પરમાણુ યુદ્ધ શરૂ થયું હોત

# ટ્રમ્પ એકવાર ફરી ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામનો શ્રેય લઈ રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એકવાર ફરી ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામનો શ્રેય લઈ રહ્યા છે. હવે તેમણે દાવો કર્યો છે કે, બંને દેશ વચ્ચે પરમાણુ યુદ્ધ શરૂ થવાનું હતું. જોકે, ભારતે સતત આ દાવાને નકારતા કહ્યું છે કે, સંઘર્ષ વિરામમાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા નથી. પહલગામ આતંકી હુમલા બાદ ભારતે આતંકવાદીઓ સામે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું, જેના જવાબમાં પાકિસ્તાને પણ કાર્યવાહી કરી હતી.

વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પે કહ્યું કે, 'અમે યુદ્ધ વિરામ કરાવવામાં સફળ રહ્યા હતા. ભારત અને પાકિસ્તાનને જોઈ લો. જે પ્રકારે આ યુદ્ધ ચાલી રહ્યું હતું, ભારત અને પાકિસ્તાનમાં એક અઠવાડિયામાં પરમાણુ યુદ્ધ શરૂ થઈ જાત. પરંતુ, અમે તેનો વેપારની મદદથી ઉકેલ લાવ્યા. મેં કહ્યું કે, જ્યાં સુધી તમે સમાધાન નહીં કરો,



ત્યાં સુધી અમે વેપાર વિશે વાત નહીં કરઈએ અને આવું કર્યું.

જોકે, આ પહેલીવાર નથી જ્યારે ટ્રમ્પે આ પ્રકારનો દાવો કર્યો છે. પહેલા પણ અનેકવાર કહેતા રહ્યા છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ રોકવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયો પણ આ પ્રકારનો દાવો કરી ચુક્યા છે. ગત અઠવાડિયે તેમણે કહ્યું હતું કે, 'પ્રમુખ મહોદય, હું અહીં એક યાદી પર નજર દોડાવી રહ્યો છું. ઘરેલુ સ્તર પર હાંસલ કરવામાં આવેલી તમામ ઉપ્લબ્ધિઓ પર. અમે તમારા નેતૃત્વમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ પણ કરાવ્યું.'

ઓપરેશન સિંદૂર પછી ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે, પાકિસ્તાનના ડીજીએમઓએ ભારતીનો સંપર્ક કર્યો હતો. મળતી માહિતી મુજબ, તેમણે તમામ લશ્કરી કાર્યવાહી બંધ કરવાની વિનંતી કરી હતી. ભારતની કાર્યવાહીના જવાબમાં, પાકિસ્તાને ભારતીય શહેરો પર ડ્રોન અને મિસાઈલોથી હુમલો કર્યો હતો, પરંતુ ભારતીય વાયુ સંરક્ષણ પ્રણાલી સામે બધા નિષ્ફળ ગયા.

આ ઓપરેશનમાં ભારતીય પક્ષને કોઈ નુકસાન નથી થયું. , ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે પણ તાજેતરમાં આ દાવો કર્યો હતો કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતને કોઈ નુકસાન નથી થયું.

#### ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની મુલાકાત મુદ્દે કટાક્ષ

# સર્કસ ચલાવી રાખ્યું છે એસ. જયશંકર-શી જિનપિંગની મુલાકાત મુદ્દે રાહુલ ગાંધીનો કટાક્ષ

। (એજન્સી) નવીદિલ્હી,તા.૧૫ ।

લોકસભાના વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ આજે મંગળવારે (૧૫ જુલાઈ) વિદેશ મંત્રી એસ. જયશંકર અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની મુલાકાત મુદ્દે કટાક્ષ કરી છે. જેમાં રાહુલ ગાંધીએ એસ. જયશંકર પર જિનપિંગને ભારત-ચીન સંબંધો વિશે જાણકારી આપવા મામલે નિશાનો સાધતાં કહ્યું હતું કે, 'તેઓએ દેશની વિદેશ નીતિને નષ્ટ કરવાના ઉદ્દેશ્યથી સંપૂર્ણ રીતે સર્કસ ચલાવી રાખ્યું છે.' રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર લખ્યું હતું કે, 'ચીની વિદેશ મંત્રી આવશે અને મોદીને ચીન-ભારત સંબંધો મામલે હાલની સ્થિતિ અંગે અવગત કરશે. વિદેશ મંત્રી હવે ભારતની વિદેશ નીતિને બરબાદ કરવાના હેતુથી એક સંપૂર્ણ વિકસિત સર્કસ ચલાવી રહ્યા છે. બેઈજિંગમાં શી જિનપિંગ સાથેની મુલાકાત દરમિયાન જયશંકરે ચીનના રાષ્ટ્રપતિને રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વતી શુભકામનાઓ પણ પાઠવી હતી.'

તેમણે વધુમાં લખ્યું કે, 'જયશંકરે કહ્યું કે, આજે સવારે બેઈજિંગમાં આપણા



સાથી એસસીઓ વિદેશ મંત્રીઓની સાથે રાષ્ટ્રપતિ શી જિનપિંગની મુલાકાત કરી. જિનપિંગ આપણા દ્વિપક્ષીય સંબંધોમાં હાલના વિકાસથી માહિતીગાર કર્યા. આપણા નેતૃત્ત્વના માર્ગદર્શનને મહત્ત્વ આપે છે. જયશંકર શંઘાઈ સહયોગ સંગઠન(SCO)ના વિદેશ મંત્રીની બેઠકમાં ભાગ લેવા માટે ચીનની મુલાકાતે છે. સોમવારે જયશંકરે તેમના ચીની સમકક્ષ વાંગ યી સાથે બેઠક કરી હતી. જેમાં દ્વિપક્ષીય સંબંધો પ્રતિ દૂરદર્શી દ્રષ્ટિકોણ, સ્થિર અને રચનાત્મક સંબંધ બનાવવાની જરૂરિયાત પર ચર્ચા કરી હતી.'




મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC) ખાતે ટેસ્લાના પ્રથમ શો રૂમનો ઉદ્ઘાટન દરમિયાન પોલીસ કર્મચારીઓ તેની બહાર ચોકી કરી રહ્યા છે.

# ગાઝા અંગે ઈઝરાયલના ખતરનાક ઈરાદા સામે આવ્યા

। (એજન્સી) ગાઝા, તા.૧૫ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે સીઝફાયર મુદ્દે છેલ્લા એક સપ્તાહથી અટકળો વહેતી થઈ હતી કે, આ ડીલ ગમેત્યારે થઈ શકે છે, પરંતુ હજુ સુધી કોઈ અપડેટ આવી નથી. બંને દેશો વચ્ચે સીઝફાયરનો નિર્ણય અટવાયો ચર્ચા ચાલી રહી છે કે, આ ડીલ ક્યારેય પણ થઈ શકે છે. પરંતુ હજુ સુધી કોઈ અપડેટ આવી નથી. જેની પાછળનું કારણ ઈઝરાયલનો ખતરનાક પ્લાન છે. તેણે આ પ્લાન અમેરિકા અને હમાસ સમક્ષ પણ રજૂ કર્યો છે. જેના લીધે સીઝફાયર અંગે કોઈ નિર્ણય લેવાઈ રહ્યો નથી. ઈઝરાયલે પ્રસ્તાવ રજૂ કર્યો છે કે, આખું ગાઝા ખાલી કરવામાં આવે, તેના એક નાનકડાં દક્ષિણ હિસ્સામાં પેલેસ્ટાઈનવાસીઓને આશરો આપવામાં આવે, આ વિસ્તાર પણ ઈઝરાયલની સેનાના નિયંત્રણ હેઠળ છે. ઈઝરાયલ ઈચ્છે છે કે, ગાઝામાં રહેતાં પેલેસ્ટાઈનના લોકો તેની સેનાના શરણે રહે. અત્યારસુધી આ પ્રસ્તાવ મુદ્દે ઈઝરાયલે સત્તાવાર કોઈ નિવેદન આપ્યું નથી. પરંતુ તેના સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાટ્ઝે આ મુદ્દે વાત કરી હતી. ઈઝરાયલના આ પલાન મુદ્દે માનવાધિકાર સંગઠન ચિંતિત છે. તદુપરાંત અમેરિકા, સઉદી અરબ જેવા દેશ પણ તેના પક્ષમાં નથી.

# બે વ્યક્તિને કચડીને મારી નાંખનારા છોકરાને સગીર માનીને જ કેસ ચલાવાશે

#### ગત વર્ષે નશાની હાલતમાં પોર્શ કારે ટક્કર મારી હતી, જેમાં બે વ્યક્તિના મોત થયા હતા આ કેસના ૧૭ વર્ષિય આરોપી પર સગીરનો કેસ ચલાવવામાં આવે

। (એજન્સી) પૂણે, તા.૧૫ ।

પૂણેમાં પોર્શ કાર કેસમાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડમાં આજે (૧૫ જુલાઈ) સુનાવણી દરમિયાન પુણે સિટી પોલીસને ઝટકો લાગ્યો છે. પોલીસે બોર્ડમાં અરજી કરીને સગીર આરોપી વિરુદ્ધ પુખ્ત વ્યક્તિની જેમ વ્યવહાર કરવાની માંગ કરી હતી, જોકે બોર્ડે તે અરજી ફગાવી દીધી છે. પુણેનાં કોરેગાંવ પાર્ક વિસ્તારમાં ૧૯ મે-૨૦૨૪ના રોજ પોર્શ કારની ટક્કરથી બે વ્યક્તિના મોત નિપજ્યા હતા. જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે કહ્યું કે, 'પુણેમાં ગત વર્ષે નશાની હાલતમાં પોર્શ કારે ટક્કર મારી હતી, જેમાં બે વ્યક્તિના મોત થયા હતા. આ કેસના ૧૭ વર્ષિય આરોપી પર સગીરનો કેસ ચલાવવામાં આવે.

આ પહેલા જૂન-૨૦૨૪માં પૂણે બોમ્બે હાઈકોર્ટે સગીર આરોપીને સુધાર ગૃહમાંથી છોડી મુકવાનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે સગીર આરોપીને જામીન આપ્યા છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, સગીર આરોપીએ તેની કાકી સાથે રહેવું પડશે.

પૂણેમાં પોર્શે કાર હેઠળ બંને કચડી નાખનાર સગીર છોકરાને બચાવવા માટે શ્રીમંત અગ્રવાલ પરિવારે તમામ સંભવિત પ્રયાસ કર્યા હતા. કુળદીપકને બચાવવા આરોપીના પિતા અને દાદાએ ડ્રાઈવરને ખોટું નિવેદન નોંધાવવા દબાણ કર્યું હતું. ડ્રાઈવરનું અપહરણ કરી સગીરના પિતા અને દાદાએ તેને બંગલોમાં ગોંધી રાખી રોકડ રકમ, ગિફ્ટની લાલચ આપી હતી. પરંતુ તેમની વાત ન માનતા આરોપીએ ડ્રાઈવરને ધમકી આપી હતી, એમ પૂણે પોલીસ કમિશનર અમિનેશ કુમારે ૨૫ મે-૨૦૨૪માં જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં અકસ્માત સર્જનારા તરુણ, તેના પિતા વિશાલ અગ્રવાલ અને હવે તેના દાદા સુરેન્દ્ર અગ્રવાલ એમ ત્રણેયની ધરપકડ કરાઈ હતી. આમ એક જ કેસમાં ત્રણ ત્રણ પેઢી પોલીસના સકંજમાં આવી હતી. અકસ્માત બાદ ચર્ચાસ્પદ બનેલા આ કેસમાં સુરેન્દ્ર અગ્રવાલે ડ્રાઈવરનું અપહરણ કરી તેને ગોંધી રાખી તેને ગુનો પોતાના માથે લઈ લેવા ધાકધમકી આપી હતી. ત્યારબાદ કોર્ટે આરોપીને ૨૮ મે સુધીની પોલીસ કસ્ટડી આપી હતી. ફેમિલી ડ્રાઈવરને ૧૯ મેના અકસ્માત બાદ ખોટી રીતે ઘરમાં ગોંધી રાખવા બદલ સગીરના દાદાની ધરપકડ કરવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, પૂણેમાં એક સગીરે નશાની હાલતમાં પોર્શ કાર ચલાવી અકસ્માત સર્જોય હતો.

#### સીએમ સિદ્ધારમૈયાએ પીએમ મોદીને પત્ર લખ્યો

# બ્રિજ ઉદ્ઘાટનના આમંત્રણ મામલે નીતિન ગડકરી અને કોંગ્રેસના મુખ્યમંત્રી વચ્ચે ચણભણ

। (એજન્સી) કર્ણાટક, તા.૧૫ ।

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સોમવારે (૧૪મી જુલાઈ) કર્ણાટકના શિવમોગામાં દેશના બીજા સૌથી લાંબા કેબલ-સ્ટેડ સિગંદૂર બ્રિજનું ઉદ્ઘાટન કર્યું હતું. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને તેમના કેબિનેટ સાથીઓએ આ કાર્યક્રમનો વિરોધ કર્યો હતો અને દાવો કર્યો હતો કે 'નીતિન ગડકરીએ અમને આમંત્રણ આપ્યું નહતું.' કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને કેન્દ્ર પર પ્રોટોકોલનું ગંભીર ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે પત્રમાં દાવો કર્યો હતો કે, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયે રાજ્ય સરકારની સલાહ લીધા વિના શિવમોગાના સાગરા તાલુકામાં કાર્યક્રમનું આયોજન કર્યું હતું અને કોઈપણ પૂર્વ સૂચના વગર આમંત્રણ કાર્ડ પર તેમનું નામ લખાયું હતું. અગાઉ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટમાં લખ્યું કે, 'સીએમ સિદ્ધારમૈયાને ૧૧મી જુલાઈના રોજ યોજાનાર કાર્યક્રમની અધ્યક્ષતા માટે સત્તાવાર આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સંબંધિત કોઈપણ સંભવિત પડકારને ધ્યાનમાં રાખીને, ૧૨મી જુલાઈના રોજ બીજો પત્ર મોકલવામાં આવ્યો હતો, જેમાં ડિજિટલ માધ્યમ દ્વારા તેમની હાજરીની અપીલ કરવામાં આવી હતી.' મીડિયા સાથેની વાતચીતમાં સીએમ સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે, અમે આ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા નથી, કારણ કે મને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

ઈ - ટેન્ડર નોટિસ નંબર Sr.DEE/TR/ADI/15(2025-26) તા. 14.07.2025

**અમદાવાદ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર વિદ્યુત કાર્ય**

**ટેન્ડર નંબર: TRD-ADI-T-06R-2025-26**

**કાર્યનું નામ:** અમદાવાદ વિભાગ - અમદાવાદ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર રિમોટ કંટ્રોલ (TPC) દ્વારા મુખ્ય લાઇનથી લૂપ લાઇન અને યાર્ડ લાઇનને અલગ કરવાની સુવિધા સાથે સેક્શનિંગમાં સુધારો

| | |
|---|---|
| **અંદાજિત કિંમત:** ₹12,89,61,182.50 | **અર્નેસ્ટ મની:** ₹7,94,800/- |

**સબમિશનની તારીખ અને સમય:** 11.08.2025 ના 15:00 કલાક પછી નહીં.

**ખોલવાની તારીખ અને સમય:** 11.08.2025 ના 15.30 કલાકે.

**ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ.આર.), ચામુંડા પુલ પાસે; જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345

**વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in ADI108

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## તંત્રી લેખ...

# ઝારખંડમાં પૂરની ચેતવણી

ભારેથી અતિભારે વરસાદની ચેતવણી વચ્ચે મેઘરાજાએ હિમાચલ પ્રદેશને બાનમાં લીધું છે. વરસાદને કારણે અલગ-અલગ ઘટનાઓમાં હિમાચલમાં ૪ લોકોના મોત થયા છે. જ્યારે રાજસ્થાનમાં ૧૨ લોકોના મોત થયા છે. કોટામાં પાણીમાં તણાતા ૫ લોકોના મોત થયા છે. હિમાચલમાં ૨૦૦થી વધુ રસ્તાઓ વાહનોની અવરજવર માટે બંધ છે, જેમાંથી મોટાભાગના મંડીમાં છે, જ્યારે ઝારખંડના ૧૨ જિલ્લાઓ માટે અચાનક પૂરની ચેતવણી જારી કરવામાં આવી છે. યુપીમાં ભારે વરસાદને કારણે ગંગા અને યમુના નદીના જળસ્તરમાં વધારો થયો છે.રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટર એ જણાવ્યું હતું કે, આપત્તિગ્રસ્ત મંડી જિલ્લાના ૧૫૭ સહિત ૨૦૮ રસ્તાઓ વાહનોની અવરજવર માટે બંધ છે, જ્યારે ૭૪૫ પાણી પુરવઠા યોજનાઓ અને ૧૩૯ વીજ વિતરણ ટ્રાન્સફોર્મરને અસર થઈ છે. ૨૦ જૂને ચોમાસાની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધી રાજ્યમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૬૧ લોકોના મોત થયા છે. શુક્રવાર સુધી હિમાચલના ૧૨ જિલ્લાઓ માટે યેલો એલર્ટ એટલે કે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.રાજસ્થાનમાં, કોટા જિલ્લાના ખતૌલીમાં ૨૪ કલાકમાં ૧૯૮ મીમી વરસાદ નોંધાયો છે. કોટા બેરેજના ૧૨ દરવાજામાંથી પાણી છોડવામાં આવ્યા બાદ પાણીનું સ્તર અચાનક વધી જતાં ચંબલ નદીમાં પાંચ યુવાનો તણાઈ ગયા હતા. દિલ્હીમાં પણ હવામાન પલટાતા અનેક વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે ઉત્તર બંગાળની ખાડીમાં ભારે પવન ફૂંકાવાને કારણે આગામી ૨૪ કલાક સુધી માછીમારોને દરિયામાં ન જવાની ચેતવણી આપી છે.

## ભારતના રાષ્ટ્રપતિએ રેવેનશો યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહ્યા





ભારતના રાષ્ટ્રપતિ, શ્રીમતી દ્રૌપદી મુર્મુ, આજે (૧૫ જુલાઈ, ૨૦૨૫) ઓડિશાના કટક ખાતે રેવેનશો યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે આ શૈક્ષણિક સંસ્થા સ્વતંત્રતા સંગ્રામનું સક્રિય કેન્દ્ર હતું અને ઓડિશા રાજ્યની રચના માટેના આંદોલન સાથે સંકળાયેલું હતું. આ સંસ્થા શિક્ષણના વિકાસ અને મહિલા સશક્તિકરણમાં સતત અમૂલ્ય યોગદાન આપી રહી છે. તેના ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સ્વતંત્રતા સેનાનીઓ, શિક્ષણવિદો, સાહિત્યકારો, દાર્શનિકો, રાજકીય નેતાઓ, સમાજ સુધારકો, વૈજ્ઞાનિકો અને કલાકારો તરીકે ભારતની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે.

રાષ્ટ્રપતિએ એ જાણીને ખુશી વ્યક્ત કરી કે, રેવેનશો યુનિવર્સિટી સંશોધન, નવીનતા અને સમાવેશકતામાં નોંધપાત્ર પ્રગતિ કરી રહી છે. તેણે કન્સલ્ટન્સી સેવાઓ અને ટેકનોલોજી ટ્રાન્સફર દ્વારા અસંખ્ય ઉદ્યોગ ભાગીદારો સુધી તેની કુશળતા પહોંચાડી છે. તેની 'ડિઝાઇન, નવીનતા અને ઉદ્યોગસાહસિકતા કેન્દ્ર' વિચારધારા, અનુવાદાત્મક સંશોધન અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપે છે. તેમણે એ પણ નોંધ્યું કે યુનિવર્સિટી આદિવાસી વિસ્તારો, વંચિત જૂથો અને દિવ્યાંગજનોના વિદ્યાર્થીઓની નોંધણી વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આ વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, ૩ડી પ્રિન્ટિંગ અને ક્લાઉડ કમ્પ્યુટિંગે આપણી વિચારસરણી અને કાર્યશૈલીમાં મોટો ફેરફાર લાવ્યો છે. તેમને ખુશી છે કે આ યુનિવર્સિટી આ ટેકનોલોજીનો સારો ઉપયોગ કરી રહી છે. તેમણે બધાને આ અદ્યતન ટેકનોલોજીના દુરુપયોગ સામે સાવચેત રહેવાની સલાહ આપી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણો દેશ અમૃત કાળમાંથી પસાર થઈ રહ્યો છે. ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવું એ આપણું રાષ્ટ્રીય લક્ષ્ય છે. રાષ્ટ્ર પ્રથમની ભાવના આપણી સૌથી મોટી તાકાત છે. આપણા સૈનિકો, ખેડૂતો, વૈજ્ઞાનિકો, ઈજનેરો, ડોકટરો અને વિવિધ ક્ષેત્રોમાં સક્રિય લોકો ભારતનું ગૌરવ વધારવાની ભાવના સાથે કામ કરી રહ્યા છે. તેમણે વિદ્યાર્થીઓને તેમના જ્ઞાન, કૌશલ્ય અને નિષ્ઠાથી દેશના વિકાસમાં યોગદાન આપવા વિનંતી કરી હતી. રેવેનશો ગર્લ્સ હાઈ સ્કૂલની ત્રણ ઈમારતોના પુનર્વિકાસ માટે શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે પોતાના સંક્ષિપ્ત સંબોધનમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે શિક્ષણની ગુણવત્તા અને સારી માળખાગત સુવિધા એક સારું શૈક્ષણિક વાતાવરણ બનાવે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે પુનર્વિકાસ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, આ શાળાની સુવિધાઓ વધુ સારી બનશે. તેમણે કન્યાઓના શિક્ષણ સંબંધિત આ પ્રોજેક્ટ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે વિવિધ દીક્ષાંત સમારોહ દરમિયાન, તેમણે નોંધ્યું હતું કે યુવતીઓને સમાન સુવિધાઓ અને તકો આપવામાં આવે ત્યારે તેઓ વધુ સારું પ્રદર્શન કરે છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે મહિલાઓ શિક્ષણ અને સાહિત્ય હોય કે વિજ્ઞાન, ટેકનોલોજી, ઉદ્યોગ અને વાણિજ્ય દરેક ક્ષેત્રમાં સક્રિયપણે યોગદાન આપી રહી છે. તેમણે વિદ્યાર્થીનીઓને વિવિધ ક્ષેત્રોમાં સફળતાના નવા ધોરણો સ્થાપિત કરતી મહિલાઓ પાસેથી પ્રેરણા લેવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે તેઓ તેમના જ્ઞાન, આત્મવિશ્વાસ, કૌશલ્ય અને નિશ્ચયના બળ પર અશક્યને પણ પ્રાપ્ત કરી શકે છે.

### આવી દુર્ઘટનાનો ભોગ બનેલા લોકો કુદરતનો કોપ જોઈ ત્રાહિમામ પોકારી ઊઠયા છે

# ભીખા અને ભૂરી ને ચોમાસુ કેમ નહોતું ગમતું! અને શું એમનું નાનકડું સ્વપ્ન પૂરું થયું?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



**ઉપરની વસ્તીમાં ઘર ભાડે મળી જશે એમ વિચારીને ભીખો ખુશ થતો થતો કામે ઉપડ્યો! ચોમાસા પહેલા ફળિયામાં રાખેલો ભંગાર પણ લોકો કાઢી નાખે એ હિસાબે આજે તો બપોર થતાં જ લારી પણ આખી ભરાઈ ગઈ હતી, અને અમુક તો લોખંડનો સામાન હતો, એટલે લારીમાં વજન હતું,આ હિસાબે આજે શેઠને ખૂબ નફો થશે.**

ગુજરાત, યુપી, બિહાર મધ્ય પ્રદેશ કે પછી ઉત્તરાખંડ બધે જ વરસાદે તબાહી મચાવી છે, અને વાદળ ફાટવાથી કેટલાય ગામ અને વિસ્તારમાં પાણી પાણી થઈ ગયું છે! આવી દુર્ઘટનાનો ભોગ બનેલા લોકો કુદરતનો કોપ જોઈ ત્રાહિમામ પોકારી ઊઠયા છે. અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ બંને જોખમી છે! સમ્યક વરસાદ થાય તો જ કામનું!: જોકે ઉનાળો પણ એવો જ તપ્યો અને હજી પણ વરસાદ રહે પછી ઉકળાટ થાય જ છે ! એટલે બધી ઋતુઓ સમ્યક નથી, પણ પ્રકૃતિ કહે છે, કે માનવી પોતે એકપણ વાતે સમ્યક નથી, અને કુદરત પાસે એ સમ્યક રહે એવી માંગ કરે છે. ઘણીવાર એવું થાય કે, કરે કોઈ ને ભરે કોઈ! એમ આમાં મરો નાના માણસોનો થતો હોય છે, એટલે કે ધનવાનો પટ્રોલ અને ડિઝલના ધૂમાડા કાઢી વાતાવરણ ને પ્રદૂષિત કરે! ઉદ્યોગ માં નફો વધે એટલે સસ્તા કેમિકલ વાપરે, ગમે ત્યાં કેમિકલ વેસ્ટેજ કે બાયો વેસ્ટેજ નો કચરો નાખે ! ઉપરથી પ્રજા પણ દેખાડવાની જ એજ્યુકેટેડ છે ! ગમે ત્યાં ગમે તે કચરો નાખે, અને એ રીતે પણ વાતાવરણ દૂષિત થાય! તો આજે બુધવારની બોધકથામાં આવાં જ સાવ નીચાણવાળા વિસ્તારોની એક વસ્તીનો એક કિસ્સો.

ભીખો અને ભૂરી પણ આવી જ એક વસ્તીમાં રહેતા હતાં ભીખો ભંગારની લારી કાઢતો હતો, એટલે શેરી એ શેરીએ જઈ ભંગાર ખરીદી અને હોલસેલ વાળાને વેચીને કમાણી કરતો હતો! પછી તો ભંગારના હોલસેલ વાળા વેપારી એ એને રોજ લેખે નોકરીએ રાખી લીધો હતો એટલે એને રોજના ૬૦૦ રુપિયા મળતા હતાં. આટલી મોંઘવારીમાં આવક એમ તો ઓછી હતી, પણ પતિ પત્ની બંને પ્રમાણમાં સંતોષી હતાં એટલે વર્તમાનમાં જે આવે એમાં ખુશ રહેવું જોઈએ એવું માની જીવતાં હતાં. ભીખા એ કહ્યું ભૂરી સાંભળે છે! આ વખતના ચોમાસા પહેલા ઉપરની વસ્તીમાં એક રુમનું ઘર ભાડે લઈ લેવું છે! છોને થોડું ભાડું વધુ આપવું પડે! ભૂરી એ કહ્યું પણ ગયા મહિને મારી કસૂવાવડમાં બચત વપરાઈ ગઈ છે, મને લાગે છે કે આ ચોમાસું તો નહીં જ મેળ પડે! પણ ભીખા એ કહ્યું મેં એક વચેટિયા સાથે વાત કરી છે, અને એ ડિપોઝિટ વગર ઘર અપાવશે! જોઈએ હવે શું થાય છે તે! ભૂરી એ કહ્યું એમ તો મેં સોનાની ચૂડલી બનાવવા રુપિયા ભેગા કર્યા છે, એટલે ડિપોઝિટ વગર મેળ પડે નહીં તો વાપરી જશું!: અને સંસ્થા વાળા જશુ બેને પણ ઉપાડ આપવાની હા પાડી છે! ભીખાએ કહ્યું ચાલો તો તો વાંધો નહીં જ આવે, અને આવતે મહિને એ ઘરમાં રહેવા જતાં રહીશું! કારણકે દર ચોમાસે વરસાદ બધું વેરણછેરણ કરી ચાલ્યો જાય, અને પછી નવેસરથી બધું વસાવીને સેટ કરવું પડે! ચોમાસું આવે અને જેવો ઉપરવાસમાં ભારે વરસાદ શરૂ થાય અને સરકારી ફરમાન જારી કરવામાં આવે કે હવે વસ્તી ખાલી કરવી પડશે અને વળી ઉચાળા ભરવા પડે! કોઈ કોઈ વખત તો કોઈ સ્કૂલ વગેરેનાં હોલમાં એક કે બે અઠવાડિયા સુધી રહેવું પડતું. ઉપરથી ટીવીમાં દેખાડે એટલે પત્રકારો આવીને માથું પકવે એ જુદું!; પુનર્વસનનું પણ આવું જ સરકારી ચોપડે મોટી મોટી સહાય નોંધાય પણ એટલું કંઈ હાથ આવે નહીં.

ઉપરની વસ્તીમાં ઘર ભાડે મળી જશે એમ વિચારીને ભીખો ખુશ થતો થતો કામે ઉપડ્યો! ચોમાસા પહેલા ફળિયામાં રાખેલો ભંગાર પણ લોકો કાઢી નાખે એ હિસાબે આજે તો બપોર થતાં જ લારી પણ આખી ભરાઈ ગઈ હતી, અને અમુક તો લોખંડનો સામાન હતો, એટલે લારીમાં વજન હતું,આ હિસાબે આજે શેઠને ખૂબ નફો થશે. ભીખો મનોમન વિચારતો હતો કે એને પણ ૧૦૦ ૨૦૦ વધુ આપવાનું કહીશ!; પણ જીવનમાં માત્ર સુખનું જ તરન્નુમ ગવાય એવું થોડું હોય છે! અને એમાં પણ ભીખા અને ભૂરી જેવાં રોજનું પેટીયુ કમાતા પરિવારને તો એમ એટલી ઝડપ થી ખુશી ક્યાંથી મળે! માથે આગ તપતી હતી, અને ગરમીને ગણકાર્યા વગર સૂમસામ રસ્તા પર હરખાતો હરખાતો ભીખો લારીને ધક્કો મારીને આગળ વધતો હતો, ત્યાં જ એક જુવાનીયા એ ભીખાને પાછળથી ટક્કર મારી. ભીખાનું સંતુલન ન રહેતા એ પડી ગયો, અને ભરેલી લારી એની પર આવી પડી. લારીના લોખંડ એલ્યુમિનિયમ નાં વજનદાર સામાનમાંથી એક સળિયા જેવું સાધન એનાં માથાં પર જોરથી પટકાયું અને ભીખો બેભાન થઈ ગયો, બસ એ જ સેકન્ડે એટલીજ સ્પીડ માં આવતી બીજી ગાડી એના પગ પરથી ફરી ગઈ!

લગભગ ૧૦ ૧૫ મિનિટ પછી ત્યાંથી કોઈ પસાર થયું હશે, એટલે ભીખો સરકારી હોસ્પિટલે પહોંચ્યો, અને ભીખા ને ભાન આવતા ભૂરીને માંડ માંડ સાંજે ખબર પડી. પગનું ઓપરેશન નક્કી થયું, અને ભીખાને પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જવો પડ્યો! અને ભૂરીની સોનાની ચુડલીનું સ્વપ્ન ફરી નંદવાયુ! ઓપરેશન બાદ ભીખાએ ચૂડલીની વાતનો અફસોસ કર્યો, ત્યારે ભૂરીએ કહ્યું કે, એ બધું છોડો! ઈશ્વરની કૃપા થઈ અને તમે બચી ગયા માથામાં વાગ્યું છતાં, હેમેરેજ થયું નહીં! કે કોમામાં પણ ગયા નહીં! પરંતુ ભીખાને પગે સારી એવી ઈજા થઈ હતી અને એનો પગ થોડો કાપવો પડ્યો હોવાથી ટૂંકો થઈ ગયો હતો એટલે લારી ચલાવવાનું કામ હવે એનાથી થાય એમ નહોતું. ભીખાનો એકસીડન્ટ ઓપરેશન હોસ્પિટલમાં રહેણાંક આ બધામાં રૂપિયાનો ખો નીકળી ગયો. ભૂરી જે રુપિયા જશુબેન પાસેથી ઉપાડ લાવી હતી એ રુપિયા પણ આમાં જ હોમાઈ ગયા. સગાસબંધીઓ આગળથી પણ થોડા ઉછીના લેવા પડ્યા! ભીખો મનોમન વિચારતો હતો કે હે ભગવાન એના કરતાં હું મરી ગયો હોત તો! અત્યારે જે સહાય જાહેર થાય છે એ રૂપિયા ભૂરીને તો મળત! પોલીસે કેટલીય છાનબીન કરી પણ પેલા બે માંથી એકપણ ગાડી વાળા પકડાયા નહીં! કારણકે એ રસ્તે ત્યારે કોઈ હતું નહીં! અને મુખ્ય માર્ગ ન હોવાથી, સીસીટીવી કેમેરા પણ હતાં નહીં. આમ ભીખા અને ભૂરી નું નાનકડું એવું સ્વપ્ન પણ પુરું થયું નહીં! અને દુઃખ તો એ વાતનું થાય કે આમાં એનો કોઈ દોષ જ ન્હોતો, ભીખા ને નહોતું દારુ નું વ્યસન! કે નહોતું બીડી તમાકું નું વ્યસન ! વગર વાંકે એક નાનકડા પરિવારની ખુશી નંદવાઈ ગઈ અને ઉપરથી ભીખા ને આજીવનની અપંગતા આવી એ જુદું! ભૂરી એને આશ્વાસન આપતી હતી પણ મંદિરમાં ગઈ ત્યારે એણે માતાજીને કહ્યું કે હે મા જ્યારે મને કસૂવાવડ થઈ ત્યારે મને બહુ દુઃખ થયું હતું પણ સારું થયું! નહીં તો હું એકલી કેટલેક પહોંચી શકત!

મિત્રો છેલ્લા કેટલા સમય ભારતભરમાં આ જ રીતે અતિવૃષ્ટિ થાય છે, અને નીચાણ વાળા વિસ્તારમાં પૂરની સ્થિતિ સર્જાય અને કેટલાંય લોકો બેઘર બને છે! ત્યારે ખૂબ બધું ડોનેશન આવતું હોય છે, પણ એમનાં સુધી પહોંચે છે કે વચ્ચે થી જ કટકી થઈ જાય છે!: એ વિશે કોઈ તહેકીકાત થતી નથી. ધનવાનો ના નબીરા ઓને ઉંમર પહેલાં જ ગાડી મળી જાય છે! અને છાસવારે આવાં હિટ એન્ડ રન નાં એક્સિડન્ટ થતાં હોય છે! જેમાં ભીખા જેવા યુવાનને વગર કારણે આજીવન અપંગતા ભેટ મળે છે! ભૂરી જેવી સ્ત્રીનું સૌભાગ્ય ભલે અખંડ રહ્યું! પણ મા બનવાનો વિચાર કરવો એને પાલવે નહીં! એટલે વગર કારણે એનું માતૃત્વ તરફડિયાં મારશે! આ બધાં માટે કોણ જવાબદાર છે? આપણી કરણી પર થોડો ભાર મુકીએ તો કુદરતી પ્રકોપ ઓછો થાય ! અને બેફિકરાઈથી વાહન ચલાવનાર એ પણ થોડી સંવેદના રાખવી જોઈએ! કારણકે આ લોકો પણ આપણાં જ સમાજનું એક અંગ છે! વિચારો જરાં કે આ શ્રમજીવીઓ નહોત તો શું આપણું જીવન આટલું સગવડ ભર્યું હોત! શ્રમજીવી ઓની કિંમત વિદેશીઓને પૂછો!

### જિંદગીની દોડ જ અજીબ છે, જીતી જઈએ તો આપણા પાછળ 'છૂટી' જાય છે અને હારી જઈએ તો આપણા જ પાછળ 'છોડી' જાય છે..!

# કેટલાક સંબંધોનું કોઈ મૂલ્ય નથી હોતું, પણ તે સંબંધોનું ખૂબ મહત્વ હોય છે...



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**રાજાના ચાલી ગયા પછી શમીક ઋષિના પુત્ર શૃંગીને આ વાતની ખબર પડી. તેને ક્રોધ ચડયો કે, આ દુષ્ટ રાજા એમના મનમાં શુંસમજે છે? હજુ જગતમાંથી બ્રહ્મતેજ ગયું નથી. શૃંગીએ શ્રાપ આપ્યો, રાજાએ મારા પિતાના ગળામાં મરેલો સાપ નાખ્યો, પરંતુ આજથી સાતમે દિવસે તેના ગળામાં જીવતો સાપ જશે.**

સમયની કિંમત જાણવી હોય તો "છાપાને" પુછી જોવો,જે છાપું સવારે પાંચ છ રૂપિયામાં મળે છે તે સાંજ થતાંથતા દશબાર રૂપિયા કિલોના ભાવે વેચાય છે શબ્દો થોડા છે પણ મતલબ મોટો છે

જિંદગીની દોડ જ અજીબ છે, જીતી જઈએ તો આપણા પાછળ 'છૂટી' જાય છે અને હારી જઈએ તો આપણા જ પાછળ 'છોડી' જાય છે..! આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સત્ય, તપ,દયા,પવિત્રતા આ ચારે તત્ત્વો નો સમન્વય ધર્મ છે. આ પવિત્રતા ગયાં. કળિયુગમાં એક દાન જ પ્રધાન છે. કળિયુગમાં દયા દાન ઉપર, એક પગ ઉપર ધર્મ ટક્યો છે.

પરીક્ષિતે એક પગ ઉપર ઊભેલા બળદને જોયો. તેમણે જોયું તો એક શૂદ્ર હાથમાં લાકડી લઈને બળદને મારતો હતો.તે બળદ એક જ પગ ઉપર ઊભો હોવાથી દુઃખી હતો. રાજાએ પૂછ્યું, તારાં ચરણ ક્યાં? કોણે પગ કાપી તને દુઃખી કર્યો? ત્યારે ધર્મરૂપી બળદ કહે છે કે, રાજન્, મને કોણ દુઃખ આપે છેતે કેમ કહેવું?કેટલાક માને છે કે કાળ દુઃખ આપે છે, કેટલાક માને છે કે ધર્મ દુઃખ આપે છે, કેટલાક માને છે કે સ્વભાવ દુઃખ આપે છે. કાળ, કર્મ અને સ્વભાવ જીવને દુઃખ આપે છે. રાજા,હવે અમારા દુઃખના કારણ નો તમે વિચાર કરો.રાજા સમજી ગયો. આ શૂદ્ર પુરુષ એ કળિ છે. ગાય બ્રાહ્મણને ત્રાસ આપે છે એ જ કળિ છે. રાજા કળિને મારવા તૈયાર થયો. કળિ પરીક્ષિત રાજાને શરણે આવ્યો. કળિએ પરીક્ષિતનાં ચરણને સ્પર્શ કર્યો. પુણ્યશાળીના સ્પર્શથી પવિત્ર પરમાણુ અને પાપીના સ્પર્શથી પાપના પરમાણુ ઓ આપણા શરીરમાં દાખલ થાય છે.

કળિએ પરીક્ષિતને સ્પર્શ કર્યો એટલે પરીક્ષિતની બુદ્ધિમાં વિકાર આવ્યો. દુષ્ટને મારવો એ રાજાનો ધર્મ છે તેમ છતાં દુષ્ટ કળિ ઉપર રાજા દયા બતાવે છે.પરીક્ષિત કાળને કહે છે,તને શરણાગતને હું મારતો નથી,પણ મારું રાજ્ય છોડીને તું ચાલ્યો જા.કળિપ્રાર્થના કરે છે કે, મને રહેવા કોઈ સ્થાન આપો. પરીક્ષિતે ચાર ઠેકાણેરહેવા કળિને જગ્યા આપી. જુગાર, મદિરાપાન, સ્ત્રીસંગ અને હિંસા. આ ચાર સ્થાનોમાં અસત્ય,મદ, આસક્તિ અને નિર્દયતા એમ ચાર પ્રકારના અધર્મો રહે છે.જુગારનો, સટ્ટાનો પૈસો જેના ઘરમાં આવે તેના ઘરમાં કળિ આવે છે સટ્ટોએ જીવનનો બટ્ટો છે. કેટલાક જુગાર થી ધન મેળવીને દાન કરે છે, પણ એથી ધનનીશુદ્ધિ થતી નથી. અધર્મનું ધન પ્રભુને સ્વીકાર્ય નથી. શાસ્ત્રે નિષેધ કરેલી વસ્તુઓખાય ત્યાં કળિ આવે છે. જે બુદ્ધિપૂર્વક હિંસા કરે ત્યાં કળિ આવે છે. આ ચાર સ્થાનો આપ્યા છતાં કળિ પુરુષને સંતોષ થયો નહીં. તેણે કહ્યું,આ ચાર સ્થાનો ગંદા છે.કોઈ સારું સ્થાન રહેવા આપો. તે પછી પરીક્ષિતે તેને સુવર્ણમાં રહેવાનું સ્થાન આપ્યું. સોનામાં કળિનો નિવાસ એટલે અનીતિ અને અન્યાયથી મેળવેલા ધનમાં કળિ છે. તેવું ધન વારસામાં કોઈ મૂકી જાય,તો વારસોને પણ દુઃખ આપે છે. જુગાર, જૂઠ, મદ, લોભ, વેર આ પાંચ જ્યાં ન હોય ત્યાં આજે પણ સત્યયુગછે. જેના ઘરમાંનિત્ય પ્રભુની સેવા-સ્મરણ થાય છે,તેના ઘરમાં કળિનો પ્રવેશ થતો નથી.

બળદના ત્રણ પગો કાપેલા તે પરીક્ષિતે જોડી આપ્યાને ધર્મનું સ્થાપન કર્યું છે. બીજી બાજુ કળિ વિચારે છે કે, મેં રાજાને ખરો બનાવ્યો! એણે પાંચ સ્થાનો રહેવા આપ્યાં છે, તો વખત આવે લાગ જોઈ એના જ શરીરમાં પેસી જઈશ.

એક દિવસ પરીક્ષિતને થયું કે, મારા દાદાએ મારા માટે ઘરમાં શું શું રાખ્યું છે તે જોઉં. એક પેટીમાં સોનાનો મુગટ જોયો.વગર વિચાર્યે તે માથે મૂક્યો.આ મુગટ જરાસંધનો હતો. જરાસંધના પુત્ર સહદેવે માગણી કરેલી કે, મારા પિતાનો મુગટ મને આપો, પણ તેને રોતો મેલી ધર્મરાજાની સલાહ નેઅવગણીબળજબરીથી ભીમ આ મુગટ લઈ આવ્યો હતો. એટલે આ અનીતિનું ધનથયું તેથી તે મુગટ એક બંધ પેટીમાં મૂકી રાખેલો. આજે પરીક્ષિતે મુગટ પહેર્યો એટલે તે દ્વારા કળિએ પરીક્ષિતની બુદ્ધિમાં પ્રવેશ કર્યો.

આ મુગટ પહેરી પરીક્ષિત વનમાં શિકાર કરવા ગયો. કોઈ દિવસ રાજા શિકાર કરવા ગયા નથી. આજે ગયા. અનેક જીવોની હિંસા કરી મધ્યાહન કાળે રાજાને ભૂખ તરસ લાગી. એક ઋષિના આશ્રમ માં પ્રવેશ કર્યો. શમીકઋષિ સમાધિમાં હતા.સંત જપ ધ્યાનમાં બેઠા હોયતો તેમને વિક્ષેપ કરવો નહીં. પરીક્ષિત કહે છેકે,હું રાજાછું પણ આ ઋષિ મારું સ્વાગત કરવાને બદલે સમાધિનો ઢોંગ કરે છે. શમીકઋષિની સેવા કરવાને બદલે રાજા તેની પાસે સેવા માગે છે. તેને દુર્બુદ્ધિ સૂઝી. મરેલો સાપ પડેલો હતો તે ઉપાડી તેણે શમીક ઋષિના ગળામાં પહેરાવ્યો. બ્રાહ્મણનું અપમાન થયું પણ બીજાનું અપમાન કરનાર પોતે પોતાની જાતનું અપમાન કરે છે. બીજાને છેતરનારો પોતે પોતાની જાતને છેતરે છે.સર્પકાળનું સ્વરૂપ છે. શમીકઋષિ એટલે ઈશ્વરમાં સ્થિર થયેલા જ્ઞાની જીવ. એના ગળામાં મરી ગયેલો સાપ આવે એનો અર્થએ કે એમનો કાળ મરે. તેમને કાળ અસર કરી શકે નહીં. રાજા એટલે રજોગુણમાં ફસાયેલો વિલાસી જીવ, ભોગ પ્રધાન જીવ. તેવાના ગળામાં કાળ જીવે છે એટલે કે જીવતો સર્પ તેના ગળા માં આવે છે.

રાજાના ચાલી ગયા પછી શમીક ઋષિના પુત્ર શૃંગીને આ વાતની ખબર પડી.તેને ક્રોધ ચડયો કે, આ દુષ્ટ રાજા એમના મનમાં શુંસમજે છે? હજુ જગતમાંથી બ્રહ્મતેજ ગયું નથી. શૃંગીએ શ્રાપ આપ્યો, રાજાએ મારા પિતાના ગળામાં મરેલો સાપ નાખ્યો, પરંતુ આજથી સાતમે દિવસે તેના ગળામાં જીવતો સાપ જશે, તેને તક્ષક નાગ કરડશે.ઘરે આવી પરીક્ષિતે મુગટ માથેથી ઉતાર્યો, ત્યારે તેમની ભૂલ સમજાઈ મેં આજે પાપ કર્યું.મારીબુદ્ધિ બગડી મેં ઋષિનું અપમાન કર્યું. એણે અન્નજળનો ત્યાગ કર્યો.

બુદ્ધિ બગડે એટલે માનવું કે, કાંઈક અશુભ થવાનું છે. પાપ થઈ જાય તેનો વિચાર કરી શરીર ને તેની સજા કરો. જમવા પહેલાં વિચાર કરવો કે, મારે હાથે કંઈ પાપ તો થયું નથી ને? જે દિવસે પાપ થયું હોય, તે દિવસે ઉપવાસ કરજો. પાપ ફરી થશે નહીં.ધન્યછે પરીક્ષિત રાજાને કે જીવનમાં એક વાર જ પાપ કર્યું છેપણ પાપ કર્યા પછી પાણી પણ પીધું નથી. તે વખતે પરીક્ષિતે સાંભળ્યું કે, મને ઋષિકુમારનો શ્રાપ થયો છે. પરીક્ષિતે કહ્યું,સારું થયું! પરમાત્માએ મારા પાપની સજા કરી! સંસારના વિષયસુખમાં હું ફસાયેલો હતો, એટલે મને સાવધ કરવા પ્રભુએ કૃપા કરી. મારા માટે પ્રભુએ રામાવતાર ધારણ કર્યો છે. પરીક્ષિત ઘરનો ત્યાગ કરી ગંગા કિનારે આવ્યા. ગંગાસ્નાન કર્યું. અન્નજળનો ત્યાગ કરી હવે ભગવત સ્મરણ કરે છે. મોટા મોટા ઋષિઓને આ વાતની ખબર પડતાં વગર આમંત્રણે તેઓ ત્યાં આવ્યા. ઋષિઓએ વિચાર્યું કે, પરીક્ષિત હવે રાજા રહ્યા નથી, રાજર્ષિ બન્યા છે. રાજાનાવિલાસી જીવનનો અંત આવ્યો છે. એટલે ઋષિઓ રાજાને મળવા આવ્યા. પરીક્ષિત ઊભા થાય છે. એક-એક ઋષિને પ્રણામ કરી પૂજા કરે છે.

પરીક્ષિતે ઋષિઓ પાસે કરેલુંપાપ જાહેર કર્યું. મેં પવિત્ર બ્રાહ્મણના ગળામાં સાપ નાખ્યો. હું અધર્મી છું. મારો ઉદ્ધાર કરો. મારું મરણ સુધરે તેવો ઉપાય બતાવો. મને બીક લાગે છે. મેં મરણ માટે તૈયારી કરી નથી. લોકો પાપ છૂપાવે છે અને પુણ્યને જાહેર કરે છે,પણ પાપ છુપાવશો નહીં અને પુણ્યને પ્રગટ કરશો નહીં. સમાજમાં પાપ જાહેર કરવાથી પાપની આદત છૂટે છે.

પરીક્ષિતે મૃત્યુની વેદનાનો વિચાર કર્યો.જન્મ-મૃત્યુ-દુઃખના વિચાર થી પાપ છૂટે છે.તેણે ઋષિઓને કહ્યું,સાત દિવસમાં મને મુક્તિ મળે તેવું કરો. મરણકાંઠે આવેલા મનુષ્યનું કર્તવ્ય શું છે તે મને બતાવો.સમય થોડો છે.તેથી જ્ઞાન ની મોટીમોટી વાત કરશો તોસમય પૂરો થઈ જશે.મને એવી વાતકહો એવો ઉપાય બતાવો કે જેથી પરમાત્માના ચરણમાં લીન થાઉં. મને એવી કથા સંભળાવો કે જેથી મને મક્તિ મળે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

### આ એક મોટા બજેટની ફિલ્મ હશે

# રણવીર સિંહ અને બોબી દેઓલ એક્શન ફિલ્મમાં સાથે જોવા મળશે

**રણવીરની આવનારી ફિલ્મોની વાત કરવામાં આવે તો, 'ધુરંધર'નું ટ્રેલર તેના ૪૦ જન્મદિવસે લોંચ કરાયું હતું**





એક તરફ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હાલ સફળ ફિલ્મ અને નિષ્ફળ ફિલ્મના બંને અંતિમો વચ્ચે કોઈ રસ્તો શોધવાની કોશિશ કરી રહી છે. જેમા સ્ટાર પાવર મોટા ભાગે નકામો સાબિત થઈ રહ્યો છે, તો બીજી તરફ કેટલાંક ડિરેક્ટર્સ અને પ્રોડ્યુસર્સ એવા પણ છે, જેઓ હિરો હિરોઈનની જોડી હોય કે હિરો અને વિલનની જોડી, તેમાં નવા પ્રયોગો કરવાની હિંમત અને જોખમ બંને લઈ રહ્યા છે. આવી જ એક જોડીની તાજેતરમાં એક –બે દિવસથી ચર્ચા છે, એક મોટા બજેટની એક્શન ફિલ્મમાં રણવીર સિંહ અને બૉબી દેઓલ એક સાથે કામ કરી રહ્યા છે. આ એક મોટા બજેટની એક્શન ફિલ્મ છે, જેમાં બને ખાસ પ્રકારે બોડી ટ્રાન્સફોર્મેશન પર કામ કરી રહ્યા છે અને બંને ક્યારેય જોવા ન મળ્યો હોય એવા અવતારમાં જોવા મળશે. આ અંગે ઈન્ડસ્ટ્રીની સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ''એક મોટા પ્રોજેક્ટમાં રણવીર સિંહ અને બૉબી દેઓલ બંને સાથે કામ કરવાની તૈયારી કરી રહ્યા છે. આ ફિલ્મ માટે બંને ફિઝિકલ ટ્રાન્સ્ફોર્મેશન માટે મહેનત કરી રહ્યા છે. લાંબા સમયથી બંને આ ફિલ્મ માટે કામ કરી રહ્યા છે. રણબીર કપૂર પછી હવે રણવીર સિંહ બૉબી દેઓલ સાથે કામ કરી રહ્યો છે. બંને ધુંરધર કલાકારો એક ફિલ્મમાં આવશે તો એ ફિલ્મ પણ મોટી જ હોવાની એ નક્કી છે.''રણવીર સિંહ તેના વિવિધ પ્રકારના રોલ અને તેમાં ધારદાર અભિનય માટે જાણીતો કલાકાર છે, પડદા પર તેની હાજરીથી જ ફિલ્મમાં ઉર્જા આવી જાય છે, તાજેતરમાં જ તેની આવનારી ફિલ્મ 'ધુરંધર' માટે તે ઘણો ચર્ચામાં છે, તેના ટ્રેલરથી ઘણા લોકો પ્રભાવિત થયા છે. તે જે રીતે રોલ માટે પોતાનું સર્વસ્વ સોંપીને કામ કરે છે, તે મહેનત માટે તે ઈન્ડસ્ટ્રીમાં જાણીતો છે. જ્યારે બૉબી દેઓલની આ બીજી ઈનિંગ ગણવામાં આવે છે અને છેલ્લાં કેટલાંક વર્ષમાં આવેલી તેની કેટલીક ફિલ્મ અને સિરીઝમાં લોકોને એક નવો જ બૉબી દેઓલ જોવા મળ્યો છે. પછી તે 'એનિમલ' હોય, સૂર્યાની 'કંગુવા' કે પછી 'આશ્રમ' સિરીઝ, તેણે પોતાની એક અલગ છબિ બનાવી લીધી છે. હવે આ બંને કલાકારોની સાથે આવવાની વાતથી જ ફિલ્મી દર્શકો ઉત્સાહમાં આવી ગયા છે. આ ફિલ્મ વિશે હજુ વધુ માહિતી જાહેર થઈ નથી પરંતુ આ એક મજબુત પાત્રો સાથેને એક્શનમાં પણ કોઈ નવા પ્રયોગો જોવા મળે એવી મોટા બજેટની ફિલ્મ હશે, તે નક્કી છે. રણવીરની આવનારી ફિલ્મોની વાત કરવામાં આવે તો, 'ધુરંધર'નું ટ્રેલર તેના ૪૦ જન્મદિવસે લોંચ કરાયું હતું. ડિરેક્ટર આદિત્ય ધરની આ ફિલ્મમાં તેની સાથે સંજય દત્ત, સારા અર્જુન, આર માધવન, અર્જુન રામપાલ અને અક્ષય ખન્ના પણ છે. બૉબીની 'એક બદનામ આશ્રમ' સિરીઝની ૩ સીઝન આવી ગઈ છે, તેણે તાજેતરમાં 'ડાકુ મહારાજ' ફિલ્મથી તેલુગુ ફિલ્મ ડેબ્યુ કર્યું છે. વધુ એક તેલુગુ ફિલ્મ 'હરિ હરા વીરા મલ્લુ' ૨૪ જુલાઈએ રિલીઝ થવાની છે.

### સ્ટાર અભિનેત્રીનો ઘટસ્ફોટ

# 'મારો પરિવાર નાસ્તિક, હું વિક્કા ધર્મનું પાલન કરું છું'



શ્રુતિ હાસન એક એવી અભિનેત્રી છે જે પોતાની પર્સનલ લાઈફ, લવ લાઈફ અને પોતાના ભૂતકાળ વિશે ખુલીને વાત કરે છે. તે દરેક મુદ્દા પર પોતાનો અભિપ્રાય આપવામાં અચકાતી નથી. હવે શ્રુતિ હાસને પોતાના બાળપણ વિશે વાત કરી છે અને કહ્યું કે હું એક નાસ્તિક પરિવારમાંથી આવું છું. જ્યાં ભગવાન અને પૂજામાં બહુ વિશ્વાસ નથી. એક યુટ્યુબરને આપેલા ઈન્ટરવ્યૂમાં શ્રુતિ હાસને ઘણા વિષયો પર વાત કરી હતી. પોતાના બાળપણના દિવસો વિશે વાત કરતા શ્રુતિએ પોતાના બાળપણને થોડું અસ્તવ્યસ્ત અને અરાજક બતાવ્યું હતું. તેણે કહ્યું કે, અમે એક નાસ્તિક ઘરમાં ઉછર્યા હતા. એક બિનધાર્મિક ઘરમાં. જ્યારે હું આ કહું છું ત્યારે મારા પિતાને નફરત છે, પરંતુ અમારા ઘરમાં કોઈ ભગવાન નહોતા. એ બધું ન હોતું જે બીજા ઘરોમાં હોય છે. ભગવાનમાં કે કોઈ ધર્મ માનવામાં નહોતું આવતું. ક્યાંક મારા બાળપણના મનમાં મને ખબર હતી કે કલા એ ભગવાન છે. અઠવાડિયાનો દરેક દિવસ કલા માટે કંઈક કરવું હતું અને કલાને સમર્પિત હતો. અભિનેત્રીએ કમલ હાસનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, પપ્પાએ મને કોઈપણ દખલ વિના મારી માન્યતાઓને સમજવાની સ્વતંત્રતા આપી. હા, હું વિક્કા ધર્મનું પાલન કરું છું, જેમાં મેલીવિદ્યાનો સમાવેશ થાય છે. જોકે, પપ્પાને જ્યોતિષ શબ્દ સાંભળવાનું પણ પસંદ નથી. જો તમે મારા પિતા સાથે જ્યોતિષ વિશે વાત કરો છો તો તેઓ કહેતા કે બહાર નીકળો. તેઓ ખૂબ જ પ્રેક્ટિકલ છે. તેઓ ડૉક્ટરો કરતાં લોકોને વધુ સારી રીતે સમજી શકે છે કારણ કે તેઓ ચાર વર્ષની ઉંમરથી અભિનય કરી રહ્યા છે અને મારા માતા પણ. તેઓ લોકોના ફેસ રીડ કરી શકે છે. ડૉક્ટરો અને મનોવૈજ્ઞાનિકો કરતા વધુ સારી રીતે. તેઓ માનવી તરીકે વધુ સ્વયંસ્ફુરિત બની ગયા છે.

## પરેશ રાવલે સલમાન અને આમિરની સરખામણી કરી

**પરેશ રાવલે સલમાન અને આમિરની ફિલ્મ 'અંદાઝ અપના અપના'માં પણ એક મહત્વનો રોલ કર્યો હતો**




પરેશ રાવલ એવા ઘણા ઓછા કલાકારોમાંના એક છે, જે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દાયકાઓથી સતત કામ કરતા રહ્યા છે. એવા કોઈ દિગ્ગજ કલાકારો નથી, જેણે પરેશ રાવલ સાથે કામ ન કર્યું હોય. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં પરેશ રાવલને સલમાન ખાન અને આમિર ખાન સાથે કામ કરવાના અનુભવ અને તેમાં શું ફરક છે, એ અંગે પુછાયું હતું. આ પ્રશ્નના જવાબમાં પરેશ રાવલે બંને હિરોની કામ કરવાની અલગ શૈલી અંગે વાત કરી હતી અને બંનેના વખાણ કર્યા હતા. પરેશ રાવલે ઉલ્લેખ કર્યો કે સલમાન ખાન બહુ સરળતાથી કામ કરે છે અને પાત્રમાં ઘુસવામાં પણ એને બહુ સમય લાગતો નથી. તેમણે જણાવ્યું, ''સલમાન ખાન કોઈ પણ સીનનો હાર્દ સમજી જાય છે. એ બહુ આકર્ષક વ્યક્તિ છે. પદડા પર તે જાદુની જેમ કામ કરે છે. એ સેટ પર આવે છે, તો એણે બહુ મહેનત કરવી પડતી નથી. એ જાણે હવામાં ભળી જાય છે અને કામ થઈ જાય છે.''જ્યારે આમિરની કામ કરવાની રીત વિશે પરેશ રાવલે જણાવ્યું કે તે પોતાના પાત્ર માટે બહુ મહેનત કરે છે અને તેના ઊંડાણ સુધી પહોંચવા નોંધપાત્ર સમય પણ લે છે, જ્યારે સલમાન સહેલાઈથી કરી લે છે. પરેશ રાવલે જણાવ્યું, ''આમિરને મહેનત કરવી પડે છે અને દરેક બાબતને ઊંડાણથી અને વિગતે જાણવી પડે છે. એટલે આમિર સાહેબ થોડો સમય લે છે. જ્યારે સલમાન ''હવા કા ઝોંકા'' છે, એ ક્યારે આવે, ઉડીને જતો રહે, ખબર પણ નહીં પડે.''પરેશ રાવલે આ બંને કલાકારો સાથે ઘણી ફિલ્મમાં કામ કર્યું છે. તેણે સલમાન અને આમિરની ફિલ્મ 'અંદાઝ અપના અપના'માં પણ એક મહત્વનો રોલ કર્યો હતો. સલમાન અને આમિરની આજ સુધીની એકસાથે કરેલી એ એકમાત્ર ફિલ્મ છે.

### રાજકુમાર રાવે પોતાના બાળકને હિંસક પાત્રોથી દૂર રાખવાનું વિચાર્યુ

# 'અમારા બાળકને પહેલાં 'માલિક' બતાવવું નથી'

રાજકુમાર રાવ અને પત્રલેખા બંને ટેલેન્ટેડ કલાકારોએ બે દિવસ પહેલાં સોશિયલ મીડિયા પર તેમનાં પહેલાં બાળક અંગે જાહેરાત કરી હતી. એક ફોટો શેર કર્યો હતો, જેમાં લખ્યું હતું, 'બૅબી ઓન ધ વે'. તેની કૅપ્શનમાં લખ્યું હતું, 'ઈલેટેડ'. બીજી તરફ રાજકુમારની ફિલ્મ 'માલિક' શુક્રવારે રિલીઝ થઈ છે. તેના પ્રમોશનમાં પણ રાજકુમાર વ્યસ્ત છે. નાના શહેરના એક નકામા અને લગ્નવાંચ્છુંક છોકરાના રોલ કર્યા પછી હવે લાંબા સમયે રાજકુમાર આ ફિલ્મમાં એક દમદાર રોલમાં જોવા મળે છે. જ્યારે કોઈ કલાકાર આ પ્રકારનો નકારાત્મક અને ડાર્ક રોલ કરે ત્યારે કલાકાર ભાવનાત્મક રીતે ખર્ચી જાય છે, રણવીર સિંહે પણ જ્યારે ભણસાલીની 'પદ્માવત'માં ખિલજીનો રોલ કર્યો ત્યારે કેણે આ અંગે વાત કરી હતી, તે તેના પર આ રોલની ઘણી ઊંડી અસર થઈ હતી. પરંતુ રાજકુમારની આ પ્રકારના રોલ માટે અલગ રીત છે અને અલગ દૃષ્ટિકોણ છે. રાજકુમારે આ પ્રકારના રોલ અંગે વાત કરતા કહ્યું, ''આ પ્રકારના રોલમાંથી બહાર આવવું તેમાં પ્રવેશવા કરતાં વધુ અઘરું છું. કારણ કે એમાં પ્રવેશતી વખતે તમે હજુ સમજવાની કોશિશમાં હોય. તમે દાઢી વધારવાની પ્રક્રિયામાં હોય, પછી લોકોને મારતા અને પીટતા હોય, એટલે એમાં સમય લાગે છે. એ પાત્રનું હાર્દ સમજવું એ પણ એક સંપૂર્ણ રીતે અલગ બાબત છે. કારણ કે મેં આ પહેલાં ક્યારેય આટલું ગુસ્સાવાળું પાત્ર ભજવ્યું નથી, કોઈ આટલું શક્તિશાળી. તેનું નામ જ માલિક છે, એટલે મને એમાં સમય લાગ્યો. પરંતુ એક વખત તમે એમાં ઘુસી જાઓ પછી બહુ મજા આવે છે. પછી સમગ્ર સફર મજાની થઈ જાય છે.''એક હિંસક પાત્ર ભજવવા અંગે વાત કરતાં પત્રલેખાએ કહ્યું, ''મને યાદ છે, રાજકુમાર જ્યારે ઓમેર્તા માટે શૂટ કરતો હતો, ત્યારે હું પણ દિલ્હીમાં હતી. મને થઈ ગયું કે, ''આ શું છે?'' ખરેખર તો મને ઘણું વિચિત્ર લાગ્યું. મને લાગે છે એને ખ્યાલ પણ નથી આવતો, તેનાથી બધું જ અજાણતા જ સહજ રીતે થઈ જાય છે.''જ્યારે તેમને પુછાયું, કે તેમનું બાળક પહેલી ફિલ્મ 'માલિક' જ જોશે કે નહીં, ત્યારે રાજકુમાર હસી પડ્યો હતો. તેણે કહ્યું, ''ના ના, એ ફિલ્મ નહીં.''રાજકુમારે એક ઈવેન્ટમાં પિતા બનવા અંગે કહ્યું, ''હું એક બહુ સારો પિતા બનીશ, હું એક બહુ સારો પતિ છું તેથી હું બહુ ધ્યાન રાખું છું.''છેલ્લે પત્રલેખાની ફિલ્મ ફુલે આવી, જેમાં તેના અભિનયના વખાણ થયા. તેણે આ ફિલ્મમાં સાવિત્રિબાઈ ફુલેનો રોલ કર્યો હતો, જેમણે ભારતમાં છોકરીઓ માટેની પહેલી શાળા શરૂ કરી હતી. આ ફિલ્મના અનુભવ વિશે વાત કરતાં પત્રલેખાએ જણાવ્યું કે અંતે પોતાની નોંધ લેવાય બાબત તેના માટે ભાવુક કરી દે એવી હતી. પત્રલેખા કહે છે, ''હું ખરેખર ખુશ હતી. પરંતુ ભાવુક પણ થઈ ગઈ હતી. ખબર નહીં, રાજ તું જણાવ.'' પત્નીની વાતને આગળ વધારતા રાજકુમાર રાવે જણાવેલું, ''એ બહુ ખુશ હતી, પણ તમને ખ્યાલ છે, 'આઈસી ૮૧૪ ધ કંદહાર હાઈજેક' પછી લોકો તેને થોડી ઓળખતાં થયાં. જ્યારે તમે થોડું ચુકી ગયાં પછી કશુંક મેળવો તો તમને વધુ પ્રોત્સાહન મળે છે.''



**રાજકુમારે એક ઇવેન્ટમાં પિતા બનવા અંગે કહ્યું, "હું એક બહુ સારો પિતા બનીશ, હું એક બહુ સારો પતિ છું તેથી હું બહુ ધ્યાન રાખું છું"**

## 'પૈસા ન બચ્યા એટલે રોટલી અને ડુંગળી પણ માંગ્યા'

**રોનિત રોયે ૧૯૯૨મા જાન તેરે નામથી પોતાના બોલિવૂડ કરિયરની શરૂઆત કરી હતી**



જાણીતા એક્ટર રોનિત રોયે ૧૯૯૨માં બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ત્યારબાદ એક્ટર ટીવી અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રખ્યાત કલાકારોમાંના એક બન્યા. તાજેતરમાં રોનિય રોયે પોતાના સંઘર્ષના દિવસોને યાદ કર્યા અને જણાવ્યું કે, મને દિવસમાં એક જ વાર ખાવા મળતું હતું. તે દિવસોને યાદ કરીને એક્ટર ખૂબ જ ભાવુક થઈ ગયો. રોનિય રોયે તાજેતરમાં એક વાતચીતમાં તેમના પોતાના અંગત અને પ્રોફેશનલ જીવન વિશે વિચારો શૅર કર્યા. પોતાના શરૂઆતના સંઘર્ષ વિશે વાત કરતા તેમણે કહ્યું, બાંદ્રા સ્ટેશનની બહાર એક પ્રખ્યાત ઢાબા છે. હું દરરોજ રાત્રે ત્યાં ખાતો હતો, તે પણ દિવસમાં માત્ર એક જ વાર, કારણ કે હું માત્ર આટલું જ ખાઈ શકતો હતો. આ સાથે જ એક્ટરે જણાવ્યું કે ઢાબાનું દરરોજ અલગ મેનું હતું અને બધાના પૈસા અલગ-અલગ હતા. વાતચીતમાં આગળ એક્ટરે કહ્યું કે, એક દિવસ હું ત્યાંના ઢાબા પર ગયો અને ત્યાં કામ કરતા એક વ્યક્તિ પાસે માત્ર બે રોટલી અને ડુંગળી માંગી કારણ કે મારી પાસે પૈસા બચ્યા નહોતા. પણ તેણે મને દાળ આપી અને કહ્યું આ મારા તરફથી છે. તે ક્ષણ મારી યાદમાં અંકિત થઈ ગઈ. આ ઘટનાને યાદ કરીને એક્ટર ખૂબ જ ભાવુક થઈ ગયો. તમને જણાવી દઈએ કે, રોનિત રોયે ૧૯૯૨મા જાન તેરે નામથી પોતાના બોલિવૂડ કરિયરની શરૂઆત કરી હતી. એક્ટરે જણાવ્યું કે, 'મને પહેલી ફિલ્મ માટે ૫૦ હજાર રૂપિયા મળ્યા હતા, જે મારા જીવનની સૌથી મોટી ક્ષણ હતી.' અભિનેતાની પહેલી ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી.

### શિલ્પા શેટ્ટીએ પોતાની કારકિર્દીમાં કેટલીયે સુપરહિટ ફિલ્મો આપી છે

# શિલ્પા શેટ્ટીને મલયાલમ ફિલ્મોમાં કામ કરતા ડર કેમ લાગે છે?

**શિલ્પા શેટ્ટીએ કહ્યું કે હું જ્યારે પણ મલયાલમ ફિલ્મ કરીશ તો મોહનલાલની સાથે કામ કરવાનું પસંદ કરીશ.**

ખૂબસૂરત એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીએ હિન્દી ફિલ્મોની સાથે-સાથે તમિલ-તેલુગુ સહિત કેટલીયે ભાષાની ફિલ્મોમાં કામ કર્યુ છે. પરંતુ શિલ્પાએ હજુ સુધી મલયાલમ ફિલ્મોમાં કામ કર્યુ નથી. તાજેતરમાં શિલ્પાએ આ માટેનું કારણ દર્શાવીને કહ્યું કે, એ કેટલીયે મલયાલમ ફિલ્મોમાં કામ કરવાની ઓફર ફગાવી ચૂકી છે કેમ કે તેને લાગે છે કે તે પોતાના પર્ફોમન્સથી આ ભાષાની ફિલ્મોને ન્યાય નહિ આપી શકે.

૯૦ના દાયકાની ક્વીન શિલ્પા શેટ્ટી બોલીવુડની સફળ અભિનેત્રીઓ પૈકીની એક રહી છે. આજે પણ મોટા પડદા પર પોતાનો ચાર્મ દેખાડવાં પાછળ રહેતી નથી. હાલ શિલ્પા પોતાની કન્નડ ફિલ્મની તૈયારી કરી રહી છે. આ દરમિયાન શિલ્પાએ ખુલાસો કર્યો કે તેણે હજુ સુધી મલયાલમ ફિલ્મોમાં કેમ કામ કર્યુ નથી ? શિલ્પા શેટ્ટીએ પોતાની કારકિર્દીમાં કેટલીયે સુપરહિટ ફિલ્મો આપી છે. શિલ્પા કોચિનમાં પોતાની આવનારી ફિલ્મ 'કેડી ધ ડેવિલ'ના ટીજર લોન્ચ ઈવેન્ટમાં સામેલ થઈ હતી. આ દરમિયાન શિલ્પાએ કહ્યું કે, મને મલયાલમમાં પણ કેટલીક ફિલ્મોની ઓફર મળી છે, પરંતુ મેં ક્યારેય હા પાડી નથી, કારણ કે હું ડરી ગઈ છું. કારણ કે મને લાગે છે કે હું મારા પરફોર્મન્સથી પાત્રની સાથે ન્યાય કરી શકીશ નહીં. આ સાથે શિલ્પાએ એમ પણ કહ્યું કે, એક અભિનેત્રી તરીકે મને મલયાલમ ફિલ્મો ખૂબ ગમે છે અને આ ઈન્ડસ્ટ્રીમાં લાગણીઓને જે રીતે રજૂ કરવામાં આવે છે, તેનાથી મને આશ્ચર્ય પણ છે. મને ભરોસો નથી થતો કે જો હું મલયાલમ ફિલ્મોમાં કામ કરું તો મારા પાત્રની સાથે ન્યાય કરી શકીશ કે નહીં. પરંતુ જોઈએ કે કદાય હું એક દિવસ કોઈ મલયાલમ ફિલ્મમાં અભિનય કરીશ.શિલ્પા શેટ્ટીએ એમ પણ કહ્યું કે હું જ્યારે પણ મલયાલમ ફિલ્મ કરીશ તો મોહનલાલની સાથે કામ કરવાનું પસંદ કરીશ. ઉલ્લેખનીય છે કે, શિલ્પા શેટ્ટી હાલ પોતાની ફિલ્મ 'કેડી ધ ડેવિલ' પર ધ્યાન આપી રહી છે. આ ફિલ્મ ૧૦મી જુલાઈ ૨૦૨૬એ થિયેટરોમાં રિલીજ થશે. આ ફિલ્મમાં શિલ્પાની સાથે અલાવાધ્વ સરજા, રેશમા નાનાય્યા અને સંજય દત્ત લીડ રોલમાં છે.



### ૩૦૦ લોકોની મહેનતથી ઊભો કરાયો વિશાળ સેટ

# 'ધુરંધર' માટે થાઈલેન્ડમાં ભીંડી બજારનો સેટ બન્યો

જ્યારથી રણવીરની 'ધુરંધર'નું ટ્રેલર લોંચ થયું છે, ત્યારથી આ ફિલ્મ સતત ચર્ચામાં છે. પછી તે રણવીરનો નવો અવતાર હોય કે પછી આ ફિલ્મની કાસ્ટ હોય. ફિલ્મ વિવિધ મુદ્દે સતત ચર્ચામાં છે, પરંતુ એક વાત હજુ બહુ ઓછા લોકોના ધ્યાનમાં આવી છે કે આ ફિલ્મમાં જે ભીંડી બજારની ગલીઓ દેખાય છે, તે ખરેખર થાઈલેન્ડ છે. એક વર્ષથી પણ વધુ સમયના લોહી, પાણી, પરસેવો અને ઉજાગરાના અંતે આ ફિલ્મ જકડી રાખે એવી ફિલ્મ તૈયાર થઈ છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં ફિલ્મના પ્રોડક્શન ડિઝાઈનર સૈની એસ જોહરાએ એક ખુલાસો કર્યો કે તેમાં દેખાતી પાકિસ્તાનની ગલીઓ ખરેખર થાઈલેન્ડમાં બનાવાઈ છે.સૈની જોહરાએ જણાવ્યું કે તેમને 'ધુરંધર' માટે આ મહાકાય બજારનો સેટ ખડો કરતા લગભગ ત્રણ મહિનાથી પણ લાંબો સમય થયો હતો. માર્ચથી એપ્રિલ પસુધી તેમણે અને તેમની ટીમે સેટની ડિઝાઈન પર કામ કર્યુ હતું અને જૂન મહિનામાં બધા લોકેશનનો ઊંડો અભ્યાસ કર્યો હતો. જુલાઈમાં તેમણે શૂટિંગ શરૂ કરી દીધું હતું. આગળ તેમણે એમ પણ જણાવ્યું કે, તેમના ૧૨ ડિઝાઈનરની ટીમ દિવસના ૧૨ કલાક સુધી સતત કામ કરતી રહી હતી, કારણ કે આ બહુ મોટી ફિલ્મ છે.તેમણે જણાવ્યું, ''મને લાગે છે, મારી કેરિઅરમાં આ એવી ફિલ્મોમાંની એક છે, જેમાં સૌથી વધુ લોકેશન પર કામ કર્યુ છે.'' તેમણે પાકિસ્તાનની ગલીઓ થાલેન્ડમાં કઈ રીતે ઉભી કરી, તે અંગે વાત કરતા જણાવ્યું હતું કે તેમણે અખબારના સમાચારોમાંથી ઘણી માહિતી મળી હતી, એ ઉપરાંત કેટલાંક જૂના વીડિયો અને પાકિસ્તાનના ચોક્કસ વિસ્તારોના સમાચારના આધારે આ સેટ ડિઝાઈન કરી હતી. ત્યાર પછી તેમણે થાઈલેન્ડમાં અને મઢ આઈલેન્ડમાં ૬ એકર જમીન પર વિશાળ સેટ બનાવ્યો હતો. પાકિસ્તાનની ગલીઓ થાઈલેન્ડમાં જ કેમ બનાવવી પડી, એ અંગે જોહરાએ કહ્યું કે તેમની જે સ્ટારકાસ્ટ હતી, તેમની સાથે મુંબઈમાં બધું શૂટ કરવું શક્ય નહોતું. તેઓ આ પ્રકારના શૂટ કોઈ સ્ટુડિયોમાં કરી શકે તેમ પણ નહોતા, કારણ કે તેમને ૬ એકરની મોટી જગ્યાની જરૂર હતી. બીજું કારણ એ પણ હતું કે શૂટિંગ જુલાઈ મહિનામાં થતું હતું અને એ વખતે મુંબઈમાં ભારે વરસાદની મોસમ હોય છે, તેથી તેઓ મુંબઈમાં સેટ બનાવી શકે તેમ નહોતા. તેથી તેમણે થાઈલેન્ડમાં શૂટ કરવાનું નક્કી કરવું પડ્યું, જ્યાં તેમના માટે ભવ્ય સેટ બનાવવો સરળ હતો.તેમણે ૨૦ દિવસ સુધી ૨૦૦-૩૦૦ થાઈ લોકો સાથે મળીને આ સેટ તૈયાર કર્યો હતો. જોહરાએ જણાવ્યું, ''થાઈ લોકોને ખબર નથી કે ભીંડી બજાર કેવું દેખાય છે, તેથી મારે એ ધ્યાન રાખવાનું હતું કે બધું જ ૧૦૦ ટકા વાસ્તવિક દેખાય અને એ થાઈલેન્ડ છે એવું ન દેખાય. જો તમે ટીઝર જોશો તો તમને ખબર પણ નહીં પડે.''



### હાર્ટફુલનેસના વૈશ્વિક માર્ગદર્શક

# શ્રી કમલેશ.ડી.પટેલ લિખિત પુસ્તક 'હોલી તીર્થંકર્સ - ઇન ધ લાઇટ ઓફ હાર્ટફુલનેસ'નું અમદાવાદ ખાતે વિમોચન કરાયું

### અમદાવાદ પોલીસ કમિશનરશ્રી જી.એસ.મલિક તેમજ કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો.અંજુ શર્મા સહિતના મહાનુભાવો દ્વારા અડાલજ ખાતે પુસ્તક વિમોચન કરવામાં આવ્યું



। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

હાર્ટફુલનેસ સંસ્થાના વડા અને વૈશ્વિક માર્ગદર્શક શ્રી કમલેશ ડી. પટેલ (દાજી) દ્વારા લિખિત પુસ્તક "હોલી તીર્થંકર્સ - ઈન ધ લાઈટ ઓફ હાર્ટફુલનેસ" (Holy Tirthankars - In the Light of Heartfulness)નું વિમોચન અડાલજમાં આવેલ હાર્ટફૂલનેસ ધ્યાન કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું હતું. આ પુસ્તકનું વિમોચન અમદાવાદ પોલીસ કમિશનરશ્રી જી.એસ.મલિક, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો.અંજુ શર્મા, ડી.જી.પી.(પ્રીઝન) ડો. કે.એલ.એન.રાવ, મુખ્ય વન સંરક્ષક (સામાજિક વનીકરણ) ડો. કે.રમેશ, પૂર્વ સનદી અધિકારી અને અદાણી ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરશ્રી વસંત ગઢવી, જીતોના પૂર્વ ચેરમેનશ્રી પ્રકાશ સંઘવી, જૈનીઝમમાં ડોક્ટરેટની પદવી ધરાવતા શ્રીયુત કોર્બેટ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી કમલેશ ડી. પટેલ (દાજી) દ્વારા લિખિત પુસ્તક "હોલી તીર્થંકર્સ - ઈન ધ લાઈટ ઓફ હાર્ટફુલનેસ"માં જૈન ધર્મના ૨૪ તીર્થંકરોના જીવન અને આધ્યાત્મિક યાત્રાની વાત વણેલી છે. આ પુસ્તક જૈન ધર્મની કાલાતીત યાત્રા અને હાર્ટફૂલનેસના અનુભાવાત્મક માર્ગને એક સાથે લાવે છે. જૈન ધર્મના પ્રત્યે તીર્થંકરે એક પવિત્ર વૃક્ષ - દીક્ષા વૃક્ષ નીચે ધ્યાન કર્યું હતું. જેની ઉપસ્થિતિએ તેમના ધ્યાનને પોષિત કર્યું. આ પુસ્તક એ વાતની યાદ અપાવે છે કે આધ્યાત્મિક વિકાસ અને પારિસ્થિતિક શ્રદ્ધા ક્યારેય અલગ નથી હોતા.

હાર્ટફુલનેસ ધ્યાન કેન્દ્ર, અડાલજ ખાતે યોજાયેલા પુસ્તક વિમોચન પ્રસંગે શ્રી જયશ્રીબેન લાલભાઈ એ પુસ્તક અંગે વાત કરી હતી અને એનો ખ્યાલ આપ્યો હતો. તેમજ હાર્ટફૂલનેસ પદ્ધતિ વિશે સમજ આપી હતી. કાર્યક્રમના અંતમાં શ્રી પુનિત લાલભાઈ એ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હાર્ટફૂલનેસ સંસ્થાના અભ્યાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની મુલાકાતે ઇન્ડિયન યુથ વુમન્સ હેન્ડબોલ ટીમ

# ક્યારેય પોતાને અન્યથી નબળા ના સમજવા, દેશનું યુવાધન દરેક પડકાર ઝીલવા સક્ષમ છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

### રાજ્યપાલશ્રીએ ચીનમાં આયોજિત થનાર ૧૧મી યુવા એશિયન હેન્ડબોલ ચેમ્પિયનશિપ માટે શુભકામનાઓ પાઠવી



। (માહિતી) રાજભવન, તા.૧૫ ।

ઈન્ડિયન યુથ વુમન્સ હેન્ડબોલ ટીમના સદસ્યો આજે રાજભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની મુલાકાતે પધાર્યા હતા.

રાજ્યપાલશ્રીએ ચીન ખાતે આયોજિત થનાર ૧૧ મી યુવા એશિયન હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં ભાગ લેનાર ઈન્ડિયન યુથ વુમન્સ હેન્ડબોલ ટીમને શુભકામનાઓ પાઠવી હતી. રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, આપણે ક્યારેય પોતાને અન્યથી નબળા ના સમજવા જોઈએ, દેશોનું યુવાધન દરેક પડકાર ઝીલવા સક્ષમ છે. દેશ માટે વિજય મેળવવાનો ભાવ રાખીને, પૂરી તાકાત અને નિષ્ઠાથી કાર્ય કરવું જોઈએ.

ટીમના કોચ શ્રી નવીન પુનિયા, શ્રી સચિન ચૌધરી, શ્રી મનીષા રાઠોડ, બીનોય જી, ટીમના ફિઝિયોથેરાપિસ્ટ શ્રી મનિષાબેન તેમજ રીજનલ ડાયરેક્ટર શ્રી મણિકાંત શર્મા આ મુલાકાત દરમિયાન સાથે હતા.

# સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સી હસ્તકની વસાહતોને મૂળ ગામ સાથે ભેળવવાના નિયમોને આખરી ઓપ અપાયો

। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

રાજ્ય સરકારે સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સી હસ્તકની વસાહતોને મૂળ ગામ સાથે ભેળવવા, હસ્તાંતરણ કરવા માટેના નિયમોને આખરી ઓપ આપ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં નર્મદા વસાહતોને ગ્રામ પંચાયતો સાથે ભેળવવાની કાર્ય પદ્ધતિને મંજૂરી આપી છે. તદઅનુસાર, અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, ભરૂચ, ખેડા, પંચમહાલ, નર્મદા અને છોટા-ઉદેપુર તથા મહિસાગર જિલ્લાના મળીને કુલ ૨૬ તાલુકાની ૧૨૭ જેટલી નર્મદા વસાહતોનો નજીકના સંબંધીત ગામ સાથે ભળવાનો માર્ગ મોકળો થયો છે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ રાજ્ય સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે રજૂ કરેલી આ કાર્ય પદ્ધતિમાં સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે, આવી વસાહતોમાં ઉપલબ્ધ નાગરિક સુવિધાઓ, પીવાના પાણીના સ્ત્રોત, વસાહતને મુખ્ય માર્ગ સાથે જોડતો એપ્રોચ રોડ અને આંતરીક રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટની સુવિધાઓ, વરસાદી પાણીના નિકાલ માટેની સુવિધાઓ કાર્યરત રાખવા અને તેની સમયાંતરે મરામત તથા નિભાવણી અંગેની કામગીરી સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા કરવાની રહેશે.

### અમૃતસર-જામનગર એક્સપ્રેસવેના ૨૮ કિલોમીટર સ્ટ્રેચમાં આજથી ટોલ વસૂલાત સ્થગિત



। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI) દ્વારા એક વિશેષ જાહેરાત કરવામાં આવી છે. ભારતમાલા પ્રોજક્ટ અંતર્ગતના મહત્વપૂર્ણ એવા અમૃતસર-જામનગર એક્સપ્રેસવે (NH-754K) પર સાંચોર-સાંતલપુર સેક્શનના પેકેજ-૪માં અત્યારે રિપેરિંગની મહત્વપૂર્ણ કામગીરી ચાલુ હોવાથી, અહીં ૨૮.૭૧ કિલોમીટરના સ્ટ્રેચમાં લાગતો ટોલ ટૂંકી મુદત માટે માફ કરવામાં આવ્યો છે. NHAIએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૧૫ જુલાઇ ૨૦૨૫ સવારે ૮ વાગ્યાથી આ નિર્ણય લાગુ થઈ જશે. રિપેરિંગની નિર્ધારિત કામગીરી પૂર્ણ થયા સુધી ૨૮.૭૧ કિલોમીટરના સ્ટ્રેચનો ટોલ નાગરિકો માટે ફ્રી રહેશે. રાજસ્થાનના સાંચોરથી ગુજરાતના પાટણ જિલ્લાના સાંતલપુર સુધી ૧૨૫ કિલો મીટરનો માર્ગ એક મહત્વપૂર્ણ ઈકોનોમિક કોરિડોર છે. ભારતમાલા પ્રોજેક્ટનો ઉદેશ દેશના ઉત્તર ક્ષેત્રના રાજ્યો પ્રદેશોની પૂર્વ ક્ષેત્રના વિસ્તારો સાથે કનેક્ટીવીટી વધારવાનો છે. જામનગર, કંડલા અને મુન્દ્રા જેવા પોર્ટસ પરથી ઉત્તર ક્ષેત્રના રાજ્યો-પ્રદેશોને વિવિધ ઉત્પાદનોની આયાત-નિકાસની વૈશ્વિક સુવિધા પણ આ પ્રોજેક્ટથી આપવાનું વ્યૂહાત્ક આયોજન છે .

# ૧૮-૧૯ જુલાઈની રાત્રે ૩ કલાક માટે વિસનગર-ગાંધીનગર હાઇવે વચ્ચે સ્થિત ગોઝારિયા રેલ્વે ક્રોસિંગ નંબર ૭૭ રોડ ટ્રાફિક માટે બંધ રહેશે

। અમદાવાદ, તા.૧૫ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ પર વિસનગર-ગાંધીનગર હાઈવે વચ્ચે સ્થિત ગોઝારિયા રેલવે ક્રોસિંગ નંબર ૭૭ પર થ્રુ રેલ નવીકરણ (ટીઆરઆર) કાર્યને કારણે ૩ કલાક માટે રોડ ટ્રાફિક અસ્થાયી રૂપે બંધ રહેશે. જે નીચે મુજબ છેઃ

આંબલિયાસન-વિજાપુર રેલવે લાઇન ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ હેઠળ, વિસનગર-ગાંધીનગર હાઈવે પર ગોઝારિયા રેલ્વે ક્રોસિંગ નંબર ૭૭ પર થ્રુ રેલ નવીકરણ (ટીઆરઆર) કાર્ય કરવાનો છે, જેના કારણે ૧૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ રાત્રે ૨૩.૩૦ વાગ્યાથી ૧૯ જુલાઈ ૨૦૨૫ના ૦૨.૩૦ વાગ્યા સુધી ૩ કલાક માટે રોડ ટ્રાફિક બંધ રહેશે.

# તા. ૧૬ જુલાઈ - 'વિશ્વ સર્પ દિવસ': ગુજરાતમાં અંદાજે ૫૦થી વધુ સાપની પ્રજાતિઓ અસ્તિત્વમાં

। અમદાવાદ, તા.૧૫ ।

સાપ એ પ્રકૃતિનું અજોડ સર્જન છે, જે પર્યાવરણની સુંદરતા અને સંતુલનનો એક અભિન્ન ભાગ છે. કુદરતે રચેલી આહારશૃંખલા મુજબ સાપ નાના પ્રાણીઓ અને જીવ જંતુઓના ભક્ષણ થકી તેમની વસ્તીને નિયંત્રિત કરીને પર્યાવરણની સાંકળમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આમ, સાપના પારિસ્થિતિકીય મહત્વને ઉજાગર કરવા અને તેમના સંરક્ષણ દ્વારા જાગૃતિ ફેલાવવાના હેતુસર દર વર્ષે તા. ૧૬ જુલાઈના રોજ 'વિશ્વ સર્પ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યમાં પણ વન વિભાગ તેમજ વિવિધ સ્વૈછિક સંસ્થાઓના સહયોગથી સાપના સંરક્ષણ અને જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

ગુજરાતમાં અંદાજે ૫૦થી વધુ સાપની પ્રજાતિઓ જોવા મળે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વન-પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ રાજ્ય મંત્રી શ્રી મુકેશ પટેલના નેતૃત્વમાં વન વિભાગ દ્વારા સાપોના સંરક્ષણ-સંવર્ધન માટે અનેક પ્રકલ્પો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તેમજ જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં આવેલા સર્પગૃહ ખાતે વન વિભાગના કર્મયોગીઓ દ્વારા લાખો મુલાકાતીઓને નાગ, કાળોતરો, ફુરસો અને ખળચિતડો જેવા ઝેરી તથા અજગર, ધામણ, ભમ્ફોડી, આંધળી ચાકળ જેવા બિનઝેરી સાપોની ઓળખ આપી અને તેમનું મહત્વ સમજાવવામાં આવે છે. સર્પદંશની સારવાર માટે રાજ્યના તમામ આરોગ્ય કેન્દ્રો અને સરકારી હોસ્પિટલોમાં એન્ટી-વેનમનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવામાં આવે છે. સાપના ઝેરનો ઉપયોગ દવાઓ બનાવવામાં પણ થાય છે, જે હૃદયરોગ, બ્લડ પ્રેશર અને કેન્સર જેવા રોગોની સારવારમાં ખૂબ ઉપયોગી નીવડે છે.

# અમદાવાદ શહેરમાં રોડ રિપેરીંગ કામગીરીનું નિરીક્ષણ કરતા મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાની

### અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વિરાટનગર, સોનીની ચાલી, નિકોલ ગામ સહિત પૂર્વ વિસ્તારમાં વિવિધ સ્થળોમાં ચાલી રહેલી રોડ રી-સ્ટોરેશનની કામગીરીનું નિરીક્ષણ કર્યું



। અમદાવાદ, તા.૧૫ ।

રાજ્યમાં તાજેતરમાં વરસાદી માહોલ વચ્ચે પુલો અને રસ્તાઓ પર થયેલી અસરને પગલે માર્ગ વ્યવસ્થા જળવાય રહે તે માટે રાજ્ય સરકારે વિશેષ અભિયાનના અમલનો દ્રઢ નિણય લીધો છે. આ ખાસ અભિયાન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશો અને માર્ગદર્શનમાં અમલી બનાવવામાં આવ્યું છે. જેના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીના સૂચના અન્વયે શહેરના વિવિધ વિસ્તારોમાં રોડમાં પેચવર્ક, સમારકામ, ડામર, લેવલીંગની કામગીરી કરવામાં આવી રહી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાની લોકોને પડતી મુશ્કલીનું ઝડપી નિરાકરણ લાવવા દરરોજ સવારે નિયમિત અમદાવાદના વિવિધ ઝોનની મુલાકાત લેતા હોય છે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ મંગળવારે સવારે ૭.૩૦ થી ૮.૩૦ દરમિયાન અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વિરાટનગર વોર્ડ ખાતે વિરાટનગર બસ સ્ટેન્ડ પાસે ચાલી રહેલી રોડ રિ-સ્ટોરેશનની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથો સાથ અમદાવાદનાં વિરાટનગરથી સોનીની ચાલી તેમજ નિકોલ ગામ ખાતે વરસાદથી ક્ષતિગ્રસ્ત રસ્તાઓ પર થઈ રહેલા પેચવર્કનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ અંગે વાત કરતા અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, શહેરના તમામ રસ્તાઓ પર દરરોજ સવારે નિરીક્ષણ કરીને જ્યાં પણ ખાડા હોય એનું તરત જ સમારકામ કરવામાં આવે છે. રોજે રોજ યુદ્ધના ધોરણે જે કોઇ રસ્તા વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત હોય અથવા બીજા કામ જેમ કે વોટર કે ડ્રેનેજ કે પછી સિવરેજના કામોના કારણે માર્ગ ક્ષતિગ્રસ્ત હોય એવા તમામ કામોના સમારકામ પણ સાથો સાથ કરવામાં આવી રહ્યા છે. શ્રી બંછાનિધિ પાનીએ વધુમા ઉમેર્યું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે ઈન્ફ્રારેડના મશીનો છે, જેના થકી અત્યારે કામગીરી કરવામાં આવી રહી છે. હાલમાં જેટ પેચરના દ્વારા અત્યારે કામ થઈ રહ્યું છે. જેટ પેચરમાં નાના-નાના જે ખાડા હોય એનું સમારકામ કરવામાં આવે છે. આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે પોતાનો હોટ મિક્સ પ્લાન્ટ છે, આ હોટ મિક્સ પ્લાન્ટ પણ પીપળજમાં કાર્યરત છે. આ પ્લાન્ટની કેપેસિટી ૧૮૦ ટન પર અવર છે. આ સાથે એક ખાનગી હોટમિક્સ પ્લાન્ટ પણ છે.

તેમણે વધુમાં કહ્યું કે, કોર્પોરેશન દ્વારા કોલ્ડ મિક્સના બેગ લેવામાં આવે છે. લગભગ અત્યાર સુધી ૧૪,૫૦૦ જેટલા કોલ્ડ મિક્સના બેગનો વપરાશ થયો છે. આ ઉપરાંત ૭૫૦૦ ટનના હોટમિક્સ જે છે એ મટીરિયલનો પણ ઉપયોગ આ કામગીરીમાં કરવામા આવ્યો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ વધુમા ઉમેર્યું કે, અમદાવાદ મ્યુનસિપલ કોર્પોરેશનના તમામ જે ફિલ્ડ સ્ટાફ છે એ ફિલ્ડ સ્ટાફ દરરોજ સવારે ૭.૦૦ વાગ્યાથી લઈને ૯.૦૦ વાગ્યા સુધી કાર્યરત હોય છે. આ ઉપરાંત સવારે અને રાત્રે જ રોડ રસ્તાના સમારકામની કામગીરી કરવામાં આવે છે, જેનાથી દિવસ દરમિયાન નાગરિકોને કોઈપણ પ્રકારની અડચણ ન થાય.

તેમણે વધુમાં ઉમેર્યું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને વિવિધ માધ્યમો થકી ફરિયાદો મળતી હોય છે, જેમાં સીસીઆરએસ કમ્પ્લેન્ટ મોનિટરીંગ સિસ્ટમ દ્વારા લોકોની ફરિયાદ આવે છે. આ ઉપરાંત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી જે કેમેરા છે એ કેમેરામાં પણ કોઈપણ ખાડા દેખાય તો એ આપણે પ્રોએક્ટિવ રીતે એ ખાડાઓનું તરત જ મોનિટરીંગ કરીને એનું સમારકામ કરીએ છીએ.

અત્યાર સુધીમાં ૭૩૨૬ જેટલા ખાડાઓ અલગ અલગ કમ્પ્લેન્ટસના માધ્યમ થકી કે પછી કોર્પોરેશનના કેમેરા થકી ધ્યાને આવ્યા આવ્યા છે. જેમાંથી ૬૫૯૪ જેટલા ખાડાઓને પૂરી દેવામાં આવ્યા છે, એટલે કે તેનું તરત જ સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આમ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખૂબ ઝડપથી કામગીરી કરવામાં આવી રહી છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

# પૂલ દુર્ઘટના બાદ પાદરાની કંપનીઓ દ્વારા કામદારોને સમય અને શિફ્ટમાં રાહતો અપાઇ

। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

મુજપુર – ગંભીરા પૂલ તૂટી પડવાના કારણે કામદારોને પડી રહેલી મુશ્કેલીઓને ધ્યાને લઇ રાજ્ય સરકારના જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને શ્રમ વિભાગ દ્વારા કરાયેલા ઈન્ટરવેન્શનને પગલે રોજગારદાતા કંપનીઓ દ્વારા રાહતકારક પગલાં લેવામાં આવી રહ્યા છે. કેટલીક કંપનીઓ દ્વારા પોતાની ટ્રાન્સપોર્ટેશન સુવિધાઓ શરૂ કરશે તો કેટલીક તેમના કામદારોના વાહન ભથ્થામાં વૃદ્ધિ કરવા સહમત થઈ છે.

મહિ નદીના વડોદરા તરફના કિનારા બાજુએ પાદરા તાલુકામાં વિવિધ પ્રકારના ૫૩ જેટલા ઔદ્યોગિક એકમો કાર્યરત છે. જેના દ્વારા મુખ્યત્વે રસાયણો, દવાઓ, મિકેનિકલ વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે. આ કંપનીઓમાં આણંદ તરફથી આવતા કામદારોની સંખ્યા ચાર હજાર જેટલી છે.

પૂલ તૂટી પડવાની ઘટના બાદ કામદારોને પડી રહેલી પરિવહનની મુશ્કેલીઓને ધ્યાને લઇ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા શ્રમ ખાતા દ્વારા સંબંધિત કંપનીઓ સાથે ઈન્ટરવેન્શન કરવામાં આવ્યું હતું. જેના થકી કામદારો માટે રાહત રૂપ નિર્ણયો કંપનીઓ દ્વારા લેવામાં આવ્યા છે. ઘણી કંપનીઓ દ્વારા તેમના કોન્ટ્રાક્ટરોને ખાનગી વાહનોની વ્યવસ્થા કરવા માટેની સૂચના આપવામાં આવી છે. મહત્તમ કંપનીઓ દ્વારા તેમના કામદારો માટે પરિવહનની વ્યવસ્થા કરવામાં આવી છે. રૂટ બદલાતા નોકરીના સમયમાં છૂટછાટ આપવામાં આવી છે.

તદઉપરાંત કેટલીક કંપનીઓ દ્વારા તેમના કામદારો માટે હાજરીમાં પણ રાહત આપવામાં આવી છે. જેમ કે, માસના ૨૫ દિવસને બદલે ૨૨ દિવસ કરવામાં આવ્યા છે. વધુમાં કંપનીઓ દ્વારા આણંદ રૂટથી આવતા કામદારોને જનરલ શિફ્ટ આપવાનું નિયત કરવામાં આવ્યું છે. કેટલીક કંપનીઓ તેમના કર્મચારીઓ માટે વાહન ભથ્થુ વધારવાની વિચારી રહી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે સાંજે પરી અથવા મિત્રો સાથે થોડીક હળવાશ માણો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. બાળકો વધુ ધ્યાનની માગ કરશે-પણ તેઓ સહાયક અને દેખભાળભર્યું વર્તન કરશે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે વધુ પડતો ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે.

**કર્ક (ડ,હ) :**
આજે તેવું થી શકે છે કે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાકર્કિક આધાર લો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. અંગત બાબતો ઉકેલવાના તમારા અભિગમમાં ઉદાર રહો, પણ તમારી પ્રેમ અને સારસંભાળ ધરાવતા લોકોને તમારી વાણીથી નુકસાન ન પહોંચે તેનું ધ્યાન રાખજો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે.

**તુલા (ર,ત) :**
આજથી સવારે શરૂ કરેલ આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. આજનો દિવસ તમારા બધા માટે ખૂબ જ સક્રિય તથા સામાજિક પ્રવૃત્તિઓથી ભરેલો દિવસ રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે કોઈ પણ તકલીફમાં જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો.

**મકર (ખ,જ) :**
કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. તમારા રૉમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો. તમે જે કંઈ કામ કરો છો તેનું શ્રેય બીજાને ન લેવા દેતા. તમે જે હંમેશાં સાંભળવા માગતા હતા.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. આજે તમે રોમેન્ટિક સ્પંદનો અનુભવશો. કામના સ્થળે વરિષ્ઠો તથા સહ-કમર્મચારીઓ તરફથી સહકાર તમારૂં મનોબળ વધારશે.

## ન્યૂઝ બ્રિફ

### નકલી વિઝા પર લક્ઝમબર્ગ જતાં ગુજરાતના સાત મુસાફરો દુબઈથી ડિપોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

નકલી શેંગેન વિઝાની મદદથી દુબઈ થઈને લક્ઝમબર્ગ જઈ રહેલા ગુજરાતના સાત પ્રવાસીઓને દુબઈ એરપોર્ટ પર ઈમીગ્રેશન દ્વારા અટકાયત બાદ ડિપોર્ટ કરી દેવાયા હતા. મુંબઈ આવી પહોંચેલા આ પ્રવાસીઓની મુંબઈ એરપોર્ટથી જ ધરપકડ કરવામાં આવી હતી. ટૂરિસ્ટ તરીકે લક્ઝમબર્ગમાં પ્રવેશી બાદમાં રોજગારી મેળવવાના ઈરાદાથી આ યાત્રીઓ નીકળ્યા હતા. મળતી માહિતી અનુસાર, ગુજરાતના કિશન નામના એજન્ટે આ સમગ્ર કારસો ઘડ્યો હતો. આ લોકોને ટુરિસ્ટ વિઝા અને નકલી શેંગેન વિઝા બનાવી આપવામાં આવ્યા હતા. તેમ જ એજન્ટે તેમને યુરોપિયન દેશોમાં મુસાફરી કરવા અને સ્થાયી થવા માટે વિગતો પૂરી પાડી હતી, તેવું આ લોકોએ પોલીસને જણાવ્યું હતું. સહાર પોલીસ હવે આ લોકોને નકલી વિઝા બનાવી આપનાર એજન્ટ કિશનને શોધી રહી છે.શુક્રવારે (૧૧મી જુલાઈ) રાત્રે ઈમીગ્રેશન અધિકારી વિષ્ણુ સાવંત મુંબઈ એરપોર્ટ પર પ્રવાસીઓના એરાઈવલ (આગમન)નું નિરીક્ષણ કરી રહ્યા હતા.આ દરમિયાન તેમને જાણવા મળ્યું હતું કે દુબઈ ઈમિગ્રેશન દ્વારા વિઝા ફલેગ કર્યા વિના સાત વ્યક્તિઓને દુબઈથી ડિપોર્ટ (દેશનિકાલ) કરવામાં આવ્યા છે. આ પ્રવાસીઓને તરત જ અટકમાં લઈ ત્યારબાદ આ ઈન્ચાર્જ સૂરજ યાદવ અને મોનિલ કૌશિકને સોંપવામાં આવ્યા હતા. આ લોકોની વધુ પૂછપરછ અને તપાસમાં ઈમિગ્રેશન અધિકારીઓને જાણવા મળ્યું હતું કે તેમના લકઝમબર્ગ માટેના શેંગેન એમ્પ્લોયમેન્ટવિઝા નકલી હતા. એજન્ટે તેમને એમ કહીને ભરમાવ્યા હતા કે આ વિઝાના આધારે તેઓ લક્ઝમબર્ગમાં પ્રવેશી ગયા બાદ આ શેંગેન વિઝા માન્ય હોય તેવા ૨૯ દેશોમાંથી કોઈપણ દેશમાં જઈ આવી શકશે અને ત્યાં નોકરકી રોજગાર શોધી શકશે.પોલીસે એરલાઈન્સ લાયસન્સિંગ એજન્સીને ઈ-મેલ કર્યા પછી પુષ્ટિ થઈ હતી કે આ સાતેય વ્યક્તિઓને લકઝમબર્ગ સત્તાવાળાઓ દ્વારા વિઝા આપવામાં આવ્યા નથી. પોલીસે આ તમામની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. સહાર પોલીસે ધરપકડ કરાયેલા સાત વ્યક્તિઓમાં કૌશિકકુમાર પટેલ (ગાંધીનગર), અર્થકુમાર પટેલ (મહેસાણા), મહર્ષિ પટેલ (મહેસાણા), પૃથ્વીરાજગીરી ગોસ્વામી (મહેસાણા), ભાર્ગવ જોશી (મહેસાણા), કુણાલકુમાર પ્રજાપતિ (અમદાવાદ), મોહમ્મદ જૈદ હુસૈનખાન પઠાણ (મહેસાણા)નો સમાવેશ થાય છે.

### કોલેજ કેમ્પસમાં ખુદને આગ ચાંપનાર વિદ્યાર્થિનીનું મોત

। (એજન્સી) બાલાસોર, તા.૧૫ ।

ઓડિશાના બાલાસોરમાં ફકીર મોહન ઓટોનોમસ કોલેજની ૨૦ વર્ષીય વિદ્યાર્થિનીનું મંગળવારે AIIMS ભુવનેશ્વરમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. વિદ્યાર્થીનીએ આ મહિનાની શરૂઆતમાં તેના HOD પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. કોલેજ વહીવટીતંત્ર દ્વારા કાર્યવાહી ન કરવાથી હતાશ થઈને વિદ્યાર્થિનીએ કેમ્પસમાં પોતાને આગ લગાવી દીધી હતી, જેમાં તે ૯૦ ટકા દાઝી ગઈ હતી. તેને પહેલા બાલાસોર જિલ્લા હેડક્વાર્ટર હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં તેની હાલત ગંભીર બનતા ૧૨ જુલાઈના રોજ તેને AIIMS ભુવનેશ્વર રીફર કરવામાં આવી હતી.AIIMS ભુવનેશ્વરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેને બર્ન્સ સેન્ટર ICUમાં દાખલ કરવામાં આવી હતી. દર્દીને IV ફ્લૂઈડ, IV એન્ટિબાયોટિક્સ, ટ્યુબ દાખલ કરીને ભાનમાં લવાઈ હતી અને મિકેનિકલ વેન્ટિલેશન પર મૂકવામાં આવી હતી. બર્ન્સ ICUમાં કિડની રિપ્લેસમેન્ટ થેરાપી સહિત તમામ શક્ય તબીબી પ્રયાસો છતાં તેને બચાવી ન શકાઈ.

### ભારત સાથે સહયોગ વધારવા તૈયારઃ ચીનના વિદેશમંત્રી

# ભારત-ચીનના મતભેદો ઘર્ષણમાં તબદીલ ના થવા જોઈએ

### ભારત અને ચીન વચ્ચેના સારા સંબંધો માત્ર બે દેશો માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે લાભદાયી છે : જયશંકર

। (એજન્સી) બેઈજિંગ, તા.૧૫ ।

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ બોમ્બને કારણે વિશ્વમાં પ્રવર્તી રહેલી આર્થિક અનિશ્ચિતતા વચ્ચે ચીનમાં બે દિવસના શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) સંમેલનનું આયોજન કરાયું છે. અમેરિકાની આક્રમક વેપાર નીતિ સામે ટક્કર લેવા તથા વૈશ્વિક ઉત્પાદન તથા સપ્લાય ચેઈનને સ્થિર બનાવવા સહિતના મુદ્દે આ બેઠક અત્યંત મહત્વની બની રહેશે. ૨૦૨૦માં ગલવાન ખીણમાં બંને દેશો વચ્ચે થયેલાં ઘર્ષણ બાદ ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકર પ્રથમ વખત આ સંમેલનમાં ભાગ લેવા ચીનની મુલાકાતે પહોંચ્યાં છે. ચીનના બે દિવસના સત્તાવાર પ્રવાસે પહોંચેલા વિદેશમંત્રી એસ. જયશંકરે બંને દેશો વચ્ચેના વેપાર સહિતના સંબંધોને સામાન્ય બનાવવા તથા આતંકવાદ મુદ્દે ભારતની ઝીરો ટોલરન્સની નીતિ પર ભાર મુક્યો હતો. ચીનના વિદેશમંત્રી



વાંગ યી સાથેની મુલાકાતમાં જયશંકરે જણાવ્યું હતું કે, ભારત અને ચીન વચ્ચેના મતભેદો વિવાદમાં તબદીલ ના થવા જોઈએ. ચીનના વિદેશમંત્રીએ પણ ભારત સાથે સહયોગ વધારવાની અને સાથે મળીને કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. બંને દેશોએ સરહદ સંબંધિત વિવાદોનો ઉકેલ લાવવા માટે વાટાઘાટો કરતાં રહેવું જોઈએ. આ ઉપરાંત વેપારને લગતાં નિયંત્રણાત્મક પગલાં અને અવરોધો દૂર કરી બંને દેશો વચ્ચેની હરીફાઈ ઘર્ષણનું સ્વરૂપ ના લે તેનું ધ્યાન રાખવું જોઈએ. પારસ્પારિક સન્માન, હિત અને સંવેદનશીલતાના આધારે જ બંને દેશો વચ્ચેનું જોડાણ મજબૂત બની શકે છે. જયશંકરે જણાવ્યું હતું કે, ભારત અને ચીન વચ્ચેના સારા સંબંધો માત્ર બે દેશો માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે લાભદાયી છે. જયશંકરે ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ સાથે પણ મંત્રણા કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, સામાન્ય દ્વિપક્ષીય સંબંધોથી જ પારસ્પારિક લાભકારક પરિણામો હાંસલ થશે. ઉલ્લેખનીય છે કે, બંને દેશો વચ્ચે સંબંધો સામાન્ય કરવા તથા સરહદ પરનો તણાવ ઘટાડવા માટે છેલ્લાં નવ મહિનાથી દ્વીપક્ષીય મંત્રણાઓ ચાલી રહી છે. આ મંત્રણાઓના ભાગરૂપે બંને દેશોએ ઘર્ષણ થાય તેવા સ્થળોએથી પોતાના સૈનિકો હટાવી લીધાં છે, જોકે સરહદ પરથી સંપૂર્ણ સૈન્ય હટાવાયું નથી. પૂર્વીય લદાખમાં લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ (વાસ્તવિક નિયંત્રણ રેખા) પર બંને દેશોના આશરે ૫૦-૬૦,૦૦૦ સૈનિકો તૈનાત છે. ભારતીય વિદેશ મંત્રાલયે જયશંકર અને વાંગ વચ્ચેની મંત્રણાને રચનાત્મક અને ભવિષ્યલક્ષી ગણાવી હતી. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બંને દેશો એકબીજાના દેશમાં આવાગમન માટે ડાયરેક્ટ ફ્લાઈટ કનેક્ટિવિટી સહિતના વધારાના પગલાં લેવા પણ સહમત થયાં છે.

આ ઉપરાંત જયશંકરે મંત્રણા દરમિયાન ચીન તરફથી હાઈડ્રોલોજિકલ ડેટા ઉપલબ્ધ બનાવવાનું પુનઃ શરૂ કરવા સહિત બંને દેશોમાંથી પસાર થતી નદીઓ મુદ્દે પણ સહકાર સાધવાની બાબત પર ભાર મુક્યો હતો. જયશંકરે જણાવ્યું હતું કે, ઓક્ટોબર, ૨૦૨૪માં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે થયેલી મુલાકાત બાદ બંને દેશો વચ્ચેના સંબંધો ક્રમશઃ હકારાત્મક દિશામાં આગળ વધી રહ્યાં છે. આપણી જવાબદારી આ ગતિને જાળવી રાખવાની છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન મોદી અને જિનપિંગ વચ્ચે ગત ૨૩ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ રશિયાના કઝાનમાં મુલાકાત થઈ હતી.

## સુપ્રીમે ત્રણ રાજ્યોની પોલીસ પાસેથી રિપોર્ટ માંગ્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

દેશમાં આઈઆઈટી જેવી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓની આત્મહત્યાના મામલે સુપ્રીમ કોર્ટે સોમવારે ત્રણ રાજ્યોની પોલીસને સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે. આઈઆઈટી દિલ્હી, આઈઆઈટી-ખડગપુર અને રાજસ્થાનના કોટામાં નીટની આશાસ્પદ વિદ્યાર્થિનીની આત્મહત્યાના કેસમાં સુપ્રીમ કોર્ટની બેન્ચ ૨૧ જલાઈએ વધુ સુનાવણી હાથ ધરશે. જસ્ટિસ જે બી પારડિવાલા અને આર મહાદેવનની બેન્ચે આ કેસમાં ગૃહમંત્રાલયને પક્ષકાર બનાવતા દેશની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં આત્મહત્યાને મુદ્દે ચિંતા વ્યક્ત કરી હતી. એમિકસ ક્યુરી સીનિયર એડ્વોકેટ અપર્ણા ભટ્ટે આ મુદ્દે મંત્રાલયની મદદ માંગી હતી. સુપ્રીમ કોર્ટની બેન્ચે આઈઆઈટી દિલ્હીમાં અભ્યાસ કરતા બે વિદ્યાથી-ઓની ૨૦૨૩માં આત્મહત્યા કેસમાં તપાસની સ્થિતિ જણાવવા પોલીસને નિર્દેશ આપ્યા હતા. ૨૪ માર્ચે આ બંને મૃતકોના પરિવારજનોએ ફરિયાદ દાખલ કરાવી હતી. દિલ્હી સરકાર વતી હાજર વકીલને બેન્ચે જણાવ્યું હતું કે, તપાસમાં શું પ્રગતિ થઈ છે તે જણાવો. એફઆઈઆર દાખલ કરાયા બાદ તમે શું કર્યું તે અમારે જાણવું છે. કેસમાં શું કર્યું તે તમારે કોર્ટને જણાવવું જોઈએ. દરમિયાન સર્વોચ્ચ ન્યાયાલયે પશ્ચિમ બંગાળ પોલીસને ૪થી મેએ આઈઆઈટી-ખડગપુરમાં વિદ્યાર્થીએ કરેલી આત્મહત્યા બાદ ૮મી મેએ નોંધાયેલી ફરિયાદમાં શું પ્રગતિ થઈ છે તેનાથી કોર્ટને વાકેફ કરવા જણાવ્યું છે. રાજસ્થાનમાં કોટા ખાતે નીટની પરીક્ષાની તૈયારી કરી રહેલી વિદ્યાર્થિનીએ રૂમમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. આ કેસમાં તપાસની શું સ્થિતિ છે તેનાથી કોર્ટને અવગત કરવા રાજસ્થાન પોલીસને સુપ્રીમે આદેશ આપ્યો છે.

### ૨૭ રનમાં સમેટાયેલી વેસ્ટ ઈન્ડિઝ ટીમના નામે શરમજનક રેકોર્ડ નોંધાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઓસ્ટ્રેલિયાએ જમૈકામાં રમાયેલી ત્રીજી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝને ૧૭૬ રને હરાવ્યું. આ સાથે ઓસ્ટ્રેલિયાએ ફ્રેન્ક વોરેલ ટ્રોફીમાં વેસ્ટ ઈન્ડિઝને ૩-૦થી ક્લીન સ્વીપ કર્યું. ઓસ્ટ્રેલિયાના બોલર મિશેલ સ્ટાર્કે ૭.૩ ઓવરમાં ૯ રન આપીને ૪ મેડન્સ સાથે ૬ વિકેટ લીધી અને સ્કોટ બોલેન્ડની હેટ્રિકથી ઓસ્ટ્રેલિયાએ વેસ્ટ ઈન્ડિઝને ફક્ત ૨૭ રનમાં ઓલઆઉટ કરી દીધું, જે ટેસ્ટ ઈતિહાસનો બીજો સૌથી ઓછો સ્કોર છે. વેસ્ટ ઈન્ડિઝના નામે વધુ એક શરમજનક રેકોર્ડ એ નોંધાયો કે ટીમના ૭ બેટ્સમેન ૦ પર આઉટ થઈ ગયા હતા. ફક્ત ચાર જ ખેલાડીઓ ખાતુ ખોલાવી શક્યા હતા. ટોપના ૬ બેટરે ફક્ત ૬ રન કર્યા. ઓસ્ટ્રેલિયાએ પહેલી ઈનિંગમાં ૨૨૫ રન બનાવ્યા હતા.

### બીજી ઈનિંગમાં ભારતીય બેટરો ફેલ

## લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ સામે ભારતની હાર

। (એજન્સી) લોર્ડ્સ, તા.૧૫ ।

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી-૨૦૨૫ની લૉર્ડ્સમાં રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચમાં ભારતનો પરાજય થયો છે. ઈંગ્લેન્ડ-ભારતે પ્રથમ ઈનિંગમાં ૩૮૭-૩૮૭ રન નોંધાવ્યા હતા. ત્યારબાદ ઈંગ્લેન્ડે બીજી ઈનિંગમાં ૧૯૨ રન કર્યા બાદ, ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ ૧૭૦ રનમાં ઓલઆઈટ થઈ ગઈ છે. મેચના ત્રીજા અને ચોથા દિવસે જુસ્સામાં જોવા મળેલી ભારતીય ટીમનો ઈંગ્લેન્ડ સામે ૨૨ રને પરાજય થયો છે. ભારતના સુકાની શુભમન ગીલ, રિષભ પંત સહિતના તમામ ખેલાડીઓએ નબળું પ્રદર્શન કર્યું છે, તો ઈંગ્લેન્ડ તરફથી જોળા આર્ચર, બેન સ્ટોક, બ્રાઈડોન કાર્સે શાનદાર બોલિંગ કરી ટીમને જીત અપાવી છે. આ સાથે બંને ટીમો વચ્ચે રમાઈ રહેલી પાંચ ટેસ્ટ મેચની સિરીઝમાં ઈંગ્લેન્ડે ૨-૧ની સરસાઈ મેળવી લીધી છે.ભારતે બીજી ઈનિંગ શરૂ કર્યા બાદ એક પછી એક વિકેટ પડી હતી. ઓપનર જયસ્વાલ અને સુકાની શુભમન ગિલ સહિત તમામ ખેલાડીઓ નિષ્ફળ ગયા હતા. બીજી ઈનિંગમાં સ્કોરની વાત કરીએ તો યશસ્વી જસ્વાલ શૂન્ય રન, કે.એલ.રાહુલ ૩૯ રન, કરુણ નાયર ૧૪ રન, શુભમન ગિલ ૬ રન, આકાશ દિપ ૧ રન, રિષભ પંત ૯ રન, રવિન્દ્ર જાડેજા અણનમ ૬૧ રન, વોશિંગ્ટન સુંદર ૦ રન, નિતિશકુમાર રેડ્ડી ૧૩ રન, જસપ્રીત બુમરાહ ૫ રન અને મોહમ્મદ સિરાજે ૪ રન નોંધાવ્યા હતા. જ્યારે ઈંગ્લેન્ડ તરફથી જોળા આર્ચરે અને બેન સ્ટોકે ૩-૩ વિકેટ, બ્રેયડોન કાર્સે ૨ વિકેટ, ક્રિસ વોક્સ અને શોએબ બસીરે એક-એક વિકેટ ઝડપી હતી.

### હરિયાણામાં ત્રણ માસમાં ૧૧૫૪ ગર્ભપાત, ૫૬ આશાવર્કરોને નોટિસ

। (એજન્સી) ચંડીગઢ, તા.૧૫ ।

હરિયાણામાં આરોગ્ય વિભાગના તમામ પ્રયાસો અને દેખરેખ છતાં ગર્ભમાં જ દિકરીઓની હત્યા અટકી રહી નથી. તાજેતરમાં આવેલા રિપોર્ટમાં એક ચોંકવનારો ખુલાસો થયો છે. આ રિપોર્ટ મુજબ રાજ્યમાં ત્રણ મહિનામાં ૧૧૫૪ ગર્ભવતી મહિલાઓએ ગર્ભપાત કરાવ્યા છે. એમાંથી મોટાભાગના મામલામાં ભ્રુણ દિકરીઓના હોવાના કારણે ગર્ભપાત કરાવવામાં આવ્યા છે. હરિયાણા સરકારે ગર્ભવતી મહિલાઓની દેખરેખ માટે કાર્યરત ૫૬ આશા વર્કરોને કારણદર્શક નોટિસ ફટકારી છે. આ આશા વર્કરોનું કામ હતું કે એ ગર્ભવતી મહિલાઓની સાથે નિરંતર સંપર્કમાં રહે અને તેમને ‘સખી’ની જેમ સમજાવીને દેખરેખ રાખે.

### વિશ્વના સૌથી વૃદ્ધ ૧૧૪ વર્ષીય

# મેરેથોન દોડવીર ફૌજા સિંહનું અકસ્માતમાં મોત

### ફૌજા સિંહે ૯૦ વર્ષની ઉંમરે પોતાની પહેલી મેરેથોન પૂર્ણ કરી હતી. ૨૦૦૪માં, તેમણે ૯૩ વર્ષની ઉંમરે લંડન મેરેથોન પૂર્ણ કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

મેરેથોન દોડવીર ફૌજા સિંહનુ સોમવારે પંજાબના જલંધર જિલ્લામાં તેમના પૈતૃક ગામે લટાર મારવા નીકળતી વખતે અજાણ્યા વાહનથી ટક્કર થઈ હતી. જેના કારણે તેમનું મોત નીપજ્યું.

તે ૧૧૪ વર્ષના હતા. તેમના નિધનની પુષ્ટી લેખક ખુશવંત સિંહે કરી હતી જેમણે ફૌજા સિંહના પરિવારના સભ્યો સાથે વાતચીત પણ કરી હતી. પંજાબના રાજ્યપાલે દુઃખ વ્યક્ત કર્યુ પંજાબના રાજ્યપાલ તથા ચંડીગઢના વહીવટી શાસક ગુલાબ ચંદ કટારિયાએ ફૌજા સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યું હતું. તેમણે X પર લખ્યું કે મેરેથોન દોડવીર અને દૃઢતાના પ્રતીક સરદાર ફૌજા



સિંહના નિધનથી મોટી ક્ષતિ થઈ છે. તેમનો વારસો નશામુક્ત પંજાબ માટે પ્રેરણા બની રહેશે. ઓમ શાંતિ ઓમ... ફૌજા સિંહનો જન્મ ૧ એપ્રિલ ૧૯૧૧ ના રોજ પંજાબના જલંધર જિલ્લાના બિયાસ પિંડમાં થયો હતો. તેમણે ૯૦ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય સ્તરે મેરેથોન દોડવાની શરૂઆત કરી હતી.

આ ઉંમરે મેરેથોન દોડવાના તેમના નિર્ણયથી લોકો આશ્ચર્યચકિત થયા હતા. તેમની હિંમત અને દૃઢ નિશ્ચયને કારણે, ફૌજા સિંહ ‘ટર્બન્ડ ટોર્નેડો’ તરીકે પ્રખ્યાત થયા. આ નામે તેમની બાયોગ્રાફી પણ બની છે. ફૌજા સિંહે ૯૦ વર્ષની ઉંમરે પોતાની પહેલી મેરેથોન પૂર્ણ કરી હતી. ૨૦૦૪માં, તેમણે ૯૩ વર્ષની ઉંમરે લંડન મેરેથોન પૂર્ણ કરી હતી. ૨૦૧૧ માં, ૧૦૦ વર્ષની ઉંમરે, તેમણે ટોરોન્ટો મેરેથોન પૂર્ણ કર્યું હતું અને ૧૦૦+ કેટેગરીમાં રેકોર્ડ બનાવ્યો હતો. તેઓ વિશ્વના સૌથી વૃદ્ધ મેરેથોન દોડવીર હતા.

## છૂટાછેડાના મામલામાં પત્નીના કોલ રેકોર્ડિંગને પુરાવો ગણી શકાયઃ સુપ્રીમ

। નવી દિલ્હી, તા.૧૫ ।

સુપ્રીમ કોર્ટે છૂટાછેડાના એક મામલામાં મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે, પત્નની જાણકારી વગર કોલ રેકોર્ડિંગનો લગ્ન સંબંધિત વિવાદમાં પુરાવા તરીકે ઉપયોગ કરી શકાય છે.

આ સાથે સુપ્રીમ કોર્ટે પંજાબ-હરિયાણા હાઈકોર્ટનો એ ચુકાદો ફગાવી દીધો, જેમાં કહેવામાં આવ્યું હતું કે આવું કરવું (કોલ રેકોર્ડિંગ) પત્નીના પ્રાઈવસી અધિકારનો ભંગ છે અને તેને પુરાવા તરીકે માની શકાય નહીં.આ સાથે સુપ્રીમે એમ પણ ઉમેર્યુ કે, લગ્નજીવનમાં પ્રાઈવસીનો અધિકાર પૂર્ણ થઈ શકે નહીં. ઈન્ડિયન એવિડેન્સની કલમ ૧૨૨ અંતર્ગત પતિ-પત્નીની વચ્ચે વાતચીતને કોર્ટમાં જાહેર કરી શકાય નહીં, પરંતુ તલાક જેવા મામલામાં અપવાદ માની શકાય છે. જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે કહ્યુ કે, અમે માનતા નથી કે આ મામલામાં પ્રાઈવસીના અધિકારનો કોઈ ભંગ થયો છે. કલમ ૧૨૨ ફક્ત પતિ-પત્નીની વચ્ચે વાતચીતને ગુપ્ત રાખવાની માન્યતા આપે છે, પરંતુ આ પ્રાઈવસીના બંધારણીય અધિકાર (કલમ ૨૧)થી જોડાયેલો નથી. ઉલ્લેખનીય છે કે, આ કેસ ભટિંડાની એક ફેમિલી કોર્ટથી શરૂ થયો હતો, જ્યાં પતિએ પત્નીની વાતચીતના કોલ રેકોર્ડિંગના આધાર પર છૂટાછેડાની અરજી આપી હતી. કોર્ટે કોલ રેકોર્ડિંગને પુરાવા તરીકે માની લીધું હતું.

# સહકારિતામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા પેક્સ કમ્પ્યુટરીકરણની પ્રક્રિયાને ઝડપથી અમલમાં મૂકવામાં આવી: દિલીપ સાંઘાણી

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ‘‘સહકારથી સમૃદ્ધિ’’ સંકલ્પને સાકાર કરવા માટે કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે કોઈ કસર નથી છોડી. નવા સહકારિતા મંત્રાલયની સ્થાપના બાદ ચાર વર્ષોમાં સહકાર ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ જોવા મળી છે. અમિતભાઈ શાહના નેતૃત્વમાં જ્યાં સહકારિતાની ખામીઓ ઓળખી અને તેમને દૂર કરવાની દિશામાં ઝડપથી પગલાં લેવાયા, ત્યાં બીજી તરફ સહકારિતાને નવી દિશા આપવા માટે નોંધપાત્ર સુધારાઓ કરવામાં આવ્યા. જે ‘‘સહકારિતાની બીજી ક્રાંતિ’’ કહી શકાય એમાં અતિશયોક્તિ નહીં કહેવાય. આ સમયગાળામાં સહકારિતામાં ૬૦ થી વધુ મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. સહકારી સંસ્થાઓનું ડેટાબેસ તૈયાર કરવામાં કેન્દ્રીય મંત્રી શ્રી શાહના નેતૃત્વ હેઠળ મંત્રાલયે અવિરત પ્રયાસો કર્યા છે. મોડેલ ઉપનિયમોથી પેક્સથી લઈને એપેક્સ સુધીમાં સુધારાઓ જોવા મળ્યા છે. દેશમાં સહકારિતાને દરેક ગામ સુધી પહોંચાડવા માટે કુલ બે લાખ વધારાના પેક્સની રચના કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે, જેમાં ખેતી, ડેરી, માછીમારી અને મીઠા પેક્સનો સમાવેશ થાય છે.

સહકારિતામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા માટે પેક્સ કમ્પ્યુટરીકરણની પ્રક્રિયાને ઝડપથી અમલમાં મૂકવામાં આવી છે. સહકારિતાના પુનરોજ્જીવનની કામગીરીમાં શ્રી શાહે રાજ્યોને સાથે રાખી આગળ વધ્યા છે. જૂના સહકારી કાયદાઓમાં યોગ્ય સુધારાઓ



કરીને નવી જોગવાઈ ઓ કરવામાં આવી છે. સહકારિતામાં કાનૂની સુધારાના ભાગરૂપે મલ્ટી-સ્ટેટ કોઓપરેટિવ એક્ટમાં જરૂરી સુધારાઓ કરવામાં આવ્યા છે. સહકારિતામાં ચૂંટણી માટે અલગથી ‘‘મધ્યવર્તી સહકારી ચૂંટણી અધિકરણ’’ ની સ્થાપના કરવામાં આવી છે. પેક્સને સશક્ત બનાવવા માટે વેપાર પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવ્યા છે, જેમાં વિવિધ મંત્રાલયોની યોજનાઓનો સમાવેશ થયો છે. સહકારિતામાં યુવાનોને જોડવા માટે અનેક યોજનાઓ શરૂ કરવામાં આવી છે. સહકારિતામાં તાલીમપ્રાપ્ત કુશળ યુવાનોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે દેશની પ્રથમ ‘‘ત્રિભુવન સહકારી યુનિવર્સિટી’’ ની સ્થાપના કરવામાં આવી છે, જેમાં આ સત્રથી શિક્ષણ કાર્ય શરૂ થવા જઈ રહ્યું છે. આ યુનિવર્સિટી સહકારી વહીવટ, નેતૃત્વ, ઉદ્યોગસાહસિકતા, ડિજિટલ મેનેજમેન્ટ અને નીતિ નિર્માણ જેવા ક્ષેત્રોમાં વિશિષ્ટ અભ્યાસક્રમો દ્વારા વિદ્યાર્થીઓ અને સહકારી કર્મચારીઓને તાલીમ આપશે. આ યુનિવર્સિટી દ્વારા સહકારી બેંક, માર્કેટિંગ સંઘ, રહેઠાણ સમિતિઓ, કૃષિ સેવા સમિતિઓ અને અન્ય ક્ષેત્રોમાં કુશળ માનવ સંસાધનોની જરૂરિયાત પૂર્ણ થશે.

સરકારી ખાંડ મિલોની સમસ્યાઓનો ઉકેલ લાવતી વખતે કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી શાહે તેમને ખાનગી અને જાહેર ખાંડ મિલો સાથે સમાન તકો આપી છે. તેમની ઈક્મ ટેક્સ નીતિને યુક્તિસંગત બનાવી દેવામાં આવી છે અને આર્થિક પડકારો દૂર કરવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય સ્તરે ત્રણ નવી સહકારી સંસ્થાઓ – બીજ, નિકાસ અને ઓર્ગેનિક્સ – ની રચના કરવામાં આવી છે, જે ખેડૂતોની આવક વધારવામાં મદદરૂપ થઈ છે. દેશની અન્ન સલામતીને ધ્યાનમાં રાખી સહકાર ક્ષેત્રે વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ગ્રામ પંચાયત સ્તરે ગોડાઉન બનાવવાની યોજના પર કામ શરૂ થયું છે. પાયલોટ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ પ્રથમ તબક્કાનો આરંભ કરવામાં આવ્યો છે.

ખેડૂતોની મુશ્કેલીઓ ઓછી કરવા માટે સહકારિતા મંત્રાલયે નોંધપાત્ર પહેલ કરી છે. હવે સહકારી સંસ્થાઓને ખેડૂતોના ઉત્પાદનને MSP ભાવે ખરીદવાની જવાબદારી સોંપવામાં આવી છે. નેફેડ અને એનસીસીએફ જેવી સંસ્થાઓ દાળ અને તેલબિયાંને એમએસપી પર ખરીદી રહી છે.

સરકારી પહેલથી સહકારી બેંકોને હવે જાહેર અને ખાનગી બેંકો જેવી સગવડો મળવા લાગી છે. નવી શાખાઓ ખોલવાની મંજૂરી તેમજ વ્યવસાય વિસ્તરણની છૂટછાટ આપવામાં આવી છે. NCDC ના લોન વિતરણમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ચાલુ નાણાકીય વર્ષમાં તેનું લક્ષ્ય લગભગ પોણા બે લાખ કરોડ રૂપિયા છે. જેના પરિણામે સહકારી સંસ્થાઓ આર્થિક રીતે વધુ મજબૂત બની રહી છે. સહકારિતા મંત્રાલયે આ ચાર વર્ષમાં ૬૦ થી વધુ મહત્વપૂર્ણ પહેલો શરૂ કરી છે, જેના લાભ દેશભરની સહકારી સંસ્થાઓને મળી રહ્યો છે.

ભારતમાં સહકારી આંદોલનની સમૃદ્ધ અને પ્રભાવશાળી પરંપરા રહી છે. ખાસ કરીને ગ્રામિણ અને કૃષિ આધારિત અર્થતંત્રમાં આંદોલનના માધ્યમથી વ્યાપક સામાજિક-આર્થિક પરિવર્તન આવ્યું છે. દેશભરમાં હાલમાં ૮.૫ લાખથી વધુ સહકારી સંસ્થાઓ કાર્યરત છે, જેમાં લગભગ ૨૯ કરોડ નાગરિકો સભ્ય તરીકે જોડાયા છે. આ સંસ્થાઓ કૃષિ ઉત્પાદન, ગ્રામિણ નાણાંકીય સેવાઓ, રહેઠાણ, માર્કેટિંગ, ઉપભોક્તા સેવાઓ, ડેરી ક્ષેત્ર, માછીમારી અને અન્ય ઉદ્યોગોમાં સક્રિય ભાગીદારી નિભાવી રહી છે.

## જામનગરમાં સરકારી હોસ્પિટલમાં આડેધડ પાર્કિંગને કારણે ૪ એમ્બ્યુલન્સ ફસાઈ

। (એજન્સી) જામનગર, તા.૧૫ ।

જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલના પાર્કિંગમાં મંગળવારે બપોરે ૧૨ વાગ્યે એકાએક ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાઈ હતી. લગભગ ૨૦ થી ૨૫ મિનિટ સુધી ટ્રાફિક જામ રહેવાના કારણે એક સાથે ચાર એમ્બ્યુલન્સ ફસાઈ જવા પામી હતી. જી.જી. હોસ્પિટલના પરિસરમાં જુના બિલ્ડિંગમાંથી નવા બિલ્ડિંગમાં વોર્ડ ટ્રાન્સફર કરવામાં આવ્યા હોવાથી દાંડિયા હનુમાન મંદિર સામેના પ્રવેશ દ્વારથી તમામ વાહનો પ્રવેશ કરતા હોય છે, જેના કારણે ત્યાં ભારે ટ્રાફિકની સમસ્યા પ્રતિદિન સર્જાય છે.

આ ઉપરાંત અહીં કેટલાક કાર ચાલકો, રીક્ષા ચાલકો વગેરે આડેધડ પોતાના વાહનો પાર્ક કરવામાં આવતાં હોવાથી આ ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. મંગળવારે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ અહીં ચક્કાજામ થઈ જતાં એક પછી એક કુલ ચાર એમ્બ્યુલન્સ દર્દીને લઈને સારવાર માટે જી.જી. હોસ્પિટલ પરિસરમાં પ્રવેશી રહી હતી, પરંતુ તેને આવવા માટેનો કોઈ રસ્તો જ નહોતો.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી આવી પરિસ્થિતિ હોવા છતાં હોસ્પિટલના સિક્યુરિટી ગાર્ડ સહિતના તમામ ગાયબ થઈ ગયા છે.

જેથી ટ્રાફિક ઓછો કરાવવા માટે અહીં કોઈ ન હોવાથી ના છુટકે કેટલાક નાગરિકોએ પોતાના વાહનો છોડીને રસ્તો ક્લિયર કરાવવા માટેની મથામણ કરવી પડી હતી. અંદાજે ૨૦ થી ૨૫ મિનિટ બાદ રસ્તો ખુલ્લો થયો હતો, અને એક પછી એક એમ્બ્યુલન્સ અને વોર્ડ સુધી પહોંચાડવામાં આવી હતી.

## અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરીનું સ્થળાંતરઃ વસ્ત્રાપુરમાં આવેલી સરકારી જિલ્લા પુસ્તકાલય બિલ્ડિંગ બની નવું સરનામું

### જિલ્લાની વિવિધ કચેરીઓ અને પત્રકાર મિત્રો માહિતી કચેરીના કામકાજ માટે લાઇબ્રેરી બિલ્ડિંગના પાંચમા માળે મુલાકાત લઈ શકશે

। અમદાવાદ, તા.૧૫ ।

રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળની અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરીનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લાની વિવિધ કચેરીઓ અને પત્રકાર મિત્રો માહિતી કચેરીના કામકાજ માટે હવેથી નવા સરનામે એટલે કે, વસ્ત્રાપુર ખાતે આવેલા સરકારી જિલ્લા પુસ્તકાલય બિલ્ડિંગના પાંચમા માળે સંપર્ક કરી શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી આ પૂર્વે આંબાવાડી વિસ્તારમાં આવેલા પોલિટેકનિક કેમ્પસમાં કાર્યરત હતી, જેને હવે આ નવા સરનામે ખસેડવામાં આવી છે. જેની નોંધ લેવા અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરીના સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશ દવેની અખબારી યાદીમાં જણાવ્યું છે.

**પત્ર વ્યવહાર માટે નવું સરનામું**

પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ, પાંચમો માળ, સરકારી જિલ્લા પુસ્તકાલય બિલ્ડિંગ, સરકારી વસાહત માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૫૨






રાજભવનમાં લેડી ગવર્નર દર્શનાદેવીજીના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે રાજભવન પરિવાર દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. દર્શનાદેવીજીએ સવારે રાજભવન પરિસરમાં બીલીપત્રનું વૃક્ષારોપણ કર્યું. તેમણે વહેલી સવારે રાજભવનના પ્રાંગણમાં યજ્ઞશાળામાં યજ્ઞ કર્યો. આ દરમિયાન સમાજના સ્વાસ્થ્ય, પર્યાવરણ શુદ્ધિ અને લોકમંગલ માટે પ્રાર્થના કરી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને રાજભવન પરિવારે તેમને શુભેચ્છાઓ પાઠવી.

### છ મહિના બાદ ફરી તસ્કર ટોળકી ત્રાટકી

## ફતેગંજ વિસ્તારમાં નવયુગ સ્કૂલ પાસેના મકાનમાં તસ્કરો ત્રાટક્યા

### સોના ચાર તોલા સોનાના દાગીના અને રોકડા રૂપિયા ૧૭ હજાર સહિતની મતાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા

। (એજન્સી) વડોદરા, તા.૧૫ ।

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં સદર બજાર પાસે આવેલી નવયુગ સ્કૂલ નજીક મકાનમાં રહેતો પરિવાર તેમના અન્ય મકાને ઊંઘવા માટે ગયો હતો. ત્યારે મોડી રાત્રિના સમયે તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. પાછળના દરવાજાથી તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા અને ઘરવખરી સહિતનો સામાન વેરવિખેર કરી નાખ્યા બાદ સોના ચાર તોલા સોનાના દાગીના અને રોકડા રૂપિયા ૧૭ હજાર સહિતની મતાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. સવારે પાડોશી મહિલાએ મકાન માલિકને ચોરી થઈ હોવાની જાણ કરતાં તેઓએ સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવાની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે છ મહિના બાદ ફરી તસ્કર ટોળકી આ વિસ્તારમાં ત્રાટકતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલી નવયુગ સ્કૂલ પાસે રહેતા અમીરુદ્દીન શેખ ટુ વ્હીલરના રિલરિંગનું ગેરેજ ચલાવે છે. તેનાં ઘર પાસે ગેરેજની દુકાન આવેલી છે. દરમિયાન ૧૪ જુલાઈના રોજ તમામ પરિવારના સભ્યો ગેરેજની બાજુના મકાનના દરવાજાને તાળું મારી અન્ય મકાનમાં ઊંઘવા માટે ગયા હતા. તે દરમિયાન મોડી રાત્રિના સમયે બાઈક સવાર ત્રિપુટી ચોરી કરવા માટે ત્રાટકી હતી. આમીરુદ્દીન શેખના મકાનની આગળના દરવાજાની જાડી નહીં તૂટતા તસ્કર ટોળકી પાછળના દરવાજાને મારેલું તાળું નાકુજા સાથે તોડી તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા. ત્યારબાદ તેઓએ ઘર વખરી વેરવેખરી કરી નાખ્યું હતું. ત્યારબાદ તિજોરીમાંથી તોલા સોનાના દાગીના અને રોકડની ચોરી કરીને પલાયન થઈ ગયા હતા. બીજા દિવસે વહેલી સવારે પાડોશી મહિલા જાગી જતા તેઓએ મકાનમાલિકને ચોરી થઈ હોવાની જાણ કરી હતી. જેથી વિક્રમભાઈ તથા અમીરુદ્દીન શેખે પોતાના ઘરમાં આવીને તપાસ કરતા ચાર તોલા સોનાના દાગીના અને રૂપિયા ૧૭૦૦૦ રોકડાની ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું. જેથી અમીરુદ્દીન શેખ દ્વારા સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ શરૂ કરી છે.

## ૧૬ જુલાઈથી વલસાડ-વડનગર એક્સપ્રેસનું આંબલિયાસન સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ

। અમદાવાદ, તા.૧૫ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ૧૬ જુલાઈ ૨૦૨૫ થી ટ્રેન સંખ્યા ૨૦૯૫૯/૨૦૯૬૦ વલસાડ-વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસને આંબલિયાસન સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે વધારાનું સ્ટોપેજ આપવામાં આવી રહ્યું છે તથા મહેસાણા અને વિસનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન ના સમયમાં આંશિક સુધારો કરવામાં આવ્યો છે. જેનું વિગતો નીચે મુજબ છે

- ૧૬ જુલાઈ ૨૦૨૫થી ટ્રેન સંખ્યા ૨૦૯૫૯ વલસાડ-વડનગર સુપરફાસ્ટ એક્સપ્રેસ આંબલિયાસન સ્ટેશન પર ૧૧.૪૭ કલાકે આગમન અને ૧૧.૪૯ કલાકે પ્રસ્થાન કરશે તથા મહેસાણા સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૧૨.૦૪/૧૨.૦૬ ના સ્થાને ૧૨.૧૨/૧૨.૧૪ કલાકે અને વિસનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૧૨.૨૦/૧૨.૨૨ ના સ્થાને ૧૨.૨૮/૧૨.૩૦ કલાકનો રહેશે.
- ૧૬ જુલાઈ ૨૦૨૫થી ટ્રેન સંખ્યા ૨૦૯૬૦ વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ આંબલિયાસન સ્ટેશન પર ૧૭.૪૮ કલાકે આગમન અને ૧૭.૫૦ કલાકે પ્રસ્થાન કરશે.

ટ્રેનોના સ્ટોપજ અને સમય સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## સરખેજ ગાંધીનગર હાઇવે પર ખોડિયાર રેલવે ઓવર બ્રિજ પર વરસાદથી નુકસાન પામેલા રસ્તાનું સમારકામ હાથ ધરાયું

### નેશનલ હાઇવે ૧૪૭ પર ક્ષતિ પામેલા માર્ગો પર હોટ મિક્ષ, વેટ મિક્ષ અને કોલ્ડ મિક્ષ દ્વારા પેચવર્ક અને મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવી

। ગાંધીનગર, તા.૧૫ ।

રાજ્યમાં ચાલુ સીઝનમાં પડેલા સાર્વત્રિક વરસાદના પરિણામે ઘણા સ્થળોએ રસ્તાઓ પર ધોવાણના પરિણામે રોડ રસ્તાને નુકસાની થવા પામી છે. અમદાવાદ શહેર અને જિલ્લામાંથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર નુકસાન પામેલા રસ્તાઓના મરામત માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ અમદાવાદ પેટા વિભાગ દ્વારા તાકીદે કામગીરી હાથ ધરવામાં આવી છે. વરસાદના વિરામ બાદ માર્ગ અને મકાન વિભાગ રાષ્ટ્રીય ધોરીમાર્ગ, અમદાવાદ પેટા વિભાગ દ્વારા દ્રઉ઼ ૧૪૭ સરખેજ ગાંધીનગર હાઈવે પર ખોડિયાર રેલવે ઓવર બ્રિજ ઉપર પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

માર્ગ અને મકાન વિભાગ રાષ્ટ્રીય ધોરીમાર્ગ, અમદાવાદ પેટા વિભાગ દ્વારા NH 147 પર અલગ અલગ સ્થળોએ ક્ષતિ પામેલા રસ્તાઓ પર હોટ મિક્ષ, વેટ મિક્ષ અને કોલ્ડ મિક્ષ દ્વારા



પેચવર્ક અને માર્ગ મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

આ કામગીરીમાં જેસીબી, રોલર, ડમ્પર સહિતના સાધનો સાથે ટીમોએ સતતપણે કામગીરી કરીને રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH 147 પર નુકસાન પામેલા રોડ રસ્તાઓને ઝડપથી રીપેર કરવા કામગીરી હાથ ધરી હતી.

### અન્ય રસ્તાની બન્ને બાજુ પર નડતર રૂપ ગાંડા બાવળ દૂર કરવાની કામગીરી પૂરજોશમાં

## અમદાવાદ જિલ્લામાં માર્ગ અને વિભાગ પંચાયત હસ્તકના કુલ ૩૨ રસ્તાઓ પર પેચવર્કની કામગીરી પૂર્ણ કરાઈ

। અમદાવાદ, તા.૧૫ ।



રાજ્યના નાગરિકોને અવરજવરની સુવિધામાં મુશ્કેલી ન પડે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશો મુજબ અમદાવાદ જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત રસ્તાઓનું યુદ્ધના ધોરણે સમારકામ માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા વેગવંતુ બનાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત, હાલ ચોમાસામાં વધુ વરસાદના લીધે અનેક રસ્તાઓને નુકસાન થયું છે ત્યારે માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) દ્વારા અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તકના દરેક તાલુકાના રસ્તાઓ પર થયેલ નુકસાનીનો સરવે કરી, નાગરિકોને અગવડ ન પડે તે માટે આ રસ્તાઓ યુદ્ધના ધોરણે રિપેર કરવા તાંત્રિક સ્ટાફ સતત કામગીરી કરવામાં આવી રહી છે.

અમદાવાદ જિલ્લામાં માર્ગ અને વિભાગ પંચાયત દ્વારા આજ દિન સુધી દસક્રોઈ, ધોળકા, ધંધુકા, ધોલેરા, વિરમગામ અને માંડલ તાલુકાના સર્વે કરાયેલ રસ્તાઓ પૈકી કુલ-૩૨ રસ્તાઓ પર પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમજ એક રસ્તા પર ડામરપેચની કામગીરી ચાલુ છે. ઉપરાંત અન્ય એક રસ્તાની બન્ને બાજુ પર નડતરરૂપ ગાંડા બાવળ દૂર કરવાની કામગીરી પૂર્ણ થઈ છે અને ૩ જેટલાં રસ્તાઓ પર કામગીરી પ્રગતિમાં છે તથા અન્ય રસ્તાઓમાં પેચવર્ક અને બાવળ કટિંગની કામગીરી પૂરજોશમાં ચાલુ છે. આ કામગીરીમાં જેસીબી, ડમ્પર, ટ્રેક્ટરનો ઉપયોગ કરી મજૂરો દ્વારા સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમ અમદાવાદ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા જણાવાયું છે.

## અમદાવાદ આરપીએફની ઉલ્લેખનીય પહેલઃ મજૂરી માટે લાવવામાં આવેલા ૧૧ સગીરોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા

। અમદાવાદ, તા.૧૫ ।



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર ચલાવવામાં આવી રહેલા "માનવ તસ્કરી વિરોધી" અભિયાન હેઠળ, તારીખ ૧૪.૦૭.૨૦૨૫ ના રોજ સમય ૧૧.૩૦ વાગ્યે અમદાવાદ રેલ્વે સ્ટેશન પર એક સંયુક્ત ચેકિંગ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

આ અભિયાનમાં આરપીએફ અમદાવાદના એસઆઈપીએફ ચેતન કુમારે તેમના સ્ટાફ કેશુ ભાઈ ચૌધરી, રમેશ ભાઈ રબારી, નરેન્દ્ર ચૌધરી, રાકેશ સિંહ ચૌહાણ, એનજીઓ ના સ્ટેટ કોઓર્ડીનેટર શ્રી ઇન્દ્રજીત સિંહ, અમદાવાદ શાખાના અધિક્ષક ઘનશ્યામ પ્રજાપતિ અને બચપન બચાવો આંદોલન (બીબીએ) ના સ્ટેટ કોઓર્ડીનેટર અને પશ્ચિમ ઝોનના નોડલ અધિકારી શીતલ પ્રદીપ અને દામિની પટેલે ભાગ લીધો હતો. સંયુક્ત પ્રયાસના ભાગ રૂપે, ટ્રેન નંબર ૧૯૪૩૬ આસનસોલ-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસના અમદાવાદ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૦૭ પર ૧૧.૩૫ વાગ્યે આગમન દરમ્યાન જનરલ ક્લાસ કોચની તપાસ કરવામાં આવી. આ તપાસ દરમિયાન, ઝારખંડ, બિહાર અને પશ્ચિમ બંગાળથી મજૂરી માટે લાવવામાં આવેલા ૧૦ છોકરાઓ અને ૦૧ છોકરી સહિત કુલ ૧૧ સગીર બાળકો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા, જેમને રેસ્ક્યૂ કરવામાં આવ્યા. આ કેસમાં કોઈ ધરપકડ કરવામાં આવી નથી. વધુ તપાસ અને કાનૂની કાર્યવાહી માટે તમામ બાળકોને GRP અમદાવાદને સોંપવામાં આવ્યા છે.

પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળ દ્વારા "માનવ તસ્કરી વિરોધી" અભિયાન હેઠળ આ મહત્વપૂર્ણ કાર્યવાહી એક પ્રશંસનીય અને જાગૃતિ-સંવેદનશીલ પહેલ છે, જે બાળ તસ્કરી સામેના નક્કર પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

### અમદાવાદ પોલીસ કમિશનરશ્રીની કચેરી ખાતે ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ

## ક્રાઈમ કોન્ફરન્સમાં પોલીસની કામગીરી, શહેરમાં બનેલ ગુના તેમજ CCTV કેમેરા પ્રોજેક્ટની સમીક્ષા કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ પોલીસ કમિશનરશ્રીની કચેરી ખાતે ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. અમદાવાદ શહેરના તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રી તથા તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓ આ ક્રાઈમ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સમાં પોલીસની કામગીરી, શહેરમાં બનેલ ગુના તેમજ CCTV કેમેરા પ્રોજેકટની સમીક્ષા કરવામાં આવી હતી. ક્રાઈમ કોન્ફરન્સમાં જણાવ્યા અનુસાર, શહેરમાં એકંદરે ગુનાખોરી કાબૂ હેઠળ છે. જેમાં જૂન માસ સુધીમાં કુલ પહેલા ભાગના ગુના જોતા, વર્ષ ૨૦૨૩ જૂન માસ સુધીના પહેલા ભાગના ગુના ૬૫૩૪ હતા. તેવી જ રીતે, વર્ષ ૨૦૨૪ જૂન માસ સુધીના પહેલા ભાગના ગુના ૫૦૭૫; જ્યારે વર્ષ ૨૦૨૫ જૂન માસ સુધીના પહેલા ભાગના ગુના ૪૮૫૩ છે. આ પ્રમાણે એકંદરે પહેલા ભાગના ગુનામાં ઘટાડો નોંધાયો છે. પોલીસ કમિશનરશ્રી દ્વારા મે, ૨૦૨૪માં અમદાવાદ શહેરમાં CCTV કેમેરા લગાડવા માટે તમામ થાણા અમલદારશ્રીઓને હુકમ કરવામાં આવ્યો હતો કે, તેઓ લોકસંપર્ક કરી CCTV કેમેરા લગાડવા માટે, લોકોને CCTV કેમેરાનું મહત્ત્વ સમજાવી લોકોને પ્રોત્સાહિત કરી વધુમાં વધુ CCTV કેમેરા લગાવવા સૂચના કરવામાં આવી હતી. હાલમાં જૂન ૨૦૨૫ સુધીમાં લોકભાગીદારીથી કુલ ૨૨,૭૭૪ CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે.

### દેશમાં રેલવેનો નવો નિયમ લાગુ

## આધાર OTP વગર તત્કાલ ટિકિટ બુક નહીં થાય

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ભારતીય રેલવેમાં મુસાફરી કરતા લોકો હંમેશા તત્કાલ ટિકિટ બુક કરે છે. તત્કાલ ટિકિટ સાથે જોડાયેલ નિયમમાં એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ૧ જુલાઈથી રેલવેએ તત્કાલ ટિકિટ બુકિંગના આધાર કાર્ડ ઓથેંટિકેશનને જરુરી કરવામાં આવ્યું હતુ. હવે આઈઆરસીટીસીની વેબસાઈટ અને એપ દ્વારા ઓનલાઈન તત્કાલ ટિકિટ બુકિંગ માટે આધાર ઓટીપી જરુરી થવા જઈ રહ્યું છે. તો ચાલો જાણીએ કે, કેમ જરુરી છે આ નિયમ, આ નિયમમાં ફેરફાર કરવામાં આવતા શું ફાયદો થશે?

પહેલા એવું જોવા મળ્યું હતુ કે, તત્કાલ ટિકિટ બુક કરવાનો સમય શરૂ થતાં જ બધી ટિકિટો વેચાઈ જતી હતી. આ ઘટના દલાલો અને નકલી એજન્ટો દ્વારા ખોટા માધ્યમથી ટિકિટ બુક કરાવવાને કારણે બની હતી. આ કારણે, સામાન્ય મુસાફરો માટે તત્કાલ ટિકિટ બુક કરાવવી લગભગ અશક્ય બની ગઈ હતી.

આ સમસ્યાના ઉકેલ માટે નવા નિયમો લાવવામાં આવ્યા છે. ટિકિટ બુક કરાવતી વખતે આધારનો ઉપયોગ કરીને, ટિકિટ કોણ બુક કરાવી રહ્યું છે. તે જાણી શકાશે અને ટિકિટ ફક્ત તે વ્યક્તિને જ આપવામાં આવશે જેનો આધાર તેના IRCTC એકાઉન્ટ સાથે લિંક થયેલ છે. આ સિસ્ટમમાં બીજી ખાસ વાત એ છે કે એજન્ટો પ્રથમ ૩૦ મિનિટ સુધી ટિકિટ બુક કરી શકશે નહીં. આનાથી સામાન્ય લોકોને ટિકિટ મળવાની શક્યતા ઘણી વધી જશે.તમને જણાવી દઈએ કે, આજથી આઈઆરસીટીસી દ્વારા ટિકિટ બુક કરવા માટે આધારને તમારા આઈઆરસીટીસી અકાઉન્ટ સાથે લિંક કરવું જરુરી છે. તમારો આધાર તમારા IRCTC અકાઉન્ટથી જરુર લિંક કરી લેવું જોઈએ. ત્યારબાદ તમે ટિકિટ બુક કરી શકશો.

### સાબર ડેરીમાં ઘર્ષણનો કેસ

## પૂર્વ MLA જશુ પટેલ સહિત ૭૪ લોકો સામે નામજોગ, તથા ૧ હજારના ટોળાં સામે FIR

। (એજન્સી) હિંમતનગર, તા.૧૫ ।

સાબરકાંઠામાં સાબર ડેરી દ્વારા પશુપાલકોને ભાવ ફેર ઓછો ચૂકવવાના મામલે મોટી સંખ્યામાં પશુપાલકોએ ડેરી સામે દેખાવો કર્યો હતો. પોલીસ અને પશુપાલકો વચ્ચે અથડામણ સર્જાયું હતું. જેમાં પશુપાલકો દ્વારા પોલીસ ઉપર પથ્થરમારો કરાતાં પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. સાબર ડેરીમાં ઘર્ષણ મામલે પૂર્વ ધારાસભ્ય જશુ પટેલ સહિત ૭૪ લોકો વિરુદ્ધમાં નામજોગ અને ૧ હજાર ટોળા સામે FIR નોંધાવામાં આવી છે. સમગ્ર મામલે પોલીસે ૪૭ શખ્સોની અટકાયત કરી છે. હિંમતનગરના ડિવિઝનના DySP એ જણાવ્યું હતું કે, 'સાબરડેરી ખાતે ભાવફેરને લઈને મોટી સંખ્યામાં એકત્ર થયેલા ટોળાનું પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. જેમાં ટોળા દ્વારા પોલીસ વાહનો, સાબરડેરીના ગેટ, ગ્રીલ સહિત નુકસાન પહોંચાડ્યું હતું. આ ઉપરાંત ટોળાએ પથ્થરમારો કરતાં કેટલાક પોલીસકર્મીને ઈજા પહોંચી છે. સમગ્ર ઘટના દરમિયાન અશોકભાઈ નામના વ્યક્તિનું મોત નીપજ્યું હતું.' પોલીસ ફરિયાદ મુજબ, બાયડના પૂર્વ ધારાસભ્ય જશુ શીવાભાઈ પટેલ અને ધર્મેન્દ્રસિંહ નટવરસિંહ જેતાવત પર લોકોને ઉશ્કેરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સાબર ડેરીના ચેરમેન અને ડિરેક્ટરોએ ઓછો નફો ચૂકવી પશુપાલકો સાથે છેતરપિંડી કરી હોવાને લઈને જશુભાઈ અને ધર્મેન્દ્રસિંહે સોશિયલ મીડિયા મેસેજ ફેલાવ્યા હતા.